
કુમાર

અષાઢ ૧૯૮૪



અંક ૫૫

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી રવિશંકર રાવળ



વી ર પ સ લી અં ક

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પણ આ વર્ષે શરૂઆતના ત્રણ અંક ખુટતા હોવાથી રૂા. ૪-૮-૦ લવાજમ લઇ ચૈત્રથી નવ માસ માટે ગ્રાહક નોંધાય છે. **લેખકો:** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



કચ-દેવયાની

(બે તક્તી-ચિત્રો — ચિત્રકાર : કનુ દેસાઇ — વિગત માટે જુઓ આ અંકમાં ફુલવાડી વિભાગમાંનું કાવ્ય ‘ દેવયાની ’.)

કુમાર અષાડ ’૮૪ના અંકનું મુખચિત્ર

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું
માનવતા મહત્તા ને મનોરથોનું માસિક

વર્ષ ૫ — અંક ૭ ❀ અંક ૫૫ મો ❀ અષાડ — ૧૯૮૪



આષાઢી મેઘ

: વસંતતિલકા—સૉનેટ :

સંસારના સભર જીવનમિત્ર મેઘ !
પૃથ્વી હિમાચલ થકી ગરવા વિશેષઃ
પ્રાણાર્પણે પરમ કૃષ્ણ સમો પધારે
ત્યારે દુઃખી સકળ લોકવિહાર રાચે.

કે વજ્રમંડિત અઘોર વિલોલબાહુ,
તું વીર શો દમકતો વિકરાલ અંગ;
ચાલી રહે દિશદિશે તુજ પ્રાણવાયુ,
ત્યારે તને નિરખતાં નમીએ, પ્રચંડ!

તોડી વછોડ જગ ચેતનહીન શાન્તિ,
હૈયે વહી પ્રગતિની ચમકાવ કાન્તિ;
તારી ઉઘાડ ઘન! નિર્મલ વ્યોમવૃષ્ટિ,
ગોરંભતી ખિલવ આ અમ ચિત્તસૃષ્ટિ.

ઓ દિવ્ય! ફૂંક રસમંત્ર સ્વતંત્રતાનો,
ને સ્થાપ રાષ્ટ્રભર આત્મપ્રભાવ છાનો.

દેશળજી પરમાર



ગુજરાતના સુપ્રસિદ્ધ વિજ્ઞાનવેત્તા ડૉ. ક્રાન્તિલાલ છ. પંડ્યા સાથે વાત નીકળી કે ગુજરાતમાં વિજ્ઞાન વિષે લોકોનું બહુ અજ્ઞાન છે. વિજ્ઞાનનાં પરિણામો આજે આપણે ગૅસ, વિજળી અને યંત્રો દ્વારા ભોગવતા થઇ ગયા છીએ; છતાં તેના પ્રકારો કે કારણો સમજવા કે સમજાવવા કોઇ તકલિફ લેતું નથી. વિજળીથી ટ્રામો ચાલે છે, સંચા ચાલે છે, ચાંપ દબાવતાં માઇલો સુધી ક્ષણમાં રોશની ઝબકી ઉઠે છે; તારનાં દોરડાં વિના હવામાંથી રેડિયો મારફત વાતચિત, ગાયન, ખબરો વગેરે સંભળાય છે; શહેરો, ગામડાં અને જંગલો ઉપર એરોપ્લેનો ઉડે છે;—આવાંઆવાં વિજ્ઞાનનાં સાહસો પાછળનાં યૂરોપની પ્રજાનાં અભ્યાસ, શૉખ, ધુન અને વ્યાપક શિક્ષણનું દર્શન કેટલા કરી શકે છે?

અત્યારે ચાલુ કેળવણી પામેલા આપણા માણસોમાંના કેટલા આ વિજ્ઞાનના સાદામાં સાદા નિયમો પણ સમજે છે? વિજ્ઞાનનું સ્વરૂપ પ્રજાને સમજાવી શકાય તે માટે અમારા એ વિદ્વાન મિત્રે એક સુંદર દરખાસ્ત મુકી છે: કે વર્ષના અમુક ભાગમા વિજ્ઞાનસપ્તાહ ઉજવવું. શરૂઆતમાં મોટાં મુખ્ય શહેરોમાં કેટલાક અધ્યાપકો અને પ્રયોગશાસ્ત્રીઓ પ્રેક્ષકોને વ્યવહારમાં આવતા વિજ્ઞાન પર ક્રમવાર પ્રયોગો સાથે ભાષણો આપે. એ ભાષણોની પદ્ધતિ પર યુવાન વિદ્યાર્થીઓ ઘરોમાં, શેરીઓમાં અને ગામડેગામડે વિજ્ઞાનનો પ્રચાર કરે.

અમે અંતઃકરણથી આ સુંદર સુચનાને વધાવી લઇએ છીએ અને તમામ યુવાન આલમને વિનવીએ છીએ કે તમારાં મંડળોમાં ખોટી ચોવટો અને ચર્ચાખોરી કરવી પડતી મુકી સક્રિય જ્ઞાનપ્રચારનાં આવાં કામમાં લાગી જાઓ. અમુક ધોરણોવાળા જ વિજ્ઞાનમાં ભાગ લઈ શકે અને અમુક ન લઇ શકે એવા ભેદ પડતા મુકી આબાલવૃદ્ધ—સ્ત્રીઓ સુદ્ધાંને વિજ્ઞાનના સાદા પ્રકારો જોવા સમજવાની તક આપો. **તમે જ્યારે બીજાને જ્ઞાન આપવાની તૈયારી કરશો ત્યારે જ તમારામાં ખરા જ્ઞાનનો ઉદય થશે; તો જ તમારો અભ્યાસ તમારામાં સજીવન રહેશે.**

પણ આજે એક બીજો પોકાર આજીવિકાનો છે. યુવાન વિદ્યાર્થીઓ છેલ્લી પરીક્ષા આપતા હોય છે ત્યાં સુધી તેઓ કહી શકતા નથી કે શા માટે તેઓ આટઆટલું ભણતર ભણ્યા છે? પણ પરીક્ષાનું છેલ્લું પરિણામ બહાર પડે છે કે તરત જ તેમની સામે આ ભયંકર સવાલ ખડો થાય છે ને કૉલેજની મઝાઓ, દુનિયા તરફની બેપરવાઇ તથા છેલબટાઉપણું એકદમ ઓગળી જાય છે. તેમને કોઇ તૈયાર નોકરી ન મળી જાય તો તેમનામાં જાતમહેનતથી એક દિવસની રોજી રળવા જેટલી પણ શક્તિ હોતી નથી. તેમનાં અંગત ખર્ચ એટલાં વધી ગયાં હોય છે કે થોડા પગારની નોકરીમાં તેઓ નિભાવ કરી શકતા નથી. વળી નોકરી કરવામાં પણ તેઓ પુરી લાયકાત બતાવી શકતા નથી. આઠ કલાકની હાજરી જ તેમને આકરી પડે છે, ત્યાં સ્થિરતાપૂર્વક એટલા સમયનું સંગીન કામ તો શાના જ આપી શકે? આથી ઘણા શેઠો પોતાની પેઢીમાં ગ્રૅજ્યુએટો લેતાં અચકાય છે. તેમની છાપ જ એવી હોય છે કે તેઓ સાદું મહેનતનું કામ કરતાં શરમાય છે, પોતાના જેવી ડિગ્રી વિનાનાં માણસોના સંગમાં ભળી શકતા નથી અને ઉપરાંત તેમના અનુભવની કચાશ તથા કામની અનાવડતથી પેઢીને ભારરૂપ લાગ્યા કરે છે.

શાળા કે વિદ્યાલયમાંથી છુટેલા તાજા વિદ્યાર્થીને બજારમાં ભાવોની તપાસ કરતાં શરમ લાગે છે; દસ ઠેકાણે ધક્કા ખાઇ ખાતરી કરતાં આળસ થાય છે; પોતાની જાતીય વ્યવસ્થા, સુઘડતા કે નિયમન જાળવવાની દરકાર હોતી નથી; અને પોતાની કેળવણી તથા કહેવાતી સંસ્કારિતાનું મિથ્યાભિમાન એટલું હોય છે કે તેમની કોઇ ટીકા કરે તે સહેવાતી નથી; ખોટી સુંવાળપ એટલી બધી હોય છે કે કડવા અનુભવોથી હારી ખાય છે; તેમાંથી મેળવવાની ધીરજ અને દઢતા હોતી નથી. દરેક હોશિયાર અને ઘડાએલા માણસને પુછશો તો કહેશે કે સારા પ્રતાપ ફલાણા ભાઇના કે તેમણે મને ટપલાં મારીને માણસ બનાવ્યો. એ ટપલાં કે ટોણા જે ખમી શકે ને તેના સાર ગ્રહણ કરી શકે તે જ ખરો માણસ બનવાનો. દુનિયા એવો જ માણસ માગે છે. બીજાને માટે તે જગ્યા નથી કરવાની,—કદિ નથી કરવાની.

શાળા કે કૉલેજ છોડેલા જુવાનમાં માણસ બનવાની આ તાલીમ બાકી જ રહેલી હોય છે; એટલે પછીન બીજાં બે કે ત્રણ વર્ષ જેઓ આ આકરી ડિગ્રી પસાર કરવામાં પાછા પડે છે તેઓ જીંદગી આખી પાછળ જ રહે છે આપણી નજર આગળ આપણે કડિયા સુતાર, લુહાર, સોની કે કોઇપણ ઉદ્યમ માણસને ગ્રૅજ્યુએટ કરતાં વધારે કમાણ કરતા જોઇ તેમની અદેખાઇ કરીએ છીએ પણ તપાસતા નથી કે તેઓ જેટલ કલાક કામ કરે છે તે બધો વખ તેમનો હાથ એકસરખું કામ આપ

જ કરે છે. તેઓ વખતસર ધંધા પર હાજર થાય છે અને બધો વખત કામ વ્યવસ્થિતપણે આગળ જ વધતું જાય છે. એકપણ ખોટી ગોઠવેલી ઇંટ, એક પણ કાટખુણો તપાસ્યા વિના મુકેલું લાગડું કારીગરો નિભાવી નહિ શકે.

ભણતર નોકરી માટે જ હોય તો ભણતરની કંઈ જ કિંમત નથી. ભણતરથી મળેલા સંસ્કાર માણસ ઉદ્યમમાં નાખી તે ખીલવે તો જ તે અનેકગણું મૂલ્ય પામે છે. આપણે ત્યાં જ્યાં હજુ સેંકડે દસ જ માણસો ભણેલાં છે ત્યાં વિચાર કરો કે બાકીનાં નેવું માણસો શી હિંમતથી પોતાનો સંસાર ચલાવી રહ્યાં હશે. તમારૂં ભણતર તમારામાં આટલી યે હિંમત ન લાવી શક્યું હોય તો તમારી કિંમત એ નેવુંમાંથી યે ગઇ માનો. પેલો ફેરી કરનારો જુઓ; વૉશિંગ કંપની કાઢનારો જુઓ; દુધ દહીં વેચનારો જુઓ; કાગળ-કાપડ વેચનારા જુઓ;—એ બધામાંથી કોણે પરીક્ષાનાં સર્ટિફિકેટો પર ધંધા માંડ્યા છે?

કૉલેજના અભ્યાસમાં સાહિત્ય લઈ નીકળેલા ગ્રૅજ્યુએટો રાત્રિશાળાઓ કાઢે અને દિવસે ઉદ્યમ કરતા લોકોને કેળવણીની સગવડો કરી આપી સાથે પોતાની કમાઇ પણ મેળવી શકે; સસ્તી શાળાઓ કાઢી ગરીબ પ્રજાને કેળવણી લેવામાં મદદ કરે; નાનાં બાળકો માટે ટુંકા વખતની નાની શાળાઓ પોળોમાં ચલાવે. આ બધાંમાં જેટલી સાચી જાતમહેનત અને પ્રામાણિકપણું બાળવશે એટલો બદલો મળવાનો જ.

વિજ્ઞાન શીખેલા ગ્રૅજ્યુએટો દેશના ઘણા ઉદ્યોગહુન્નરોને મદદ કરી શકે. કોઇ પોતાની બુદ્ધિથી બળતણ ઓછું બળે એવા ચુલા બનાવી શકે; ગૃહકાર્યમાં કરકસર થાય એવાં સાધનો બનાવી કે સૂચવી શકે; કપડાં ધોવાનાં કોઇ સરળ યંત્રો કે રસાયણો પ્રજાને આપે તો પુષ્કળ લાભ થાય; જમીન પર કે છત પર લગાવવાનાં પ્લાસ્ટરો આપણી ભૂમિની ચીજોમાંથી બનાવવાની પણ ઘણી તક છે; લાકડાં સડતાં અટકાવી શકાય એવાં સસ્તાં પ્રવાહીઓ હજી નીકળ્યાં જ નથી; છાપખાનાની શાહીઓ સુકાવાથી ઘણો બગાડ થાય છે, તેમાં નાખવાનું કોઇ રસાયણ શોધતું નથી; હવાના પલટા સામે ટક્કર ઝીલતાં સરેસનાં રોલરો પણ હજુ બનતા નથી; મુરબ્બા કે

આવતો મહીનો

અધિક માસ હોઇ અંક બંધ રહેશે. શ્રાવણ અંક બીજા શ્રાવણની પુનમ લગભગ બહાર પડશે.

અથાણાં બગડે જ નહિ એવી ખાતરી આપતા મસાલા જોઇએ છે; દુધમાંથી નીકળતું કેસીન જે જથ્થાબંધ પરદેશ ઉપડી જાય છે તે અહીં ને અહીં રાખી કોઇ તેમાંથી ઉપયોગી ચીજોના ઢાળા, રમકડાં કે પુતળાં કરી આપે તો તે ખપે; રમકડાંમાત્ર અત્યારે પરદેશી આકાર અને ઢબનાં બનીને આવે છે. આપણા જ દેશનાં રમકડાં કરવાનાં નાનાં યંત્રો કે સાધનોની જરૂર છે; હવાપાણી અને ઉધઇથી વાંસના તાપડા બચાવી લાંબો વખત વાપરી શકાય તો ઝુંપડાં સસ્તાં થઇ પડે; રાળ, લાખ, આપણા દેશની વિવિધ માટી, પત્થર, લાકડાં વગેરે પુષ્કળ પદાર્થોમાંથી અનેક ઉપયોગો વધારી તથા નિપજાવી શકાય.

યુવાનો! તમારી વિદ્યા અને બુદ્ધિને કાટ ખવડાવવા કરતાં ક્યાંક કામે લગાડો. ટેબલખુરસીની જ નોકરીનો લોભ ન રાખતાં કોઇપણ જાતની જહેમતવાળી જીંદગી ઉપાડો. યુવાનીમાં તમે જે ઉપાડશો તેમાં પાર પડી શકશો; યુવાની બીજીવાર મળશે નહિ અને પાછલી જીંદગીમાં નવા પ્રયોગો થશે નહિ. માટે કેડ કસો અને કામે લાગી જાઓ.

આપણી ખેતી, ઢોરઉછેર, વણાટ, રંગકામ, સુતારકામ, લુહારકામ, કંસારાનો ધંધો, વૈદક, વહાણવટું, શરાફીશાહુકારી વગેરે આપણું જુનું રાષ્ટ્રીય જીવન આપણે જ્યાંથી અવગણ્યું ત્યાંથી ફરી શરૂ કર્યું હોત, અને બધી કોમનાં બાળકોને એમાં ખેંચ્યાં હોત તો એ જ મહાન રાષ્ટ્રીય જાગૃતિ થઇ પડત. પણ આપણે તો અંગ્રેજો પાસેથી અશ્રદ્ધાની બક્ષિશ મેળવી અંગ્રેજી ન ભણવા પામેલા વર્ગો ઉપર અવિશ્વાસ જ કર્યો.

. . . સાચું જોતાં કેળવણીમાં સંસ્કારની કેળવણી અને ઉદ્યોગની કેળવણી એવો ભેદ જ કરવો જોઇએ નહિ. જો રાષ્ટ્રમાં સામર્થ્ય કેળવવાની ઇચ્છા હોય, તેજસ્વિતા જગાડવી હોય, દીર્ઘોદ્યોગ ખીલવવો હોય તો અક્ષર અને હુન્નર એ બેને વિખુટા ન જ પડાય. ઔદ્યોગિક કેળવણીથી શરીર કેળવાય છે, ઇંદ્રિયોનો વિકાસ થાય છે, આર્થિક મુંઝવણ દૂર થાય છે, સ્વાશ્રય શક્ય થાય છે વગેરે લાભો તો છે. પણ એનો મુખ્ય લાભ ચારિત્રની તેજસ્વિતામાં રહેલો છે. ઔદ્યોગિક કેળવણી લેતી પ્રજા ચારિત્રસંપન્ન ને ટેકીલી થાય છે. તેનો એ લાભ આપણે પુરતો ધ્યાનમાં લીધો નથી.

. . . ગરીબ, લુંટાએલી ને આળસુ પ્રજાને સજીવન કરવી હોય, તો તેની શરૂઆત તેને વધારે ને વધારે શ્રમજીવી બનાવવાથી કરવી જોઇએ. ઉદ્યોગ એ સાર્વવર્ણિક વિશ્વધર્મ છે. કેળવણીમાં એને આદ્ય અને પ્રધાન સ્થાન હોવું જોઇએ. સાચા સંસ્કાર તે ઉદ્યોગના. જેને આપણે આજે સંસ્કારિતા તરીકે ઓળખીએ છીએ તે ઘણે ભાગે ઉપરનો શણગાર છે. સાચી સંસ્કારિતાનાં હાડપિંજર તો ઉદ્યોગ ને તેની સાથે આવતી ઉદારતા જ છે. ઉદ્યોગના કલેવરમાં જ્ઞાનનો પવન ફુંકો ને પ્રેમભાવનું ચૈતન્ય રેડો, એટલે પ્રજાકીય કેળવણીનો અવતાર થયો.

(નવજીવન) **દ. બા. કાલેલકર**

ગુજરાતનું શરીર

લેખક: 'સૈનિક'



વીસમી સદીની શરૂઆતથી ગુજરાતે શારીરિક કેળવણીના પોકારો પાડયા છે, છતાં આજે એ કેળવણીનાં બીજ જમીન ફોડી બહાર નીકળ્યાં નથી. શારીરિક કેળવણીની જેટલી જરૂરિયાત દેખાડાઈ છે તેટલી દરકાર શરીર કેળવવા પાછળ નથી લેવાઈ.

ગુજરાતનું શરીર નબળું છે. એ નબળાઈ ગુજરાતનાં હવાપાણીની અસરને લીધે છે એમ મનાતું આવ્યું છે. ગુજરાતની હવા નીરોગી ખરી, ગુણકારક નહિ. ગુજરાતમાં દક્ષિણના ડુંગરાઓની હારમાળા નથી; કચ્છના રણની રેતી નથી; ઉછળતી નદી કે મહાસાગરનાં મોજાં નથી. એને લીધે પ્રજામાં મહારાષ્ટ્રની સાહસિકતા નથી, કચ્છની કઠોર સહનશીલતા નથી કે જોખમમાં ઝંપલાવવાની વહાણવટીની તાકાત નથી. સ્વતંત્રતાની ઉપાસના સામર્થ્યથી જ થઇ શકે. સ્વતંત્રતાનો વાસ પહાડ કે પાણીમાં છે તેટલો બીજે નથી. ઇંગ્લાંડ, સ્વિટ્ઝર્લાંડ, અરબસ્તાન આંખ આગળ તરે છે. જેટલે અંશે જીવનું જોખમ તેટલે અંશે તેની સામે થવાની શક્તિ.

ગુજરાતનું શરીર સુકાતું જાય છે; એનું સૌંદર્ય શુષ્ક થયું છે; એની યુવાનીને એબ સંતાડવા શણગાર સજવા પડે છે. દુધની તર જેવા ઉંચા વર્ગોમાં આ ક્ષય વધારે છે. સોનું હત તો કટાત નહિ. કટાતું લોખંડ ચળકે નહિ.

ગુજરાતનું હૃદય પોચું છે. ઇતિહાસમાં હિંદના બીજા ભાગોએ ઘા સહ્યા છે; ગુજરાતે તો ફક્ત ઉઝરડા જ ખમ્યા છે. મુસલમાનની તલવારને મ્યાન થયે બસો વર્ષ પુરાં થયાં છતાં હજુ ગુજરાતમાં મુસલમાનનો ડર છે. ચરોતરની સુંદર વાડીઓ આજે પરદેશી પઠાણો સાચવે છે. ઘરની શાંતિ બીજાની દયા ઉપર જીવે છે.

ગુજરાતની આંખમાં તેજ નથી; તેથી જ તે બીજાના તેજમાં અંજાય છે. ગુજરાતની ચાલમાં છટા નથી; એટલે જ બીજાના કદમથી તે ધ્રુજે છે. ગુજરાતમાં ધમધમાટ નથી, શાંતિ છે; પણ તે સ્મશાનશાંતિ છે. એના આનંદ-ઉત્સવોમાં ઉલ્લાસ નથી, કારણ પ્રમાદથી એની આંખો મીંચાય છે.

ગુજરાત હિંદુસ્તાનનું ગુલિસ્તાન છે; પણ એનાં ખરાં ગુલાબ તો ખરી ગયાં છે. અત્યારના ગણ્યાગાંઠ્યા હૃષ્ટપુષ્ટ યુવાનો એ ગુજરાતના અલંકારો ખરા; પણ ગુજરાતનું શરીર નહિ. રાખમાં રહી ગએલા કોઇ સળગતા અંગારા માત્ર.

આપણું શરીર અફઘાન પ્રજા જેવું હોય; દમામ રશિયન કોઝેકનો હોય અને તાલીમ અંગ્રેજી હોય; આપણો ખોરાક ગમે તેવો હલકો હોય, આપણા વિલાસનું સ્થાન ભલે કાશ્મીરની ખીણ કે કૈલાસની ટોચ હોય; પણ આપણે જીંદગી મુઠીમાં લઇને ચાલીએ. આપણી રમતગમત અને મોજ પળેપળ મૃત્યુની આંખ નીચે રહે. તો જ આ હાડપિંજર જેવાં શરીર પરમેશ્વરને વસવાલાયક મંદિર બનવાનાં છે.

વહાણવટું કરનાર શરીરની સાથે કોઇની તુલના ન થાય. તેથી બીજે નંબરે પહાડી ભૂમિ કે રેતાળ રણમાં વસનાર આવે. ખલાસી અને લશ્કરી સિપાઇની સરખામણીથી સરસ ખ્યાલ થશે. મીલમજુર અને દરિયાની ગોદીના મજુરો વચ્ચેનો તફાવત તપાસો. એ ફેર તે જીવનનો ફેર. જબરામાં જબરાં પ્રાણીઓ જંગલ કે સાગરના પેટમાં જ વાસો કરે છે. પાણીદાર ગુજરાતીઓ નદીની ભેખડોમાં વસે છે.

ગુજરાતમાં ભુખથી મરનાર કરતાં ચોખ્ખી હવા ન મળવાથી મરનાર વધારે છે. પ્રજાને ચોખ્ખા ઘી કરતાં ચોખ્ખા પાણીની વધારે જરૂર છે. થોડા ખોરાકને માટે વધારે શારીરિક મહેનત એ લાંબા આયુષ્યનું તત્ત્વ છે. પથરામાંથી દાણા છુટા પાડતા કાઠિયાવાડના શરીર પાસે ગુજરાતનું શરીર હલકું છે. વ્યાયામ કે અંગકસરત એ કુદરતી નથી. કુદરતમાં માણસ સિવાય બીજા પ્રાણીને આવા વ્યાયામની જરૂર પડતી નથી. સરસ તો એ જ કે કુદરતી રીતે જોઇતો વ્યાયામ મળે. ચોખ્ખી હવાની કસરતોથી મગજ શક્તિ વધે નહિ તો નીરોગી તો રહે જ.

ગુજરાતીઓના આખા જીવને પલટો લેવાનો છે. રોમ સિંહની જોડે કુસ્તી કરતું છતું પણ પછડાયું; કેમકે કુસ્તી જોનાર જેટલા ત્યાં કુસ્તી કરનાર ન હતા. અખાડાઓ ભલે ગમે તેટલા હોય પણ તે દેશને નિભાવી ન શકે. આજે તો દેશનું એકેએક મેદાન દેશની વ્યાયામશાળા હોય; રહેવા કરતાં રમવાની જગ્યા વધારે હોય; જંગલેજંગલ મોરના ટહુકાર જોડે મનુષ્યનો પગરવ સંભળાય; પાણીનાં મોજાંના સ્વચ્છંદ સંગીતમાં મનુષ્યના આલાપ ભળે; મદમસ્ત માનવીઓને પડઘા આપતાં પણ પહાડો થાકે; તો દેશ જરૂર અમર થાય.

યુવાની તોફાનોથી છુટી ન પડે. યુવતી અને યુવકની તાલીમમાં કે તુલનામાં લેશપણ ફેર ન હોય. વાયુ જેટલી સ્વતંત્રતા આજે દેશની યુવાનીને હોય. જેટલો ભોગ અકસ્માતથી લાચારીએ 'દૈવે કર્યું' કહી આપીએ છીએ તેટલો ભોગ ખુશીથી મર્દાનગી માટે આપીએ. ગુજરાતના સાહિત્યમાં શૃંગાર છે તેટલાં જ વિરાગ અને વિચાર જોઇએ છે. ગુજરાતના ઘરસંસારમાં જેટલો ક્લેશ છે તેટલું જ પ્રચંડ હાસ્ય જોઇએ છે. સાપ જુની કાંચળી ઉતારી નવો અવતાર પામે છે તેમ ગુજરાતે બે ચાર સામટી જ કાંચળી ઉતારી પોતાની કાયાપલટ કરી નાખવાની છે. નહિતો ગુજરાતના ગાડાના વેગ જેટલો જ તેના શરીરનો વેગ રહેવાનો છે. (ગુજરાત)

શિલોન દુર્ગનો કેદી

સ્વિટ્ઝર્લૅંડનો સ્વાતંત્ર્યવીર : ફ્રાન્સિસ બોનિવાર્દ

પોતાના અનુપમ પ્રકૃતિસૌંદર્યને લીધે સ્વિટ્ઝર્લૅંડ યૂરોપ ખંડનું નંદનવન કહેવાય છે. આજે તો સ્વિટ્ઝર્લૅંડ આંતરરાષ્ટ્રીય રાજનીતિનું કેન્દ્ર બન્યું છે; યૂરોપની મહાપ્રજાઓના રાજ્ય પ્રતિનિધિઓ આવીને ત્યાં વિશ્વશાન્તિના પાઠ ભણે છે; રાષ્ટ્ર-સંઘ (લીગ ઑફ નેશન્સ)ની અને જગત મજુર પરિષદની બેઠકો ભરે છે. પણ આવડા માનને પાત્ર બનવા અને પોતાનું જ રીપબ્લિક (સ્વરાજ્ય) સ્થાપવાને આ નાના દેશે કેટકેટલા બત્રીશા અને મરજીવાના મસ્તક ચડાવ્યાં છે એની મુંગી કથા તો ભૂતકાળના ગર્ભમાં શમી છે.

આજે અહીં સંપૂર્ણ શાન્તિ છે; પણ તે કેટલા રક્તપાત પછી! કેટલા અન્યાય અને અત્યાચારના સામનાઓ પછી! આજે અહીં દેશવિદેશના શાસનતંત્રની મંત્ર-વિચારણાઓ ચાલે છે; પણ તે કેટલાં શક્તિસામર્થ્યનો પ્રભાવ મેળવ્યા પછી!

આમ તો સ્વિટ્ઝર્લૅંડ અલ્પ સાધનવાળો દેશ છે. વળી યૂરોપમાંની એની ભૌગોલિક સ્થિતિ પણ વિચિત્ર અને ભયભરી છે. ચારપાંચ મોટાં રાજ્યોની સરહદો વચ્ચે એ વીંટળાએલો છે. ક્ષેત્રફળમાં એ ઘણો નાનો પ્રદેશ છે. આટલા ભય છતાં સ્વિટ્ઝર્લૅંડે સ્વરાજ્ય, સમાન પદ અને પ્રજાસત્તા પ્રાપ્ત કર્યાં છે, —ગૌરવભેર એ જાળવી રાખ્યાં છે.

પરંતુ ઇસ્વી સનની સોળમી સદીમાં સ્વિટ્ઝર્લૅંડની શી દશા હતી? સ્વાતંત્ર્ય અને સમાનસત્તાના પાઠ બોધતા એના આજના પાટનગર જીનીવા ઉપર એ વેળા સેવૉયના ઠાકોરની જુલ્મજહાંગીરી ચાલતી હતી. જેઓ એ ઠાકોરની સામે અને દેશના સ્વાતંત્ર્યની તરફેણમાં ઉઠ્યા તેમના જાન લેવાયા. ચોમેર ત્રાસ ત્રાસ વર્તાઇ રહ્યો.

પણ એ દશા લાંબી ન ટકી. સેંકડોની સંખ્યામાં દેશપુત્રો સ્વતંત્રતાની ખાતર સર્વસ્વ ન્યોછાવર કરવા તૈયાર થઈ ગયા. તેઓમાંનો એક સેવૉયવાસી વીર બોનિવાર્દ પણ હતો.

એ ફ્રાન્સિસ બોનિવાર્દ ઇ. સ. ૧૪૯૬માં જન્મ્યો હતો. એના પિતાનું નામ લુઈ દ બોનિવાર્દ. ટુરિન શહેરમાં તેણે અભ્યાસ કર્યો અને ઇ. સ. ૧૫૧૦માં પોતાના કાકાના દેવળનો તેને વારસો મળ્યો. દેવળ જીનીવાની પડખે જ આવેલું હતું અને તેની જાગીરની આવક પણ સારી જેવી હતી. પણ જીનીવાની સ્વાતંત્ર્યપ્રાપ્તિ અર્થે તેણે એ બધું જતું કર્યું. જીનીવા પર ગુજરતો અન્યાય તેનો શૂરવીર આત્મા સાંખી ન શક્યો. સ્વિટ્ઝર્લૅંડને પોતાનો પિતૃદેશ કરી એ જીનીવાના પ્રજાકીય દળમાં જોડાયો.

ઈ. સ. ૧૫૧૯માં સેવૉયનો ઠાકોર ૫૦૦ માણસ લઇ જીનીવા પર ચડ્યો. બોનિવાર્દ બચાવને ખાતર લડ્યો. પણ તેના નિમકહરામ સાથીઓએ તેને શત્રુના હાથમાં પકડાવી દીધો. ઠાકોરે તેને બે વરસ સખ્ત કેદમાં રાખ્યો. ત્યાંથી એ છુટ્યો, મુસાફરીઓમાં ખુબ દુઃખ ખમ્યો; પણ એથી તો એનાં સ્વાતંત્ર્યપ્રેમ અને રાષ્ટ્રોદ્રેક બમણાં વધ્યાં. દુશ્મન જોડેની એની ઝપાઝપી તો ચાલુ જ રહી. ઇ. સ. ૧૫૩૦માં જુરા પર્વતોમાં રખડતાં તેને ચોરોએ લુંટ્યો અને સાવ અનાથ દશામાં ઠાકોરને હવાલે સોંપી દીધો. આ વખતે તેને શિલોનના પાતાળઊંડા કિલ્લામાં પુરવામાં આવ્યો. છ વરસ સુધી નહિ દાદ નહિ ફરિયાદ એવી સ્થિતિમાં આ નિર્દોષ દેશભક્ત પીંજરે પડેલા વનકેસરીનો અડોલ પ્રાણ ધારણ કરી ગોંધાઈ રહ્યો. પણ . . .

પણ હવે જીનીવાની ભાગ્યરેખા બદલી. બર્ન પ્રાંત અને જીનીવાનગરની સંયુક્ત સેનાએ પુનશ્ચ સ્વતંત્રતાનો

ઝુંડો ફરકાવ્યો અને પોતાના બોન્નિવાંદની વ્હારે શિલોન પર હલ્લો કર્યો. હાકોર હાર્યો. બોન્નિવાંદ મોતના પંજામાંથી છુટયો. સ્વિટ્ઝર્લાંડ હવે સ્વતંત્ર હતું. બોન્નિવાંદને પરમપ્રિય એવું રીપબ્લિક શાસનતંત્ર સ્થપાઈ ચુકયું હતું. નવી રાજ્યમંડળી આ વીરેન્દ્ર નરનો આપભોગ કેમ ભુલે? તેણે એને જીનીવાના પ્રતિષ્ઠિત નાગરિકનો અધિકાર દીધો; જેમાં અગાઉ સુખો રહેતો તે મકાન વીર બોન્નિવાંદને અર્પણ કયુ; અને જીનીવામાં રહે ત્યાં સુધી તેને ૨૦૦ સોનામહોરોનું વર્ષાસન બાંધી આપ્યું. ઈ.સ. ૧૫૩૭માં બસો સભાસદની મંડળીમાં એને પણ સભાસદ કરી બેસાડયો. અને બોન્નિવાંદ પણ નકામો ન બેઠો. શાસનતંત્રની સુધારણામાં તેણે ઘણા પ્રકારે મદદ કરી.



શિલોનના કેદીની આપકથા આલેખનાર ઇગ્લંડનો કવિ લૉર્ડ બાયરન

ધર્મશાસ્ત્ર અને ઇતિહાસનો પારંગત એ બોન્નિવાંદ જેટલો વીરેન્દ્ર તેટલો જ વિદ્વાન હતો. વિજ્ઞાનનો એને ભારે શોખ હતો. ૧૫૫૧માં તેણે પોતાનું સમૃદ્ધ પુસ્તકાલય શહેરને ભેટ કર્યુ. એ પુસ્તકો મળ્યા પછી ત્યાંની 'પબ્લિક લાયબ્રેરી' હસ્તીમાં આવી. એ જ અરસામાં તેણે રીપબ્લિકને પોતાના વારસદાર તરીકે ઠરાવ્યું અને તે એક શરતે—એ પાઠશાળાનો ખર્ચ નભાવવા પુરતો પોતાના દ્રવ્યનો ઉપયોગ થાય. એવો મહત્ત્વાકાંક્ષી કર્મવીર બોન્નિવાંદ ઇષ્ટ સિદ્ધિનો સંતોષ મેળવતો ઇ. સ. ૧૫૭૦માં સ્વર્ગવાસી થયો.

ઇંગ્લંડનો વિહારી કવિ બાયરન પોતાનો દેશ છોડી ઈ. સ. ૧૮૧૬માં યૂરપના પ્રવાસે નીકળ્યો. રસ્તે સ્વિટ્ઝર્લાંડના એક ગામડામાં વરસાદને કારણે તેને રોકાઇ જવું પડયું. એ ગામની સામે જ શિલોનનો પુરાતન કિલ્લો આવેલો હતો. એ કિલ્લાને જોઇ કવિ બાયરનને નીચેનું કલ્પિત કરુણ કાવ્ય બનાવવાની પ્રેરણા જાગી.

આ શિલોનના કિલ્લાનું એક પડખું લેમાન અથવા જીનીવા સરોવર ઉપર પડે છે. પાછલી બાજુએ આલ્પ્સ પર્વતનાં હિમ જામેલાં ગિરિશિખરો ચમકે છે. કુદરતના એ પ્રકાશિત સૌંદર્ય વચ્ચે કિલ્લો શયતાનના અધારિયા રહેઠાણ જેવો ભયંકર લાગે છે. આઠમા સૈકામાં તેને ખડકના ટાપુ પર બાંધવામાં આવ્યો ત્યારથી તેનો જેલખાના તરીકે જ વાપરવામાં આવ્યો છે. કિલ્લો પાણી નીચે આઠસો ફૂટ ઉંડે જાય છે. ત્યાં આગળ કાળકોટડીઓની હાર બાંધેલી છે; જેમાં અનેક રાષ્ટ્રભકતો અને રાજ્યદ્રોહીઓને કેદ કરવામાં તથા ફાંસીએ લટકાવવામાં આવ્યા છે. સ્વિટ્ઝર્લાંડના સ્વાતંત્ર્ય ખાતર ઝુઝનાર જવાંમર્દ ફ્રાન્સિસ દ બોન્નિવાર્દ પણ આ જ કિલ્લામાં કેદ થએલો.

બાયરને આ કાવ્ય રચ્યું ત્યારે આ વીર પુરુષના ઇતિહાસની એને જાણ નહોતી; એણે તો એ સ્વકલ્પનાથી જ રચેલું. પરંતુ પાછળથી એને બોન્નિવાર્દની પરાક્રમ-કથા મળી આવી. તે પછી એને વિષે બાયરન લખે છે:

આ મહાપુરુષ જીનીવાવાસીઓનો ચેતનતારક છે. ધીર આત્મા, શ્રદ્ધાળુ અંતઃકરણ, ઉચ્ચ આશય, દક્ષ સલાહ, કાર્યતત્પર સાહસિક પ્રાણ, વિશાળ જ્ઞાન અને ચિત્તની અસાધારણ જાગૃતિઃ એ સૌ લક્ષણો વડે અંકિત બોન્નિવાર્દ સાચે જ મહાપુરુષના પદનો અધિકારી છે. બોન્નિવાર્દ પ્રજાસત્તાક શાસનતંત્રનો

પ્રચંડ પક્ષકાર હતો. સ્વિટ્ઝર્લૅાડની સ્વાતંત્ર્યપ્રાપ્તિને માટે તેણે પોતાની સ્વતંત્રતાનો ભોગ દીધો, આરામ ને અમનચમનને હોમી દીધાં, ધનદોલત ગુમાવી અને પોતે માનેલા ને પોતીકા કરેલા પિતૃદેશ સ્વિટ્ઝર્લૅાડના સ્વાતંત્ર્યને ખાતર એ પરમ નાગરિક બોન્નિવાર્દે વીર પુરુષને છાજે તેવા દૃઢ ભાવથી સેવાધર્મ સ્વીકાર્યો. તેણે ભાવિક દેશજનની અને તત્ત્વજ્ઞાનીની દૃષ્ટિએ સ્વિટ્ઝર્લૅાડનો ઇતિહાસ પણ લખ્યો. આજે એ પોતાના સ્વાતંત્ર્યપ્રિય જીવનથી અને એ ઇતિહાસથી અમર બન્યો છે.

બોન્નિવાર્દના બંદીવાસને લીધે શિલોનનો કિલ્લો સ્મરણીય છે, તો બોન્નિવાર્દ અને શિલોન બંને કવિ બાયરનના આ કાવ્યથી અનેકધા ચિરસ્મરણીય છે એ નિઃસંશય સાચું છે. [સંકલિત]

શિલોનનો કેદી

એક રોમાંચકારી આપકહાણી

મને પળિયાં આવ્યાં છે, પણ તે ઘડપણને લીધે નહિ; દુઃખના અચાનક આઘાતને લીધે પણ નહિ. મારું શરીર વાંકું વળી ગયું છે તે કામની મહેનતને લીધે નહિ; કેદખાનામાં કાટ ખાતું જકડાઈ રહેવાને લીધે. ને આજ એની શક્તિ સાવ હરાઇ ગઇ છે.

અને મારા ભાગ્યની શી વાત કરું? આ મધુરી ભોમ ને આ તાજી હવા, એ બંનેના ઉપભોગથી બાતલ થઇને અહીં મોતની જંજીરમાં હું જકડાયો તે મારા પિતાના ધર્મને ખાતર. એ ય જીવતા બળ્યા પણ ધર્મભ્રષ્ટ ન થયા. અને એ જ ટેકને માટે અમે —એમના પુત્રોએ પણ અંધારઘેરી જેલમાં વાસો લીધો. અમે કુલ સાત હતા;—વિધર્મીઓના જુલ્મોથી રીઢા અને મગરૂર એવા છ ભરજુવાન બાંધવા અને એક વૃદ્ધ પિતા. પિતાની જેમ ભાઇ પણ એક જીવતો બળ્યો; બેએ લડાઈના મેદાનમાં લોહી રેડ્યાં; ત્રણ કેદખાને ગયા. એ સૌમાંથી હાલ તો હું એક જ અધમુઆ જેવો જીવતો છું.

૨

શિલોનનું કેદખાનું જમીનમાં ઉંડું છે. તેને ગોથિક ઘાટના સાત સ્થંભ છે. ધીંગી કાળમીંઢ દીવાલની નાની ઉંચી ફાટમાં થઈ આવતું એકાદ ઝાંખું કિરણ અંદરના અંધકારને વધુ ઘોર કરે છે. એ ભેજવાળા ભોંયતળિયા ઉપર, જાણે ભુતનો ભડકો હોય એમ એ તેજ રમતું લાગે છે. દરેક થાંભલે અકેક લોઢાનું કડું; દરેક કડે એકએક સાંકળ, —શરીરને કોરી ખાય તેવી. આ રહ્યા મારા ડીલ પર એના ડાઘ; જીવતાં લગી નથી જવાના. આજ મારા દુઃખનો દિવસ છે, કેમજે હું કેદમાંથી છુટો થયો છું. કેટલાં વરસો સુધી આમ સુરજને ઉગતો કોણે જોયો છે? કેટલાં વરસ! પ્રભુ જાણે. હું ગણતો'તો તો ખરો; પણ મારો નાનો ભાઈ ગળીગળીને મરણ પામ્યો ત્યારથી મેં એ ગણવાનું છોડી દીધું.

૩

અમને ત્રણે ભાઇઓને થાંભલાની સાંકળે જુદાજુદા જકડી બાંધેલા. એક ડગલું પણ ન ચસાય. એકબીજાનું મોં પણ ન જોઇ શકાય. ઝાંખા ઉજાસમાં અમે ત્રણે એકબીજાને માણસોના વણઓળખ્યા ઓળા જેવા દેખાતા. ત્રણે સાથે હતા, છતાં જુદા હતા. હાથ બાંધેલા હતા પણ હૃદયથી જોડાએલા હતા. એ કેદખાનામાં પૃથ્વીનાં પંચ તત્ત્વોના જ્યારે અમને વાખા હતા ત્યારે દિલાસો અમને માત્ર એક જ હતો કે અમે એકબીજાનું બોલવું સાંભળી શકતા. દરેક જણ બીજાને કંઇક નવી આશા દઇને—પરાક્રમની કોઇક જુની વાત કહીને કે શુરાતનભર્યો રણરાસો ગાઇને હૈયાધારણ દેતો. પણ એ ય લાંબું ન ચાલ્યું. અમારા ખુલ્લા મીઠા સાદ ધીમેધીમે કેદખાનાના પથરા સમા ખાવા ધાય તેવા ઘોઘરા થતા ગયા. કદાચ અમારા મનતરંગને લીધે એમ લાગ્યું હશે; પણ અમને તો એમ થતું કે જાણે એ અમારા સાદ જ નહિ.

૪

ત્રણેમાં હું મોટો એટલે બીજા બેને ધરપત દેવાનું ને ખુશ રાખવાનું કામ મારું હતું. તે હું ગજા પ્રમાણે કરતો; ને તેઓ પણ ઠીકઠીક ધીરજ ધરી રહ્યા હતા.

મારો સૌથી નાનો ભાઇ મારા બાપને બહુ વહાલો હતો. એની ભમ્મર આબાદ મારી માના જેવી હતી. આંખો આકાશના જેવી નિર્મળ આસમાની. એની દયાને લીધે મારું અંતર કકળતું. એવા રૂપાળા પંખીને આવા પીંજરામાં પડેલું જોઇને કોને ન લાગે? સૂર્યની



Château de Chillon et Dents du Midi.

(બ્લૉક : 'ત્યાગભૂમિ'ના સૌજન્યથી)

જીનીવા સરોવરને કાંઠે શિલોનનો કિલ્લો

દીપ્તિથી પ્રોજ્જ્વલ દિવસ સમાન તો એની કાન્તિ હતી;—જેવો ઉત્તર ધ્રુવનો દિવસ ઉનાળાના છ માસ સુધી બરફ ઉપર અનસ્ત તપે છે તેવો જ પ્રકાશમાન ને પવિત્ર એ હતો. સ્વભાવે આનંદી, બીજાનું દુઃખ દેખીને આંસુ પાડે એવો મૃદુલ, અને જે દુઃખને દુનિયામાં જોઇ તેને ગ્લાનિ થતી તેનો અંત ન લાવે ત્યાં લગી જંપીને બેસનારો નહિ એટલો દુરાગ્રહી.

૫


મારો બીજો ભાઇ પણ એવો જ નિર્મળ દિલનો, પણ ક્ષાત્ર ઉદ્રેકવાળો; બાંધે મજબુત અને દુનિયાની દુષ્ટતા સામે ખતમ થાય ત્યાં સુધી ખુશમિજાજ મનથી ટક્કર ઝીલે તેવો;—પણ સાંકળમાં જકડાઇને ઝુરવા યોગ્ય નહિ. એનો પ્રાણ પણ સાંકળના ખણખણાટ ભેગો હણાતો જતો હતો. મુંગોમુંગો હું એ જોતો અને સાથે મારો આત્મા પણ હણાતો જતો. છતાં અમારા કુટુંબનાં મોંઘામુલાં રત્ન શા એ ભાઇઓને પ્રસન્ન રાખવા મેં મારા આત્માને જેમતેમ કરી ટકાવી રાખ્યો. આ ભાઇ તો વનખાણો ખુંદનાર શિકારી હતો. વાઘવરૂની પાછળ પડનારો હતો. પણ કેદખાનું એને મન દરિયો ડોળવા જેવું ભારે હતું. જકડેલા પગ એને મન ભારેમાં ભારે આફત હતી.

૬

જીનીવા સરોવરનાં પાણી હજાર ફુટ ઉંડેરાં ઉજળી સપાટી ઉપર ધસે છે અને શિલોનના કેદખાનાને વળુંધી લે છે. દીવાલનું અને પાણીનું એમ એ બેવડું કેદખાનું બન્યું છે. જીવતી કબર હોય તેવા, સરોવરના તળિયા નીચેના એ અંધારા કારાગારમાં જકડાએલા અમે, રાત ને દિવસ અમારા માથા ઉપર પાણીના પછડાટ સાંભળતા. શિયાળાનો સુસવતો પવન આકાશમાં પુર જોશથી ધસમસતો નીકળતો ને પાણી ઉડાડતો એ પાણીની ઝાપટના છંટકાવનું પણ મને બરાબર ભાન થતું. ત્યારે એ ખુદ ખડકો પણ જાણે કાંપતા ને હચમચી જતા. પણ એથી મારૂં રૂંવાડું સરખું યે ન ફરકતું; કેમકે એ કેદમાંથી છુટકારો દેનાર મોતને હું હસતે મોંએ વધાવી લેવા સદા તૈયાર હતો.

૭

મેં કહ્યું ને કે મારો નાનો ભાઈ ગળતો જતો હતો. મેં એ પણ કહ્યું ને કે એનું મજબુત દિલ પણ ભાંગતું જતું'તું. અંતે કંટાળીને એણે ખાવાનું છોડ્યું:—ખોરાક ખરાબ હતો તે સારૂ નહિ. શિકારીઓના ક્ષુદ્ર ખોરાકથી અમે સારી પેઠે ટેવાએલા હતા. જોકે પહાડી બકરીના દુધને બદલે અમારે ખાબોચિયાનું



(બ્લૉક : 'ત્યાગભૂમિ'ના સૌજન્યથી)

શિલોનના કિલ્લામાં બોનિવાર્દનું કેદખાનું

પાણી પીવાનું હતું; અને અમારી રોટી તો,—દુનિયા હસ્તીમાં આવી ત્યારે સૌથી પહેલી વખત મનુષ્યે પોતાના ભાઈને જંગલી પશુની જેમ કેદખાનામા પુર્યો, ને ત્યારથી એ કેદીઓએ જે રોટીને પોતાનાં આંસુઓ વડે પલાળી પલાળીને પોચી કરી ખાધી છે તેવી જ અમારી યે રોટી હતી. પણ અમને તેની પરવા નહોતી. મારા ભાઇનું શરીર કે મન તેનાથી નહોતું નંખાતું ગયું. મારા ભાઇનો આત્મા તો મહેલમાં બેઠોબેઠો પણ કરમાય તેવો હતો, જો તેની પહાડોના ચઢણમાં ભમવાની સ્વતંત્રતા ખુંચવી લેવાય તો. . . . પણ હવે સાચું કહેતાં વાર શાને કરૂં? . . . એ ગુજરી ગયો!

અને હું માત્ર જોઇ જ રહ્યો. એનું માથું ટેકવવા જેટલી ય ચાકરી ન કરી શકયો; એનો મરતો હાથ સરખો પણ ન ઝીલી શકયો; અરે! મરી ગયા પછી યે ન અડી શકયો. હાથ અને દાંત વડે મારૂં બંધન તોડવા મેં ઘણા યે પછાડા માર્યા; પણ ફોગટ. એ ગુજરી ગયો. તેઓએ એની સાંકળ છોડી, એ ભેજવાળી ભોં ખોદી અને દાટયો. મેં એમને વીનવ્યા; એક ઉપકાર કરવા આજીજી કરી જોઈ કે એનું શબ બહાર સૂર્યથી પ્રકાશિત ભૂમિમાં દાટો. પણ એ વિચાર જ ભુલભરેલો હતો. મારા મનમાં એમ થયું કે આવો સ્વતંત્ર આત્મા મૃત્યુ પછી પણ આ ઘોર કારાગારમાં કેમ કરી જંપશે! પણ મેં આજીજી ન કરી હોત તો વધુ સારૂં હતું. તેઓ સૌએ ઠંડે પેટે હસવા માંડ્યું. અને પછી એને ત્યાં આગળ જ દાટી દીધો. હતી તેવી ભોં સપાટ વાળી દીધી. ન તો માથે લીલા ઘાસવાળી માટી પાથરી, ન તો કબરનો આકાર કર્યો. ઉપર ફક્ત એની ખાલી સાંકળ લટકી રહી હતી;—આવી હત્યાને બહુ જ યોગ્ય સ્મારક!

૮

પણ અમારા કુટુંબનું માનીતું ફુલ મારો સૌથી નાનો ભાઇ;—બાળપણથી જ લાડકવાયો; મુખાકૃતિએ મારી માની બીજી મૂર્તિ સરખો; સૌનો પ્યારો; મારા પિતાના બીજા પ્રાણ જેવો; મારા જીવનનો આધાર મારો એ નાનો ભાઇ. એ એક દિવસ છુટો થશે, સુખી થશે એ આશામાં મારો જીવ ખોળિયું ધારણ કરી રહ્યો હતો. પણ અંતે એની ય ધીરજ ખુટી અને ડાળી પર ફુલ કરમાય તેમ મંદપ્રાણ બનવા લાગ્યો.

ઓ ઇશ્વર! કોઈ પણ સ્થિતિમાં માનવ આત્માને ઉડી જતો જોવો એ ત્રાસદાયક છે. મેં તો

ધોધબંધ વહેતા લોહીમાં જીવ જતો જોયો છે; ઉછાળા મારતા કરાળ સાગરમાં બચવાને તરફડિયાં મારીમારી ડુબતા જીવને જોયો છે; નિસ્તેજ મેલી પથારીમાં બેભાનપણે પછાડા મારી બકના પાપી જીવને ય જતો જોયો છે;—એ બધાં ત્રાસજનક મૃત્યુ છે. પણ આ મૃત્યુમાં ત્રાસ નહોતો; ધીરૂંધીરૂં ને ઉંડું દુઃખ હતું.

ધીમેધીમે એ લેવાતો ગયો. બીચારો પાછળ રહેનારાં સૌને સંભારતો ગયો. મૃત્યુની મશ્કરી કરતા હોય તેવા એના પ્રફુલ્લ ગાલ;—જાણે મેઘધનુષ્યના કિરણુરંગ ધીરેધીરે ઉડી ગયા હોય તેવા ! એ અંધારઘેરા કેદખાનામાં તેજની ઝાંય નાખતી હોય તેવી એની પારદર્શક ચમકતી આંખો ! અને એક પણ શબ્દ નહિ, પોતાની દુર્ભાગી સ્થિતિ માટે નિસાસો સરખો નહિ: ઉલટું, મારી આશાને જીવતી રાખવા અમારા સુખી દિવસોની થોડી મધુરી વાતચીત કરી મને આશા આપી. હું તો મૌનમાં ડુબી ગયો હતો; ભાઇની ખોટના આ ભયંકર ખાડામાં ડુબતો જતો હતો.

અશક્તિની મૂર્છા આવી તેને એણે કેવી શમાવી દીધી—ધીમેધીમે કળાઇ ન જાય તેવી રીતે ! મને એ લાગ્યું; પણ હું બરોબર સાંભળી ન શકતો. મેં એને નામ દઇ બોલાવ્યો, કેમકે ભય અને શંકાથી હું હવે ઝનુને ચડ્યો હતો. હું જાણતો તો હતો કે હવે બધા પ્રયત્ન ફોગટ છે, તો યે મારૂં મન ન માન્યું. મેં ફરીવાર બોલાવ્યો. મને લાગ્યું કે કંઇક અવાજ આવ્યો. એક સખત આંચકો મારી મેં મારી સાંકળ તોડી નાખી ને એની સામે ધસી ગયો. પણ મેં એને ન જોયો. એ ન હતો. એ ઘોર અંધારામાં એકલો હું જ હાલતો હતો; હું જ જીવતો હતો; હું જ દુષ્ટ શ્વાસોચ્છ્વાસ લઇ રહ્યો હતો. મારી અને અનંતનાના આરા વચ્ચેની એ છેલ્લી, એકની એક, મોંઘામાં મોંઘી કડી એ જીવલેણ સ્થળે ભાંગી પડી હતી.

મારા બંને ભાઇ ચાલ્યા ગયા હતા. એક ભોંયની ઉપર પડ્યો હતો, બીજો ભોંયમાં દટાએલો પડ્યો હતો. મેં એનો જડ હાથ ઉપાડ્યો. પરંતુ મારો હાથ પણ એટલો જ ઠંડોગાર હતો. મારામાં હાલવા ચાલવાના યે રામ નહોતા. માત્ર એટલું લાગતું કે હું જીવતો છું. અરેરે, જેને આપણે ચાહીએ તેને હવે ફરીવાર એ રીતે નથી મળનાર એ કેવો ઘોરતમ વિચાર ! હું પણ સાથે કેમ ન મરી ગયો તેની મને ખબર ન પડી. મને કોઇ દુન્યવી વાસના રહી નહોતી; કેવળ મારા ધર્મ પરની શ્રદ્ધા રહી હતી; અને એ એક જ કારણે હું આપઘાત કરતો રહી ગયો.

૯


પણ પછી શું બન્યું તેની મને બરાબર જાણ નથી; હજુ યે હું એ નથી જાણતો. પહેલાં તો તેજનું ભાન ગયું, પછી હવાનું, અને અંતે અંધારાનું ભાન પણ ગયું. ન હતો મને વિચાર કે ન હતી કંઈ લાગણી;—મુદ્દલે નહિ. એ પત્થરો વચ્ચે હું પત્થર થઇ રહ્યો. વરસતી ઝાકળમાં ઝાડપાન વગરની ટેકરી સમું બધું જ વેરાન, જડ અને ભુખરૂં થઈ રહ્યું હતું. રાતે નહોતી; દિવસે નહોતો. નહોતો આંખને ભારેખમ કરતો એ કારાગારનો ઉજાસ. હતું માત્ર અવકાશ ભરતું શૂન્ય ને એકપણ સ્થળ વગરનું જડત્વ. ન હતા તારા, પૃથ્વી કે કાળ; ન હતું દબાણ, પરિવર્તન, પુણ્ય કે પાપ. હતું એક મૌન્ય. જીંદગીનો યે નહિ ને મૃત્યુનો યે નહિ એવો સ્થિર શ્વાસ. જાણે કોહતી આળસનો પારાવાર ઉલટ્યો;–ઘોર, અપાર, મુંગો અને અચેતન !

૧૦

પણ અંતે મારા મગજ પર પ્રકાશ પડ્યો. એક પક્ષીનો એ કલરવ હતો. થોડીવાર બંધ પડી વળી પાછો એ સંભળાયો. અતિ મિષ્ટ ને અપૂર્વ એ ગીત હતું. મારી આંખ પ્રસન્નતા ને આનંદભરી રડી પડી. એટલી વાર તો જાણે હું કોઈ દિ' દુઃખિયો જ નહોતો એમ લાગ્યું. પણ પછી ધીમેધીમે મારી ઇન્દ્રિયો જાગ્રત થતી ગઈ. કોટડીની દીવાલો દેખાઇ અને ભોંયની સપાટી મારી આજુબાજુ તરી આવી. અગાઉની પેઠે સૂરજનો ઝાંખો ઉજાસ પણ પેલી ફાટમાંથી સરતો દેખાયો. પેલું પક્ષી એ ફાટમાં બેઠું હતું. આસમાની પાંખવાળું કેવું રમણીય એ પંખી ! હજારો સ્મરણ જગાડતું કેવું અનુપમ એ ગાન ! જાણે એ મારે સારૂ જ ગાતું ન હોય ! એ પક્ષી પણ જાણે મારી પેઠે પોતાના સાથીને બોલાવતું હોય એમ મને લાગ્યું. જ્યારે દુનિયામાં મને કોઇ ચાહનાર નહોતું ત્યારે એ મને પ્રેમ કરતું હતું ! એણે મને કેદખાનામાં આનંદ આપ્યો-વિચાર કરતો કર્યો. એ પક્ષી છુટું જ હશે ? કે કદાચ એનું પીંજરનું કેદખાનું તોડી અહીં મારા કેદખાના પર બેસવા આવ્યું હશે ? મધુર

પક્ષી! કેદનો મને પુરો અનુભવ છે, એટલે મારૂં સાથી બનાવવા સારૂ હું તને કેદી નહિ બનાવું.

અથવા પક્ષી રૂપે કોઇ સ્વર્ગનો જીવ તો મળવા નહિ આવ્યો હોય? શું મારો ભાઇ પક્ષી થઇને મળવા આવ્યો હશે? પ્રભુ, પ્રભુ! એ વિચારે હું નથી હસી શકતો, નથી રડી શકતો. પરંતુ આખરે એ પણ ઉડી ગયું. એ પક્ષી જ હતું. નહિતો મને એવડા સુનકારમાં એકલો મુકી કેમ ઉડી જાય? એકલો,—કફનમાંના મુર્દા જેવો; તેજભર્યા દિવસે નિર્મળ આકાશમાં શાપ રૂપ એકાકી કો વાદળી જેવો એકલો મને મુકીને એ કેમ ઉડી જાય?



શિલોન દુર્ગને

: સૉનેટ :

[શિલોનના કિલ્લાને ઉદ્દેશીને કવિ બાયરને લખેલું આ નાનકડું ગીત હિંદવાસીઓના આ સ્વાતંત્ર્યપ્રાપ્તિના યુદ્ધકાળે સમયોચિત લાગે છે.]

સદા મુક્ત અંતઃકરણના એ શાશ્વત પ્રાણ, દેવી સ્વતંત્રતે! તું તો કારાગ્રહમાં જ અધિક ઓજસ્વતી દીપે છે; કેમજે ત્યાં રાષ્ટ્રપ્રેમને લીધે કેદ પડેલાં હૃદયોમાં તું વાસ કરે છે: અને જ્યારે તારા સુપુત્રો જંજીરોમાં જકડાઇને ઘોર અંધારી કોટડીના ભેજમાં ગુંગળાતા રીબાય છે અને એમ મરજીવા બની સ્વદેશનો વિજય-ધ્વજ ફરકાવે છે ત્યારે આત્મસત્તાની જયઘોષણા દશે દિશાઓમાં ગાજી ઉઠે છે.

શિલોન! તારૂં જેલખાનું તો તીર્થધામ છે; અને તારી જમીન બલિદાનનો યજ્ઞકુંડ છે. અહીં બોન્નિવાર્દનાં પગલાંએ તારા એ વજ્રાગારના ભોંયતળિયાને ઢેફાંની પેરે ઘસી નાખ્યું છે. આબાદ રહો એ ચિહ્ન; કેમકે જુલમગારની જોહાકી અને પરમાત્માની સત્તા વચ્ચે એ જ એક કરુણ સાક્ષી રૂપે મોજૂદ છે.

૧૧

પણ મારૂં પ્રારબ્ધ ફર્યું. મારા ચોકીદારો માયાળુ બન્યા હતા. દુઃખના દેખાવો ખમીખમીને જોકે તેઓ રીઢા થયા હતા, છતાં મારા તરફ માયાળુ બન્યા. મારી તુટેલી સાંકળ એમ ને એમ રહી. મને કોટડીમાં ફરવાની છુટ મળી. એ કારાગારમાં એક છેડેથી બીજે છેડે, ને થાંભલાઓની આસપાસ હું ફરતો. ફક્ત મારા ભાઇઓની કબરો ઉપર પગ ન દેતો,—રખે પગ પડી જાય ને એ કબરો અપમાનિત થાય! ને કવચિત્ જો મને લાગતું કે મારો પગ ત્યાં ભુલથી પડી ગયો છે તો મારા અંતરમાં ચીરો પડતો અને મારૂં હૃદય કચરાઇને અધમુઉં થઇ જતું.

૧૨

પછી તો મેં દીવાલ કોતરીને અંદર પગ રાખી શકાય એવડો એક ખાડો કર્યો. નાસી છુટવા માટે નહિ; કેમકે જે મારાં હતાં તેમને તો હું ત્યાં જ દફનાવીને બેઠો હતો; એટલે હવે તો આખી દુનિયા મારે મન તો એક મોટા કેદખાના જેવી જ હતી. ન મારે પિતા હતા, ન સંતાન હતું, ન સગું હતું. મારા દુઃખમાં ન કોઈ સાથી હતું. અને એ સારૂં હતું, કેમકે એમના વિચારે કદાચ હું ગાંડો થઇ જાત. પણ ઉંચેની એ સળિયાવાળી બારીઓમાંથી બહારની દુનિયા જોવા—એ ઉંચા પર્વતો પર નજર ફેરવી મારી આંખોને તૃપ્ત કરવા મારૂં મન તલસી રહ્યું હતું. એટલે મેં ભીંતમાં એટલો ખાડો કર્યો.

અને એ પર્વતો મેં જોયા. એ તો એવા ને એવા હતા. મારી પેઠે કાંઇ દેહે બદલાયા નહોતા. અનંત કાળનો બરફ એના પર જામેલો હતો. નીચે વિશાળ સરોવર ઝુલતું હતું અને આસમાની રંગની રૂહોન નદી પુર પ્રવાહમાં વહેતી હતી. ખડકો અને ગીચ ઝાડી ઉપર પછડાતાં તેના પાણીનો અવાજ મેં સાંભળ્યો. દૂર આવી રહેલા ગામનાં મકાનોની ધોળી

દીવાલો ને સરોવરમાં લસી રહેલાં વહાણોના એથી યે ધોળા સઢ મેં જોયા. જોયો એક નાનો શો ટાપુ; મારી બારીની બરોબર સન્મુખ; જાણે મારી સામે હસતો. એ નાનકડો લીલો ટાપુ લાગતો'તો તો ફક્ત મારી કોટડીના જેવડો જ; પણ તેમાં ત્રણ ઉંચાં ઝાડ હતાં અને પર્વતની સ્વતંત્ર પવનલહર એના પર વાતી; પડખે સ્વતંત્ર પાણી હીલોળે ચડ્યાં હતાં; એની ઉપર નાનાંનાનાં સુગંધી રંગીન ફુલ ડોલતાં. કિલ્લાની દીવાલ આગળ સુખી રમતિયાળ માછલીઓ તરતી; ઉંચે વેગભર્યું ગરુડ ઉડતું.

ને આ બધું જોઇને મારી આંખે નવાં આંસુની ધાર ચાલી; મનમાં શોક વ્યાપ્યો; મને થયું કે સાંકળેથી છુટ્યો જ ન હોત તો સારૂં હતું ! હું દીવાલ પરથી નીચે ઉતરી પડ્યો. માથે મોટો ભાર પડ્યો હોય એમ કારાવાસનું અંધારૂં જાણે મારા પર તુટી પડ્યું; જાણે કોઇને દાટવા ખોદેલી તાજી કબર. પણ છતાં આટલો પ્રકાશ ખમવાથી મારી નજર એટલી હેરાન પરેશાન થઈ હતી કે તેને આરામની જરૂર હતી.

૧૩

આ પછી મહિનાઓ, વરસો કે માત્ર થોડા દિવસો વીત્યે—કેટલું વીત્યું હશે તેની મેં ગણતરી ન કરી, દરકારે ન કરી—છેવટ તેઓ મને છોડી મુકવા આવ્યા. ક્યાં અને કેમ એ જાણવાની મને પડી નહોતી. છુટો કે બાંધ્યો હવે સરખું હતું. નિરાશાને હું ચાહતાં શીખી ગયો હતો.

પણ તેઓ આવ્યા; આવીને મારાં બંધન એમણે કાઢી નાખ્યાં. ત્યારે એ કોટડી મને મધુરા આશ્રમ જેવી લાગી. મને થયું કે એ લોકો ફરીવાર મારૂં ઘર છોડવવા આવ્યા છે. અંદરના કરોળિયા જોડે મેં દોસ્તી બાંધી હતી. એમની જાળગુંથણી હું ધ્યાનપૂર્વક જોતો. ચાંદનીમાં રમતા ઉંદરને જોતો. હું એ સૌના જેવો જ બની ગયો હતો. અમે એક જ સ્થળના રહેનાર હતાં. અને હું તો એમના રાજા જેવો હતો; મારામાં એમને રંજાડવાની તાકાત હતી; પણ અમે સૌ સંપસંપીને રહેતાં. લાંબો વખત સાથે રહેવાના પરિચયથી અમે સૌ એટલાં એકાકાર થયાં હતાં કે મને મારી સાંકળ ઉપર પણ ભાવ થયો.

એટલે એ સર્વને છોડી છુટો થતાં નિસાસાની હાય મારી હું જેલ બહાર નીકળ્યો.

(લૉર્ડ બાયરના અંગ્રેજી કાવ્ય ઉપરથી) **દેશળજી પરમાર**

આળસુ લોકો !



સ્થળ: વડોદરા રાજ્યના એક ગામડાનો ભીલવાડો.

સમય: માગશર માસ: સવારના સાડા આઠનો શુમાર.

[કેટલાક ભીલો ઉઘાડે શરીરે તડકો સેવતા બેઠા છે. પાસે એમનાં પડી ગએલાં મકાનોના ભાંગેલા કાટમાલનો જ્યાંત્યાં ઢગલો પડ્યો છે. તત્કાળ ઉભી કરેલી ઝાડપાનના ડાંખળાઓની બાજુઓવાળી થોડીક છાપરીઓ છે.

રેલસંકટ નિવારણ સમિતિનો એક સ્વયંસેવક તપાસ કરવા આવેલો છે. તે પ્રવેશ કરે છે તેટલામાં બીજી બાજુએથી એક જાડા અમલદાર, ગરમ કોટ-પાટલુન ઉપર ઓવરકોટ ચડાવી, ગળે ગલપટો અને કાન ઢંકાઇ રહે એવી રીતે ફેંટો બાંધી, બે ગજવામાં બે હાથ નાખી, મુખી પટેલ, બીજા પાટીદારો, વરતાણીઆ, ભંગી વગેરે સાથે આવે છે. બંને સામસામા થાય છે એટલે એકબીજાને નમસ્કાર કરે છે. સ્વયંસેવક મુંગા જેવો છે એ તરત ઉત્તર આપે એવો નથી, પણ સાંભળ્યા કરનારો છે.]

અમલદાર: જય જય ! કેમ, તપાસ કરવા આવ્યા છો? આવો આવો. હું જ તમને તપાસ કરાવું. સાચી હકીકત શી છે તેની તમને ખાત્રી કરાવી આપુ. પહેલાં જુઓ મિસ્ટર......તમારૂં નામ શું ?

સ્વયંસેવક: શંકરલાલ.

અમલદાર: જુઓ મિ. શંકરલાલ ! પહેલાં ઘડિયાળમાં જુઓ કેટલા વાગ્યા છે તે. જુઓ, સાડા આઠની ઉપર પાંચ મિનિટ થઇ છે. હવે તમે મને કહો કે તમે કેટલે વાગે ઉઠો છો ?

શંકરલાલ: સાડા ચાર અને પાંચની વચ્ચે.

અમલદાર: ઓ—હો ! તમે તો બહુ જ વહેલા ઉઠનારા કહેવાઓ. મારો ઉઠવાનો વખત બરાબર છ ને વીસનો છે. પણ તમે તો ગાંધીના માણસ; તમારી વાત અમારાથી ન થાય. અમે તો . . . પણ મુળ વાત.

હું તમારું નામ ભુલી ગયો, હં. માફ કરજો, અનેક જંજાળમાં યાદદાસ્ત જ એવી મંદ થઈ જાય છે કે નામ તો મને યાદ જ નથી રહેતાં. ફરી કહોને જરા.

શંકરલાલઃ શંકરલાલ.

અમલદારઃ હા, જુઓ મિ. શંકરલાલ! તમે સાડા ચાર–પાંચ વાગ્યે ઉઠો છો, અને નહાઇ ધોઇ, તૈયાર થઇ ૩–૪ માઇલ તપાસ કરવા નીકળી પડો છો. આ હું મોટો અમલદાર કહેવાઉં તો યે સાડા છ વાગ્યા પહેલાં નિયમિત ઉઠું, દાતણપાણી કરી ચા બા પીઉં ત્યાં ઘોડી તૈયાર, અને બહાર નીકળી પડું. પણ, જુઓ આ ભીલો. આ નવ વાગવા આવ્યા તો યે જાણે હજુ તો મ્હો ફાટવાના છે. એ . . . તડકામાં બેઠાબેઠા તાપે છે.

મુખી પટેલઃ અરે સાહેબ, પુછો જ નહિ ને! આ પ્રજામંડળવાળા તે શું જાણે કે આપણી રૈયતનાં લખ્ખણ કેવાં છે! એમનાં તો કોમળ દિલ તે દુઃખ જોઇને દયા આવી જાય. પણ હું તો કહું છું, સાહેબ, કે આ રેલસંકટવાળાએ આળસુ લોકોને જ ઉત્તેજન આપ્યું છે.

બીજો પટેલઃ સાહેબ, આ લોકોને તો મુઠી અન્ન આપવાનો ધર્મ નથી. જુઓ, એમને શી ચિંતા છે? ન મળે જમીન કે જેની વીઘોટી ભરવાની ચિંતા. સાહેબ, આ વખતે મહેસુલ માફ થશે કે નહિ?

અમલદારઃ વળી એ વાત કયાં બદલી? જે વાતો કરતા હોઇએ તે કરવાની કે બીજી બીજી?

બીજો પટેલઃ ના ના, સાહેબ, એ તો અમસ્તું. બાકી સાહેબ, આ વખતે આપે વીઘોટી માફ કરાવીને રૈયતના આશીર્વાદ લેવાનો ખરેખરો વખત છે, હોં.

મુખી પટેલઃ (બાજુએ લઈ જઇને) હવે હમણાં એ રહેવા દો. (અમલદારને) સાહેબ, ત્યારે આ ભીલ લોકો માટે કશું કરવું છે?

અમલદારઃ હા, હું એ જ આ મિ. શંકરલાલને સમજાવવા માગું છું. જુઓ, આ લોકો તદ્દન આળસુ અને નિરૂદ્યમી હોય છે. એમને મદદ કરવી એટલે આળસને પોષવા બરાબર છે. જુઓ, તમે બધા સરકારનો વાંક કાઢયા કરો છો, પણ એમને મદદ ન કરવામાં બહુ દીર્ઘદૃષ્ટિ રહેલી છે. આ લોકોને મદદ ન કરીએ તો જ એ લોકોને કાંઇક કામ કરવાની ચાનક થશે. આ જુઓ, મદદ આપવામાં જેમજેમ ઢીલ થાય છે તેમતેમ એ લોકો કેવાં પોતાનાં સાધનો ઉભાં કરી લે છે! મિ. શંકરલાલ, તમે તો વિદ્વાન છો, માનસશાસ્ત્ર પણ તમે જાણતા હશો. માણસ પર સંકટ આવે છે ત્યારે તેના સામે પહોંચી વળવાની યે તેનામા શક્તિ આવી રહે છે.

શંકરલાલઃ જી, હા. તેથી જ આ લોકો હજુ સુધી જીવે છે.

અમલદારઃ બરાબર. આ લોકોને મદદ આપવાની કાંઈ જરૂર જણાતી નથી. ચાલો, જય જય મિ. શંકરલાલ! મને બહુ મોડું થયું છે અને હજુ તો ઘણું કામ કરવાનું છે. અમારું અમલદારોનું તે કાંઇ જીવન છે? જીવનને ખરેખરૂં સાર્થક તો તમે કરો છો! . . . ચાલો, પટેલ, હવે બારીઆવાડ બતાવો.

[ભીલો અને શંકરલાલ સિવાય બીજા બધા જાય છે.]

શંકરલાલઃ (એક ભીલને) અલ્યા, માના ધુરાનું ઘર કયું?

એક ભીલઃ (ઉભો થઇને) ભાઇશાબ, એ તો હું. સાહેબ, આ ઉઘાડી જમીન પડી છે ત્યાં મારૂં ઘર.

શંકરલાલઃ અલ્યા, પણ હમણાં તું ક્યાં રહે છે?

માનોઃ સાહેબ, છાપરી કરી જ છે તો! એ...પણે. એમાં રાંધી ખાઇએ છીએ.

શંકરલાલઃ અને, અલ્યા, સુઓ છો કયાં?

માનોઃ (ખડખડ હસે છે.) એ તો એમ જ તો, સાહેબ. અમારે વળી સુવાનું શું? આ રાત્રે મોડે સુધી તાપણું કરીને આજુબાજુ બેસી રહીએ, અને ઉંઘ આવે ત્યારે તાપણાની આજુબાજુ પડીએ. એક પડખું તપે અને બીજું ઠરે ત્યારે પડખું બદલીએ એટલે પછી બીજું તપે.

શંકરલાલઃ અલ્યા. પણ તમે કાંઈ ઉદ્યમ કાં ન કરો? આમ નવ વાગ્યા સુધી આળસુ થઇને બેસી રહો એ કાંઇ સારૂં કહેવાય?

એક ઘરડો ભીલઃ ભાઈશાબ, અમે બધું સાંભળ્યું–આ વહીવટદાર સાહેબ બધું તમને ભરાવી ગયા તે. નવ વાગ્યા સુધી બેસી રહેવું પડે તે કાંઇ ભુખ્યે પેટે અમને મીઠું લાગતું હશે? પણ દુનિયામાં આજે ન્યાય કયાં છે? ગરીબનું આજે કોઇ સગું નથી.

શંકરલાલઃ (નરમ અને ગળગળો થઈ જઇને)

ના; પણ ત્યારે સાત વાગ્યા પહેલાં કામે ન ચડ્યું જોઈએ?

ઘરડો ભીલ: સાહેબ, આ વહીવટદાર સાહેબે કેટલાં કપડાં પહેર્યાં હતાં તે જોયું? (શંકરલાલ ડોકું હલાવે છે.) સાહેબ, રાત્રે એમણે કેટલું ઓઢ્યું હશે? એ ધાબળા તો ખરા જ ને? (શંકર ડોકું હલાવે છે.) સાહેબ, એમનો ખોરાક કેવોક હશે? ગરમ ગરમ દુધ અને ઘઉં તો ખરાં જ ને? (શંકર મુંગો રહે છે.) સાહેબ, એ સૂએ તે ઓરડાઓમાં ઓસ આવતી હશે ખરી? (શંકર મુંગો રહે છે.) સાહેબ, એમનું શરીર જરા યે ટાઢું હશે ખરૂં? (શંકર મુંગો રહે છે.) સાહેબ, આ હું ઘરડો થયો પણ જન્મારામાં કેટલી વાર દુધ પીધું હશે તે આંગળીના વેઢા પર ગણાવી દઉં. સાહેબ, અમારો કાંઈ ગરમીવાળો ખોરાક છે? માંડ એક વાર જેવુંતેવું પેટમાં નાખીને આખી રાત ઉઘાડામાં પડ્યા રહીએ, તેથી અમારૂં લોહી કેટલું ઠરતું હશે? આ અમને કાંઇ વાગે છે સાહેબ, ત્યારે અંદરથી લોહી વહી શકતું નથી, પણ તરત જામી જાય છે. જોવું છે સાહેબ, હમણાં કાઢી આપું.

શંકરલાલ: (ગભરાઈને) ના ના. હું જાણું છું.

ભીલ: હવે એવા ઠંડા શરીરમાં સ્ફૂર્તિ તે ક્યાંથી આવે? નવ વાગ્યા સુધી તડકો ખાઈએ ત્યારે માંડ અમારૂં લોહી હાલતું હોય એમ લાગે. અમારો દેશ ગયો, જમીન ગઈ અને છેવટ બાપનાં ઘર હતાં તે યે ગયાં! હવે અમારે શા આશાએ સ્ફૂર્તિ આવે? એ તો આટલું ચાલ્યું તેમ ચાલ્યા જ કરશે તો! સાહેબે જ કહ્યું કે જેવો વખત આવે તેવા થવાની હિંમત આવે. એટલે હવે અમે દુઃખથી તો ડરતા જ નથી ને! માણસમાંથી ઉતરી ઉતરી પાછા પશુ જેવા થઈ જશું એટલે પશુ જેમ પણ જીવાશેસ્તો! અમને શી રળવાની આશા છે કે અમારામાં ગરમી આવે અને કામે વળગીએ? (શંકરલાલ મુંગો રહે છે.) આ અમારૂં કહેવું છે. હવે તમારે કરવું હોય તે સુખેથી કરો. નહિ તો ઘણા આવી ગયા તેમ તમે આવીને ચાલ્યા જાઓ. . . . લ્યો, બીજું કાંઇ પુછવું હોય તો પુછી લ્યો.

[શંકરલાલ કોથળી ઝાલી નીચે મોંએ ચાલતો થાય છે.]

કિશોરલાલ ઘ. મશરૂવાળા

જાપાની કથા

મોતનો પથ્થર

મુસાફરીથી થાકીને લોથ થઇ ગએલો બૌદ્ધ ભિક્ષુ ગેન્નો નાસુ નામના બીડમાં આવી એક મોટા પત્થરની ઓથમાં વિસામો ખાવા બેઠો. એવામાં એક પ્રેત તેને દેખાયો અને કહેવા લાગ્યો, 'આ પથરા હેઠળ વિસામો ખા મા. આ તો મોતનો પત્થર છે. મનુષ્યો અને પશુપક્ષીઓ એને અડતાવેંત નાશ પામે છે.'

આથી તો ભિક્ષુની જિજ્ઞાસા વધી. તેણે તો મોતના પત્થરની વાત કરવા પ્રેતને આજીજી કરી. તેથી પ્રેતે એને નીચે પ્રમાણે વાત સંભળાવી:

"ઘણા કાળ પૂર્વે જાપાનના અંતઃપુરમાં એક અતિ સુંદર ચાકરડી રહેતી હતી. એ એટલી તો મનોહારિણી હતી કે એને સૌ 'રત્નરાણી' કહી બોલાવતાં. એની બુદ્ધિ પણ એટલી જ તેજસ્વી હતી. ધર્મશાસ્ત્રો, વિજ્ઞાન અને કવિતાનું એને સંપૂર્ણ જ્ઞાન હતું.

એક રાત્રે મહારાજા મિકાડોએ પોતાના ગ્રીષ્મા-વાસમાં મોટી મિજબાની આપી અને તેમાં તેણે દેશ આખાનાં બુદ્ધિશાળી, પ્રજ્ઞ અને સુંદર મનુષ્યોને આમંત્ર્યાં. મહેફિલ મળી. સંગીતના મીઠા સરોદ છુટ્યા અને ખાનપાનનો વિહાર ખેલાવા લાગ્યો. એવે એકા-એક મિજલસનો ખંડ ઝાંખો પડ્યો, અંધારૂં જામવા માંડ્યું, આકાશમાં કાળું વાદળ ચડ્યું અને નક્ષત્ર-મંડળ અદૃશ્ય થયું.

ભયભીત થઇને મંડમાંના પોતપોતાને આસને બેસી રહ્યા; પણ ત્યાં તો ભેદી પવન નીકળ્યો. સુસવાટ કરતો એ આંગ્માવાસ સોસરો ફૂંકાઇને બધા દીવાઓ ઠારી ચાલ્યો ગયો. ચોમેર ઘોર અંધકાર ફરી વળ્યો. 'ત્રાહિ ત્રાહિ'ની એ દશામાં કોઇકનો સાદ નીકળ્યો: 'પ્રકાશ! ઓ પ્રકાશ!'

પણ ત્યાં તો રત્નરાણીના શરીરમાંથી જ્વાળા પ્રગટી. એ વધીવધીને આખા આંગ્માવાસને વીંટળાઇ; ભીંતો અને પડદાઓને ફરી વળી.

. . .   . . .

થોડી વારે તોફાન શમ્યું, વાદળ ઉડયું અને આકાશને માથે ચંદ્ર પ્રગટી પ્રકાશવા લાગ્યો.

પણ તે જ ઘડીએ મિકાડો માંદો થયો. માંદગી વધવાથી એણે રાજજ્યોષીને બોલાવી જોશ જોવડાવ્યા. જ્યોષીએ તરત રોગનું નિદાન કરી કહ્યું. 'તમારી રત્નરાણી વેશ્યા છે—ડાકણ છે. કામણ કરીને એ તમારૂં મન લોભાવે છે ને રાજ્યનું સત્યાનાશ વાળે છે.'

જ્યોષીના શબ્દો સાંભળી મિકાડોનું મન ઠેકાણે આવ્યું અને તેને રત્નરાણી તરફ જુગુપ્સા ઉપજી. એ ડાકણને મહેલમાંથી કાઢી મુકવામાં આવી. તેથી એ પોતાનું મુળ સ્વરૂપ ધારણ કરીને—લોંકડી બનીને નાસુના બીડમાં નાઠી અને આ મોતના પત્થરમાં ભરાઇ રહેવા લાગી."

વાત અહીં સુધી પહોંચી એટલે ભિક્ષુ પેલા પ્રેત સામે શંકાની નજરે જોઇને કહે, 'અને તમે કોણ છો?'

'હું એ રત્નરાણીના ખોળિયામાં વસનારો જીવાત્મા છું. પણ હવે તો આ મોતના પત્થરમાં હમેશનો વાસ કરીને રહ્યો છું.'

આ ભયંકર કથની સાંભળીને ભલાભોળા ગેન્નોને કંપારી છુટી. પણ પોતાનો સાધુધર્મ સંભારીને એ બોલ્યો, 'જોકે હાલ તો તું અધોગતિને પામ્યો છે, પણ અંતે તારૂં કલ્યાણ થવાનું છે. આ લે સાધુનો અંચળો અને ભિક્ષાપાત્ર; અને તારૂં મૂળ સ્વરૂપ મને દેખાડ.'

થોડી વારમાં પ્રેત લોંકડી બની ગયો અને દયાજનક સ્વરે બોલવા લાગ્યો, 'દિવસના આ ઓકાર પ્રકાશમાં હમણાં તો હું આસામની ઝાંખી ધુણીઓ



પરે ભરાઇને સંતાઇ જાઉં છું. રાત થયે હું પાછો આવી દુઃખ ભરેલે હૈયે મારૂં પાપ પુકારીશ અને મારી નવી પવિત્ર વાસનાઓ કહી સંભળાવીશ.'

આટલું બોલીને પ્રેત અલોપ થઇ ગયો.

ગેન્નો આથી નિરાશ ન થયો. પ્રેતના નિર્વાણ માટે એ પ્રાર્થનાઓ કરવા લાગ્યો. પછી મોતના પત્થર આગળ બેસી ફુલોના અર્ધ્ય દેવા, ધુપ કરવા અને મંત્રના જપ જપવા માંડયો.

ધાર્મિક વિધિઓ પુરા કર્યા પછી ગેન્નો હવાને સંબોધતો હોય તેમ બોલ્યો:

'મોત-પત્થરના ઓ પ્રેત! હું તને આવાહન કરૂં છું. આવ! પ્રથમના અવતારમાં તું કોણ હતો કે આ ભવે તારે આવી અધમ કોટિમાં જન્મ ધરવો પડયો? બોલ, હું બોલાવું છું.'

એકદમ મોતનો પત્થર ફાટયો અને અંદરથી રોતોરોતો પ્રેત ફરીવાર નીકળ્યો:

'પથરાઓમાં પ્રેત રહે છે; જળમાં સાદ સંભળાય છે અને વાયુઓ આકાશમાં ફૂંકાય છે.'

ગેન્નોએ જોયું કે પ્રેતની આસપાસ પાતળું તેજ

ઘેરાતું હતું અને એ લોંકડીના આકારથી સુંદર કુમારિકાનું રૂપ ધરતો હતો. પછી એ કહે:

'પ્રથમ તો હું હિંદમાં રહેનારો ભૂત હતો અને રાજકુમાર હોઝોકુને વહાલો થઇ પડયો હતો. પછી ફેઁથેમાં મેં હોજોનો અવતાર લીધો અને મહારાજા લુવાઓની મહારાણી બન્યો. ત્યાર પછી જાપાનના અંતઃપુરમાં મિકાડો ટોબાની ખુબસુરત રખાત 'રત્નરાણી' થયો. રત્નરાણી થઇને મારે આખા રાજકુળનો વિનાશ કરવો હતો. ત્યાં હું મારી ધારણા પાકે પાયે ગોઠવી રહ્યો હતો અને મિકાડોની હત્યા કરવાની અણી ઉપર હતો, એવામાં પેલો જોષી આડો આવ્યો. પછી તો મને રાજ્યમાંથી કાઢી મુકવામાં આવ્યો. મારી પાછળ કુતરાઓ પડયા; મારી ઉપર બાણોનો વરસાદ વરસ્યો. અંતે થાકીને લોથ થઇ આ મોતના પત્થરમાં હું ભરાયો. વખતોવખત હું આ બીડમાં આંટાફેરા કરતો. પણ હવે તો બુદ્ધ ભગવાનની મારા પર દયા ઉતરી છે અને તેમણે મને શાન્તિ પમાડવા સાચો ભિક્ષુ મોકલી દીધો છે.

હે પ્રભુના દૂત! તારી આશિષ વડે હું શાન્તિ પામું છું અને સ્વર્ગ તરફ ઉડું છું. હું આ મોત-પત્થરના શપથ લઇને કહું છું કે આજથી હું પુણ્યશાળી આત્માનું જીવન જીવીશ.'

એટલું કહીને પ્રેત મોતના પત્થરમાં અદ્રશ્ય થઇ ગયો.

(અંગ્રેજી પરથી) દે. પ.

અથાણું

મગનઃ કેમ છગન, તારો દાંત તે દિવસે દુખતો હતો, તે હવે કેમ છે?

છગનઃ મને તેની ખબર નથી.

મગનઃ અરે! તારો દાંત દુખતો હતો અને તેની તને ખબર નથી એ બને જ કેમ?

છગનઃ પણ ભાઇ, મને શી ખબર હોય? એ દાંત તો દાંતના ડૉકટર પાસે પડયો છે.

*

શેઠાણીઃ રામા, પાણી કેટલું ગરમ છે એની તને જરા યે ખબર પડતી નથી. હવે તું એપનને નવડાવે ત્યારે થર્મોમીટરથી ગરમી માપી લેજે.

રામોઃ થર્મોમીટરની કાંઇ જરૂર નથી, શેઠાણી! જો ચંપકભાઇ લાલ ઘુમ થઈ જાય તો પાણી ખુબ ગરમ સમજવું; નહિતો સાધારણ ગરમ ધારવું.



ઈટાલીની ઉગતી પ્રજા

આજથી એક દશકા ઉપર યૂરોપનાં રાજ્યોમાં કમતરીન મનાતું ઇટાલી આજ એ ભૂ-ખંડની રાજ્યસત્તાઓમાં બલવત્તર ને સમર્થ બની ગયું છે. યૂરોપભરના રાજ્યોને આજ એનાથી ચેતીને ચાલવું પડે છે; રશિયા અને અમેરિકા સરખાં મહાસત્તાક સામ્રાજ્યોને એની ખબરદારી રાખવી પડે છે. એવો એ ચમત્કાર માત્ર દસ વર્ષમાં શાથી થયો?

ઈટાલીને જગતની સત્તાઓમાં ઉન્નત-શિર બનાવી દેનાર એ ચમત્કાર ત્યાંની ફસિઝમ નામની રાષ્ટ્રવિધાનની હીલચાલ અને તેના પ્રાણ સમા નેતા મુસોલિનીને આભારી છે. આંગળીને વેઢે ગણાય એટલાં વર્ષોમાં એ ફૅસિસ્ટ રાષ્ટ્રવિધાયકોએ કેવા સૂસવતો સપાટો મારીને, કેવા સામર્થ્યે અને જોમથી પોતાના દેશને જાગૃત, સંગઠિત અને બળવાન બનાવી દુનિયાભરમાં ગૌરવાન્વિત કર્યો એનો ઈતિહાસ બહુ પ્રેરણાદાયી ને રોમાંચકારી છે. બોલ્શેવિઝમની પેઠે જગતના હાઉ સમી બની રહેલી એ આખી ફૅસિસ્ટ હીલચાલ અને એના અગ્રણી, ઈટાલીના સત્તાધીશ સરમુખત્યાર મુસોલિનીની વિસ્તારી જીવનકથા 'કુમાર'માં હવે પછી આપવાના અમારા અભિલાષ છે. આજ તો, ફૅસિસ્ટ હીલચાલનો ત્યાંની ઉગતી પ્રજાના ઘડતરમાં શો ફાળો છે તેનો નિર્દેશ કરતી થોડી હકીકત અહીં આપીએ.

જગતની પુરાણી નગરીઓમાં એક વખતની અલબેલી રોમ નગરી, વચમાં આવી ગએલી તેની જર્જરિત અવસ્થા ખંખેરીને આજ ફરી એકવાર જાગૃતિની ચેતના અનુભવતી ખળભળી રહી છે. ઇટાલીના રાષ્ટ્રનું નખ-શિખ પુનર્વિધાન કરનારી એ ફૅસિસ્ટ હીલચાલે છેક છ વરસની પાંગરતી વયના પોતાના ફુટતા નાગરિકમાં ચેતન્ય પુરવા માંડયું છે. આજ તો એ બાળક ફૅસિસ્ટો—એ નાનકડા નાગરિકોના સમુદ્ર રોમમાં ભાગે ભરતીએ ચડયો છે.

કાળુ ખમીસ, પીળા ગરુડ (ઈટાલીનું રાષ્ટ્રચિહ્ન)થી અલંકૃત થએલી કાળી ટોપી, કાળી ચડ્ડી અને ગળે ઝુલતા આસમાની રંગના રુમાલ એ રાષ્ટ્રપોશાકથી સજ્જ થએલા ને હાથમાં ક્યારેક દંડુકા ધારણ કરતા એ બાલનાગરિકોનો માનવસમુદ્ર, દર રવિવારે, રોમના રાજમાર્ગો અને શેરીઓમાં હિલોળે ચડે છે. આવા ઉગતા, આશાભર્યા દસ લાખ બાળ

ફૅસિસ્ટોની વ્યવસ્થિત સેના આજ ઇટાલી પાસે તૈયાર છે. અને એવો અડસટ્ટો નીકળ્યો છે કે દર વર્ષે એ સેનામાંથી દોઢ લાખ નવલોહીઆ દુગ્ધમલ્લ જુવાનો ઉમરલાયક થઈ ફૅસિસ્ટ પક્ષમાં ઉમેરાતા જાય છે. રાષ્ટ્રસેવા કરવાને હર પળે તત્પર એવા જુવાન ફૅસિસ્ટો તૈયાર કરનારી આ હીલચાલની વ્યવસ્થા જાણવા જેવી છે.

૧૯૨૬ના એપ્રિલની ૩જી તારીખે ઇટાલીમાં એક કાયદો અમલમાં મુકવામાં આવ્યો. એ કાયદાની રૂએ ઇટાલીભરની ઉગતી પ્રજાને 'બૅલિલા' અને 'ઍવેન્ગાર્ડિયા' નામનાં બે ફરજિયાત રાષ્ટ્રમંડળોમાં વહેંચી નાખવામાં આવી. ૯ થી ૧૪ વર્ષની ઉમરના છોકરાઓ 'બૅલિલા'માં અને ૧૪ થી ઉપરની ઉમરનાને 'ઍવેન્ગાર્ડિયા'માં દાખલ કરવાનો રાષ્ટ્રનો આદેશ થયો. તેમને દાખલ કરવાના વિધિ, તેમને કેળવીને વિકાસ કરવાની પદ્ધતિ, તેનાં ધારાધોરણ, વ્યવસ્થા વગેરેને લગતું બધું વિગતવાર બંધારણ કાયદાની રૂએ દેશના પ્રાંતે-પ્રાંતના મુખ્ય મથક પર પહોંચાડવામાં આવ્યું. જોતજોતામાં તો તેનો ઝડપી અમલ શરૂ થયો.

એવો ઝડપી, કે કાયદો જાહેરમાં મુકાયો તે પછી થોડા જ વખતમાં બૅલિલા અને ઍવેન્ગાર્ડિયા એ દરેક મંડળમાં ચારચાર લાખ બાળકોની ભરતી થઈ ગઈ. દિન પર દિન એ સંખ્યા વધતી જ ચાલી;–તે એટલી હદ સુધી કે હમણાં ઇટાલીમાં એવું જાહેરનામું પ્રગટ કરવામાં આવ્યું છે કે મોટા ફૅસિસ્ટ મંડળમાં હવે ઉમરલાયક માણસોની ભરતી થતી અટકાવવી, કેમકે આ જુવાન મંડળોમાંથી જ ભરતી પુરતી સંખ્યા મળી રહેવા લાગી છે.

અને ખરેખર, એ જુના ફૅસિસ્ટો હવે ધીમેધીમે એક પછી એક નિવૃત્ત થવા લાગ્યા છે. બાવીસ બાવીસ વરસના તાલીમબાજ ઉછળતા લોહીના જુવાનો પોતાની જગ્યા લેવા માટે તૈયાર થઇ આવતા જોઇ એમની છાતી અભિમાનથી ઉછળે છે. મુસોલિનીને પડખે રહી ઇટાલીનું રાષ્ટ્ર સ્વતંત્ર્ય ને સંગઠિત કરવામાં પોતે ઠીક સેવા બજાવી લીધી છે એવા સંતોષ સાથે, પોતાના આ નવા વારસદારોથી ગૌરવ પામતા પોતાની જગ્યાઓ તેમને હર્ષ અને અભિમાનથી તેઓ સોંપે છે.

અને મુસોલિનીની પણ દેશને અત્યારે એ જ હાક છે કે અમારે નવજુવાનો જોઇએ છે; એકેએક શહેરના અગ્રણીઓ પણ પોકારે છે કે અમારે જુવાનિયા જોઇએ છે; યુવાન, યુવાન, યુવાન,—આખું ઈટાલી અત્યારે એ એક જ સાદ પાડી રહ્યું છે. સોળ વર્ષનો ઈટાલિયન કુમાર એ તો દેશની અત્યારે અણમોલી ને ઉજળી આશા મનાય છે.

આ ઉગતા ફૅસિસ્ટોને કેળવવા માટે પહેલી જરૂરિયાત કડક નિયમન—આકરામાં આકરી વ્યવસ્થાની ગણાય છે. છ વરસનો નાનકડો ચેંદ્સ શાળામાં દાખલ થાય અને બૅલિલા મંડળમાં જોડાય એ જ પળથી તેને વ્યવસ્થાની કડક



ઇટાલીનો રાષ્ટ્રવિધાતા : બેનીટો મુસોલિની

તાલીમ આપવી શરૂ થાય છે, અને તે ઍવેન્ગાર્ડિયામાં પહોંચતાં તો અતિશય કડક બની જાય છે. એ નિયમનની આવશ્યકતા એ નાનકડા નાગરિકો પણ કેટલી સમજે છે અને તેના પાલન માટે કેટલો આગ્રહ રાખે છે તેનો એક નાનોસરખો પ્રસંગ જાણવા જેવો છે:

રવિવારના એક ખીલતા પ્રભાતે રોમની શેરીઓમાં કાળાં ખમીસની હાર કુચ કરી રહી હતી. રાજમહેલની પછવાડે આવેલા ઉમરાવ વૉલ્પિના મકાન આગળ એ ટુકડી થોડી વાર આરામ માટે ઉભી રહી. જમણા હાથમાં ફૅસિસ્ટોનું—ચિહ્ન દંડુકો ધારણ કરતા એના નાયકે આરામનો હુકમ આપ્યો અને એ કાળાં ખમીસો હારમાંથી વિખરાઇ જઈ એકબીજા જોડે વાતો કરતાં ઉભાં રહ્યાં. આ ટોળીનો સૌથી નાનકડો સૈનિક—છ વર્ષનો એક બાળ ભુલથી જમીન પર બેસી ગયો. એ એણે નિયમભંગ કર્યો હતો. બીજી જ પળે બધા છોકરાઓના ચહેરાના ભાવ બદલાઇ ગયા. તેઓએ વાતો બંધ કરી. સૌ ખભા ટટ્ટાર કરી રસ્તાની બાજુ પર બેઠેલા એ નાનકડા ગુનેહગાર તરફ તાકી રહ્યા. બાળકે તે જોયું ને તરત ઉભો થઈ ગયો. કોઇ કાંઇ બોલ્યું નહિ. થોડી જ મિનિટ પછી એ કુમારસેનાના નાયકે દંડો ઉંચો કર્યો ને કાળાં ખમીસિયું એ લશ્કર કુચ કરી ગયું. વ્યવસ્થા ને નિયમનનો એ એક મુંગો પાઠ હતો.

આકરી વ્યવસ્થાના પાલનની સાથે તેમને અનેક પ્રકારની શારીરિક તાલીમ તથા તલવારની પટાબાજી, મુક્કાબાજી

વગેરે પણ શીખવવામાં આવે છે, અને તે ઉપરાંત દર અઠવાડિયે એકવાર જુદાજુદા બાગોમાં પર્યટને લઈ જઇને વન્ય રમતગમતો તથા સ્કાઉટિંગની પણ તાલીમ અપાય છે. અત્યાર સુધી આ પર્યટનો અને સ્કાઉટિંગ ઇટાલિયન બાળકોના શિક્ષણમાં નહોતાં; તે દાખલ થવાથી હવે આ નાનકડા શહેરીઓના વિકાસમાં કેટલાં યે નવાં પ્રકરણો ઉઘડયાં છે.

આમ, આ પ્રવૃત્તિ કડક નિયમન, વ્યક્તિગત સુઘડતા, ચારિત્ર્યનું ઘડતર અને સેવાભાવના લાવવા ઉપરાંત તેમનામાં રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટાવે છે, અને તેમના દેશ તથા શહેરની સમગ્ર રાજ્યવ્યવસ્થાનો સંપૂર્ણ ખ્યાલ આપી દઈ નાનકડા ફૅસિસ્ટને તેને શિર રહેલી જવાબદારીનું ભાન બહુ પહેલું કરાવી, દેશના હાકલ પડે ત્યારે બહાર નીકળી પડવા સજ્જ બનાવી દે છે.


અને કેવળ ત્યાંનો કુમારવર્ગ જ આ રીતે પલોટાય છે એમ નથી. ત્યાંના કન્યાવર્ગે પણ આ તાલીમના અખાડામાં શૌર્યથી ઝંપલાવ્યું છે, અને સૈકાઓથી અવગણના પામેલો ઇટાલીનો એ સ્ત્રીવર્ગ આજ પોતાનાં ઘરોના એકાંતવાસના પડદા તોડી બહાર આવી લશ્કરનો યૂનિફૉર્મ ચડાવી લે છે. બૅલિલા ને અવૅન્ગાર્ડિયા જેવાં કન્યાઓનાં પણ બે મંડળો છે: બાર વર્ષ સુધીની નાની બાળાઓ માટે 'પિક્કોલે ઇટાલિયાને' અને બારથી ઉપરની વયની કન્યાઓ માટે 'ગિયોવાની ઈટાલિયાને', એ બંનેમાં મળીને આજ ત્રણ લાખ કુમારીઓ છે. રાષ્ટ્ર અને સમાજને હર પળે ઉપયોગી થઈ શકે એવા ઉંચા નાગરિક ધર્મની તાલીમ ઈટાલીનું એ અરધું અંગ આ મંડળોમાં પામે છે.

જેનો જુનો જાહોજલાલીનો ગૌરવભર્યો ઇતિહાસ પ્રાચીનતાના પડ નીચે દટાએલો પડ્યો છે એ એક વખતના સમૃદ્ધ ને સમર્થ ઇટાલીનું આજ આમ નખશિખ પુનર્વિધાન થઈ રહ્યું છે, અને જગત આશ્ચર્યમુગ્ધ આંખે જોઈ રહેશે કે થોડા જ વખતમાં ઇટાલીની શેરીઓમાં કુમકાતાં એ ફૅસિસ્ટ યુવક-યુવતીઓનાં તાલીમબદ્ધ ટોળાં ફરી એકવાર પોતાની માતૃભૂમિના ગૌરવનો દિગંત ડંકો વગાડશે.

આ પ ણી ઉ ગ તી પ્ર જા

ડાકોરના સાહિત્યસભાના યુવાન ને કન્યાની સભ્યોએ ગઈ તા. ૧-૬-૨૮ના દિવસે ખાદી પ્રદર્શન અને કલાપ્રદર્શન ભર્યા હતા તેને ખુલ્લું મુકવાની ક્રિયા દલિતોના બાપા **શ્રી** અમૃતલાલ ઠક્કર પાસે કરાવીને તે સમયની એમની હાજરી તથા પ્રવચનનો લાભ ડાકોરની ઉગતી જનતાને અપાવેલો.

ઉમરેઠના યુવકમંડળની પ્રવૃત્તિથી તો વાચકો પરિચિત હશે જ. એ મંડળના હસ્તલિખિત માસિક 'ઉદય'નો એક વાર્ષિક અંક છપાવીને આવતી દીવાળીએ ભરાનારા એમના વાર્ષિક સંમેલન વખતે પ્રગટ કરવાનું એમણે ઠરાવ્યું છે. એક સો એક પાનાંનો નીકળશે ને કીંમત એક રૂપિયો રહેશે.



રંગવાદળી

'સોના ઇંઢોણી રૂપા બેડલું રે નાગર ઉભા રો' રંગરસિયા'
એ લોકગીતનો ઢાળ

લીલા છે મોર, કાળી વાદળી રે
એક વાર ઉભાં રો' રંગવાદળી!
વરસ્યા વિણ શાને વળ્યાં જાવ રે
એક વાર ઉભાં રો' રંગવાદળી!

ઝુરે બાપૈયા ઝુરે ઝાડવાં રે — એક વાર૦
તરસ્યાં નદીઓ તે કેરા તીર રે — એક વાર૦

ઝાઝા દા'ડાના દીધા વાયદા રે — એક વાર૦
બેઠાં આશાએ બાર માસ રે — એક વાર૦

ઉંચા આકાશની અટારીએ રે — એક વાર૦
ઉભાં શાને વિજોગી વેષ રે — એક વાર૦

ઓઢી છે ઇંદ્રધનુ-ઓઢણી રે — એક વાર૦
મેલ્યા બે છેડલા ઢળંત રે — એક વાર૦

આષાઢી બીજની આડયો કરી રે — એક વાર૦
તારાની ટીલડી લલાટ રે — એક વાર૦

કાંડે તે વીજ કેરી કાંકણી રે — એક વાર૦
વાદળગંગાનો ગળે હાર રે — એક વાર૦

ઝાઝા તે કાળની વિજોગણી રે — એક વાર૦
કાઢો છો કોને કાજ દોટ રે — એક વાર૦

જાગ રે દેવીની તમે દીકરી રે — એક વાર૦
દાદા રૂઠ્યા તે રવિ ભાણ રે — એક વાર૦

જનનીની પ્રીત કેમ વિસર્યાં રે — એક વાર૦
દાદાના તાપ શો સંતાપ રે — એક વાર૦

આવો આકાશની અપ્સરી રે — એક વાર૦
પૃથ્વીના પંખીડા પોકારે રે — એક વાર૦

ટાંપીટાંપીને મોર ટૌકીઆ રે — એક વાર૦
આવો અમારી ભરેલી બેન રે — એક વાર૦

ઝવેરચંદ મેઘાણી



આ જમાનાની એક અદ્‌ભુત વિદ્યા

ફોટોગ્રાફી


[અનુસંધાન અંક ૪૫-૪૬થી]

પ્રકરણ ૨ જું : કૅમેરા

હાથે બનાવવાની રીત તથા તૈયાર બનાવટના વાપરવાની રીત

આપણે જાણી શકયા કે ફોટોગ્રાફિક ચિત્રો પ્રકાશનાં કિરણોથી જ પડે છે અને એક જ છિદ્ર મારફત વસ્તુ કે દેખાવનાં કિરણો પકડવાને બંધ ઓરડાની જરૂર પડે છે. તમે એકાદ ઓરડાને બંધ કરી બારણામાંથી એક જ છિદ્ર મારફત કિરણો કોઈ કાગળ પર લેશો તો બહારનું ચિત્ર તે પર જોઇ શકાશે. આમ કૅમેરા એ બીજું કાંઇ નહિ, પણ એક અંધારી ઓરડી જ છે. ચિત્રનાં કિરણો લાવવાના છિદ્રને લેન્સ (એટલે આંખની કીકી) કહે છે. તમે એક નાની પેટી બનાવી એક બાજુ ટાંકણીથી ઝીણું છિદ્ર પાડી, સામી બાજુ ઢાંકણાને ઠેકાણે તેલ ચોપડેલો સફેદ કાગળ રાખી, કપડાથી પાછળનો ભાગ ઢાંકીને જોશો તો સામેનું ચિત્ર એ કાગળ પર ઊંધું પડેલું દેખાશે.

હવે આ પ્રકાર કેમ બન્યો તેનો વિચાર કરીએ. આ નીચેના ચિત્રમાં બહારનાં આકારના 'અ' બાજુનાં કિરણો સીધાં છિદ્રમાંથી અંદર જઈ પડદાને અડે છે અને 'બ' તરફનાં કિરણો પણ સીધાં જ જાય છે.




એ બંને તરફનાં કિરણોને એક જ છિદ્રમાંથી સીધાં જવાનું હોવાથી આકાર ઉલટો પડે છે. પડદો છિદ્રથી આઘોપાછો ખસેડવાથી આકૃતિ નાની મોટી દેખાય છે તેનું કારણ, કિરણ છિદ્રોથી દૂર જતાં પહોળાં થાય છે એ જ છે. આ છિદ્રને મોટું કરશો તો કિરણો પડદા ઉપર જશે પણ આકૃતિ બંધાશે નહિ.

કૅમેરાની રચનામાં પણ આ જ પ્રકારે ચિત્ર પકડવાની ગોઠવણ રાખવામાં આવે છે. પડદાની જગ્યાએ પ્રકાશની છાપ લેનારાં રસાયણો ચોપડેલી કાચની પ્લેટ મુકવામાં આવે છે અને છિદ્ર આગળ, ઝડપથી ઉઘાડવાસ થાય એવી ચાંપ હોય છે; જેથી પ્લેટ ગોઠવી પ્રકાશ આપતાં જ તે પર ચિત્ર ઝડપાય છે. તે પછી એ ચિત્રને સ્થાયી કરવાની ક્રિયાઓ પાછી અંધારી ઓરડીમાં જઇ કરવામાં આવે છે. એ વિષે આગળ ચિત્ર અને પ્લેટની ક્રિયાઓના પ્રકરણમાં વિસ્તારથી સમજણ લઇશું.

કૅમેરામાં માત્ર છિદ્ર રાખવાથી ચિત્ર તો પડી શકે; પણ તેમાંથી આવતાં કિરણો ઘણાં જ ઓછાં હોય છે. આથી ખરી ફોટોગ્રાફી માટે તે છિદ્રની જગ્યાએ કાચનો લેન્સ મુકવાની જરૂર પડે છે. ઘેર પ્રયોગ કરી જોવો હોય તો તે માટે લેન્સને બદલે ગોળ ચશ્માનો બે બાજુ ઉપસેલો કાચ પણ ચાલે. જોકે અત્યારે તો આટલી સાદી ફોટોગ્રાફી કરવાની મુખ્ય સગવડોવાળી કૅમેરાની નાની પેટીઓ બજારમાં માત્ર રૂા. ૫ ની કીમતે મળી શકે છે; પરંતુ જે વિદ્યાર્થીઓને પોતાની ચીજો હાથે જ બનાવી લેવાનો ઉમંગ છે તેઓ નમુના ખાતર એક કૅમેરા બનાવી લે તો ઘણું શીખી શકશે. જેમને ફોટોગ્રાફી કરવી ન હોય પણ માત્ર તેની ક્રિયા જ સમજવી હોય તેઓ લેન્સ વિના ચલાવી શકશે. તેમણે નીચે મુજબ એક પેટી તૈયાર કરવી. પેટી પુઠાની કરો અથવા પાતળાં પાટિયાંની બનાવો, પણ તેના સાંધા બરોબર બંધ થવા


જોઇએ. તેમાંથી પ્રકાશનું ઝીણું કિરણ સરખું પણ આવે નહિ એવી રીતે ચારે બાજુ કાળા કાગળની પટી ચોડી દેવી જોઇએ. નીચે આપેલા નમુના ને માપ પ્રમાણે પેટી બનાવવા માટે નીચેની સામગ્રી જોઇશે.



૪ ઇંચ સમચોરસ તથા ૯ા ઇંચ લંબાઈની એક પેટી તૈયાર કરીને લેન્સની બાજુએ દોઢ ઇંચ અંદરના ભાગમાં એક પાટિયું જડી લ્યો અને તેની બરોબર મધ્યમાં એક ગોળ છિદ્ર પાડો. લેન્સ વિનાનો કૅમેરા કરવો હોય તો એ ઠેકાણે માત્ર પુઠું બેસતું કરશો તો ય ચાલશે. તેની આગળ એક ઇંચના કાણાવાળું ઢાંકણું કરો. પછી ચિત્રભૂમિ વાળા પડદા પર ધ્યાન આપો. તેની ઉપર જ ચિત્ર પડે છે, અને ચિત્ર પકડનારી પ્લેટ પણ તે જગ્યાએ જ ગોઠવાય છે; એટલે એની યોજના સંભાળથી કરવાની જરૂર છે.

ચિત્રભૂમિનો પડદો પેટીમા આગળ પાછળ સરતો રહે એ જાતનો કરવો જોઇએ. એટલે તેની ચારે કોરો ઉપર પા પા ઇંચના પટા કાટખુણે ચોડવાની જરૂર રહેશે. ચિત્રભૂમિનો આ પડદો ચોડી ન દેવો. તેની જગ્યા તો છિદ્ર કે લેન્સમાંથી આવતા ચિત્રની સ્પષ્ટતા કયે ઠેકાણે આવે છે તે જોઇને નક્કી થઇ શકશે. લેન્સમાંથી આવતાં ચિત્રો માત્ર જોવા પુરતો જ આ કૅમેરા હોય તો તો ચિત્રભૂમિની જગ્યાએ તેલિયો કાગળ અથવા રેતીથી ઘુંટેલો કાચ મુકશો તોપણ કામ ચાલશે. પરંતુ આ કૅમેરાથી ફોટોગ્રાફ લેવા હોય તો તો પડદાને જરૂર પુરતો ખસેડી ચિત્રની સ્પષ્ટતા નક્કી કરી બરોબર તે જ જગ્યાએ પ્લેટ આવે એવી ગોઠવણ કરવાની જરૂર રહે છે. આમાં જરા કુશળતા વાપરવાની હોય છે.

પ્લેટો મુકવા માટે પ્લેટ હોલ્ડર બજારમાં તૈયાર મળે છે તે મેળવી લેવાથી તર્કાલિફ બચશે. પરંતુ એ પણ જાતે જ બનાવી લેવાની તમારી હામ હોય તો



સાથેના ચિત્રમાં બતાવેલા નમુના મુજબ પુઠા અને પાટિયાની મદદથી બની શકશે. પરંતુ ચોકસાઇ અને સફાઇ વિના એ બરોબર પરિણામ આપશે નહિ. તેમાં ૨½ × ૩½ ના માપની પ્લેટ બેસતી થાય, તેનું ઉપરનું ઢાંકણું બરોબર ચડે ઉતરે એવું થાય અને તે સિવાય ક્યાંયથી પણ પ્રકાશ ન જાય એવી ગોઠવણ થવી જોઇએ. ઢાંકણાના ઉપરના ભાગમાંથી પ્રકાશ ન જાય એટલા માટે બહાર રાખેલા ભાગ પર બંને બાજુ પા ઈંચની આડી પટીઓ ચોડી દેવી અને દરેક ગાળા આગળ કાળી મખમલની પટીઓ સરેસથી ચોટાડી દેવી જેથી ઝીણી તરાડ વાટે પણ જરા યે પ્રકાશને જગ્યા મળે નહિ.

પ્લેટ હોલ્ડર બનાવ્યા પછી ચિત્રભૂમિની જગ્યાએ તેને ઉપરથી દાખલ કરી શકાય એવી ગોઠવણ કરો. ચિત્રભૂમિ ખસેડતાં તેની જગ્યાએ જ પ્લેટની સપાટી આવી રહે અને હોલ્ડર અંદર બેસાડતાં તે આઘુંપાછું ખસી જાય નહિ એટલા માટે તેની બાજુએ ઘીસી તરીકે પુઠાના ટેકા અંદર ચોડી રાખવા જોઇએ. બધું ચોડવાનું સરેસ વડે જ કરવાથી જોઇએ તેવી મજબુતી થશે.

પ્લેટ હોલ્ડરની ગોઠવણ થયા બાદ હવે લેન્સ આગળનું ઢાંકણું ધાર્યા પ્રમાણે તરતથી ઉઘડે–વસાય એવું કરવાની જરૂર છે. આને માટે પ્રથમ લેન્સની આગળના ભાગમાં બેસતું આવે એવું એક ચોરસ પુઠું કે પાટિયું લો અને તેની વચોવચ પોણા ઇંચ વ્યાસનું એક બરાબર ગોળ કાણું પાડો. તેની ઉપર તરતથી ઉઘડે–વસાય એવી એક ચાંપ અથવા ઢાંકણું (શટર) તૈયાર કરવું પડશે. નીચે તેનું જુદું ચિત્ર છે. પ્રથમ લેન્સના કાણાની બરોબર નીચે એક મધ્યબિંદુ લઇ કંપાસ વડે એવી કમાન દોરો કે જે લેન્સને ઢાંકતી ઉપર થઇને પડખાને અડતી નીચે પહોંચે. હવે



લેન્સનું શટર અથવા ઢાંકણું

એ કમાનના માપ પ્રમાણે બીજા એક પુઠા ઉપર ગોળ દોરી કાપી કાઢો. એ ગોળનું મધ્યબિંદુ લેન્સ-વાળા પુઠા પરના મધ્યબિંદુ ઉપર રાખતાં તથા એ બાજુ ફેરવતાં લેન્સના કાણાની બંને બાજુએ પોણો-પોણો ઇંચની જગ્યા રહે એવડો પા ગોળ તેમાંથી કાપી કાઢો. તેની મધ્યમાં લેન્સના કાણા જેવડું જ એક કાણું કોરી કાઢો તથા નીચેના ખુણામાંથી, ચિત્રમાં બતાવ્યા મુજબ, ચાંપ રૂપે બહાર રહેતો ભાગ કાપી કાઢો. આ ચાંપ અથવા શટર તૈયાર થયું. તેને લેન્સવાળા પુઠા ઉપર બંનેના મધ્યબિંદુ મિલાવી તે ફરતું રહે એવી રીતે ટાંકણી વડે જડી દ્યો. આ શટર અદ્ધર રહી બરાબર ફરતું રહે એટલા માટે ચિત્રમાં બતાવ્યા પ્રમાણે લેન્સવાળા પુઠાની ચોમેરની કોર પર બતાવેલા કાળા ભાગની જગ્યાએ શટરના પુઠાની જાડાઇની જ પુઠાની પટીઓ ચોડો; માત્ર નીચેની કોર પર શટરની ચાંપને ફરવા માટે થોડી જગ્યા ખાલી રાખજો. અહીં ચાંપનો બહાર દેખાતો છેડો આઘોપાછો કરવાથી લેન્સનું મોં ત્વરાથી ખુલશે અને તુરત બંધ થઈ જશે.

હવે લેન્સના પડદા પર લેન્સ ચડાવવાનું કામ. એ બહુ સંભાળથી કરવાનું છે. બને તો સંઘાડા પર લાકડાની નાની ચુડી બનાવડાવી લેવી અને તેની એક બાજુ લેન્સ બેસે એવી ઉંડાઈ છોલીને મીણ કે લાખથી લેન્સ ચોટાડી દેવો, અથવા લેન્સને દાબી રાખે એવી પુઠાની ચકરડી ચોડી દેવી. ચશ્માનો લેન્સ મોટો હોય છે તેથી તેનો પોણા ઈંચ જેટલો ગાળો ઉઘાડો રાખી બાકીનો ભાગ ઢાંકી દેવો. કૅમેરાનો દરેક ભાગ એવી રીતે જોડવો કે લેન્સને ગમે ત્યારે સાફ કરવા માટે બીજા ભાગ ચોકસાઈ જાળવીને ખસેડી શકાય. આમ લેન્સ ને પ્લેટહોલ્ડર બનાવી લેવાની રીત તો આપી છે; છતાં કામ પુરતાં તે તૈયાર ખરીદી લેવાય તો સારૂં.

લેન્સ અને હાલતા ઢાંકણા (શટર) વચ્ચેની જગ્યામાં ડાયાફ્રામ એટલે કે નાનાં મોટાં થતાં છિદ્રોનું એક પાનું નાખવાનું હોય છે. આ પાનું, ઉપરથી એક સરખું નખાય અને સરે એવું થાય એટલા માટે તેની બાજુમાં પુઠા વડે ઘીસીઓ બનાવવી પડશે. તે શટ-રના પુઠાની પાછલી બાજુએ થઈ શકશે.

ડાયાફ્રામનાં પાનાં બે જાતનાં કરવાં. એક લેન્સ તદ્દન બંધ રાખવા માટે કાણા વિનાનું પાનું; અને બીજામાં બે માપનાં કાણાં પાડવાં જે બરાબર લેન્સ ઉપર જોઇએ ત્યારે આવી રહે. એક કાણું ⅕ ઇંચના વ્યાસનું ને બીજું ⅛ ઇંચના વ્યાસનું રાખવું. ડાયા-



ફ્રામનાં આ પાનાં શટરની પાછળ સરતાં બને એટલે તેનું કામ પુરૂં થયું. લેન્સ ઉપર તે બરાબર લાગી રહે એટલા માટે તેને બાંધી લેવું.

આ લેન્સ, ડાયાફ્રામ વગેરેનો ઉપયોગ અને માપ તેને લગતા ખાસ પ્રકરણમાં આપીશું. હાલ તો કૅમેરાના ખોખાની બનાવટ જાણવા માટે તથા ફોટોગ્રાફીના સિદ્ધાંતો સમજવા માટે આટલું બસ થશે. કોઇ કુશળ કારીગર જ દરેક રીતે સંપૂર્ણ કૅમેરા ઘેર બનાવી શકે. છબીઓ પાડવા માટે તો બજારમાં તૈયાર મળતા ઘણી જાતના કૅમેરામાંથી કોઇએક ખરીદી લેવાની સલાહ જ યોગ્ય ગણાશે. રૂા. ૫ થી માંડીને ૫૦૦ સુધીના હાથમાં વાપરવાના કૅમેરા મળે છે. શરૂઆત કરનારે તો ઉપર આપેલા વર્ણન પ્રમાણે જ મળતા પેટીઘાટના કૅમેરા લેવા, જેથી પરિણામ ચોક્કસ અને ધારેલું લાવી શકાશે. સાધારણ ચાલુ કામની ફોટો-ગ્રાફી માટે મોંઘા જ કૅમેરા જોઇએ એવું જરા યે ન માનવું. ફોટોગ્રાફીનાં તત્ત્વો સમજાઇ ગયાં હોય તો સસ્તા કૅમેરાથી પણ આકર્ષક ચિત્રો લઇ શકાય.

(ચાલુ) ર. મ. શા.

ફુલવાડી

સુરઅસુરના સંગ્રામમાં મરણ પામતા દૈત્યોને એમના ગુરુ શુક્રાચાર્ય સંજીવની મંત્ર વડે સજીવન કરતા. દેવોના ગુરુ બૃહસ્પતિ પાસે એ મંત્ર નહોતો, અને તે કારણે ઇન્દ્રદેવ ચિંતાતુર રહેતા. દેવેન્દ્રને પ્રસન્ન કરવા બૃહસ્પતિએ પોતાના પુત્ર કચને શુક્રાચાર્ય કને સંજીવની વિદ્યા મેળવવા મોકલ્યો. કચે જઇને કહ્યું કે 'મારે દેવતાઓનું કૈં કામ નથી. હું તમારી ક્ષુદ્રમાં ક્ષુદ્ર સેવા કરીને પણ રહીશ.' શુક્રાચાર્યે મનમાં વિચાર્યું કે 'બૃહસ્પતિનો પુત્ર મારો શિષ્ય થાય એમાં મારી મોટાઈ વધશે.' કચ ત્યાં શિષ્ય થઇને રહ્યો.

દરમ્યાન શુક્રાચાર્યની કન્યા દેવયાનીને કચ તરફ પ્રેમભાવ જાગ્યો. પણ જ્યારે દૈત્યોએ કચની, વિદ્યાસંપાદન અર્થે આવવાની વાત જાણી ત્યારે તેઓએ ગાય ચારવા ગએલ કચને મારી નાખ્યો. સાંજ પડચે કચ ઘેર ન આવ્યો એટલે દેવયાની કલ્પાંત કરવા લાગી. શુક્રાચાર્યે જ્ઞાનદૃષ્ટિ વડે જોયું તો કચ નિષ્પ્રાણ પડેલો. તેમણે દેવયાનીની ખાતર કચને સજીવન કર્યો. ફરીથી દૈત્યોએ કચને મારી નાખ્યો, અને આ વખતે તો તેને બાળી રાખ કરી એ રાખને મદ્યમા મેળવી, એ મદ્ય શુક્રાચાર્યને પાઇ દીધો. ફરીથી કચના વિયોગે દેવયાનીએ કલ્પાંત શરૂ કર્યું અને કચ સજીવન ન થાય તો આપઘાત કરવા હઠ પકડી. શુક્રાચાર્યે કહ્યું કે આ વખતે તો એ મારા પેટમાં ગયો છે, એ સજીવન કેમ થાય? હવે તો હું મરૂં તો એ જીવતો નીકળે. દેવયાનીએ સમજાવ્યું કે જો તમે એને પેટમાં જ સંજીવની શિખવો તો એ બહાર નીકળીને તમને સજીવન કરી શકે. શુક્રાચાર્યે અનિચ્છાએ તેમ કર્યું. કચ ગુરુનું પેટ ચીરી પુનર્જીવન પામ્યો અને પાછળથી તેણે શુક્રાચાર્યને સજીવન કર્યા.

હજાર વર્ષે વિદ્યા પામી રહી કચે ગુરુદેવની શીખ માગી. એ વેળા દેવયાનીએ કચને કહ્યું કે મારે લીધે તમને વિદ્યા મળી છે માટે મારી જોડે લગ્ન કરો. કચે જવાબ દીધો કે તું તો ગુરુપુત્રી એટલે મારી બહેન થાય. આથી દેવયાનીએ ક્રોધે ભરાઇ શાપ આપ્યો કે 'તારી વિદ્યાનો લોપ થાઓ' કચે સામો શાપ આપ્યો કે 'કોઇ ઋષિકુમાર તને ન વરો.' એ રીતે બંને જુદાં પડચાં.

આ નીચે ઉતારેલા સ્વ. 'કાન્ત'ના 'દેવયાની' કાવ્યમાં તો કચ દેવયાનીના નિર્દોષ પ્રેમભાવનો એક પ્રસંગ જ વર્ણવવામાં આવ્યો છે. આ અંકના મુખચિત્રમાંની બે તકતીઓ પણ એ જ પ્રસંગના શરૂઆતના ભાગનાં બે જુદાં જુદાં ચિત્રો બતાવે છે. સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ અથવા 'કાન્ત' નવી કવિતામાં અગ્રસ્થાને વિરાજે છે. એ સ્વ. કલાપીના સમકાલિન મિત્ર અને સલાહકાર હતા. શ્રી બલવંતરાય કલ્યાણરાય ઠાકોરના તો ગાઢ મિત્ર થતા. હજુ ચાર વર્ષ પર જ તેઓ કાશ્મીરના પ્રવાસથી પાછા ફરતાં વિદેહ થયા.

એમની કવિતા દેવયાની જેવી જ સરળ સુંદર, નિર્દોષ ને કુદરતી ભાવવાળી છે. જોકે એમાં સંસ્કૃત શબ્દોનો વાપર વધુપડતો છે ખરો; પણ તે પાંડિત્ય વગરનો ને સ્વાભાવિક છે. કાન્તની ભાષા રમતી-વહતી છે અને શબ્દો ભાવને અનુકુળ ને ઉદ્દીપક છે. ખાસ કરીને ખંડકાવ્યમાં વસ્તુની કળામય ગુંથણી કરવામાં ને અનુકુળ પ્રસંગો ચિત્રોની જેમ સાક્ષાત ખડા કરીને સમગ્ર વાતાવરણ જમાવવામાં એ સિદ્ધહસ્ત છે.

કાવ્યના વાતાવરણને સારૂ કાન્ત હમેશાં કુદરતને પ્રસંગ જોડે સહૃદયી બતાવવા ચુકતા નથી. અને એ કુદરતનું વર્ણન પણ એવું તો સાચું અને જીવતું કરે છે કે આખું કાવ્ય પૂર્ણપણે નિર્દોષ અને અખંડ સૌંદર્યવાળું ઉઠી આવે છે.

સ્વ. કાન્તની કાવ્યશૈલી બીજાથી સ્વતંત્ર અને ઘણે અંશે નિરાળી છે. વળી ખંડકાવ્યની રચનામાં ભાવને યોગ્ય અને અનુરુપ જેવી છંદપસંદગી અને છંદને યોગ્ય એવી ભાવગુંથણીની અજબ કળા એ સાધે છે. અને તેથી કાન્તની કવિતામાં 'મધુર કોમલ કાન્ત પદાવલિ' સર્વકાલ ચમકયા કરે છે. આ ઉપરાંત નવી કલ્પના, બંધબેસતી ઉપમા, શબ્દસગાઇ અને પ્રાસની ઝમક વગેરે એનાં કાવ્યલક્ષણ છે. અને ભાવને સૂક્ષ્મ સ્વરૂપ આપી તેને ભવ્ય બનાવવાની વિરલ કળા તો કાન્તના કવિ-આત્માને જ સાંપડી છે.

એમણે મુળ લખવા ધારેલા આખા 'દેવયાની' ખંડકાવ્યનો આ તો માત્ર એક વિભાગ જ છે, અને તે કવિના સરસમાં સરસ પ્રેરણાકાળ (ઇ. સ. ૧૮૯૦) વચ્ચે લખાએલો છે. વાચક એને કાન્તની કવિતાનાં ગુણલક્ષણને ધ્યાનમાં રાખીને વાંચશે તો તે આનંદદાયી થયા વગર રહેશે નહિ.

દેવયાની

અનુષ્ટુપ

"રજનીથી ડરૂં, તો યે આજે એ લેખતી નથી;
કયાં છો ? કચ ! સખે ! કયાં છો ? કેમ હું દેખતી નથી ?"

મંદાક્રાંતા

લંબાવેલા સ્વર મધુર આ વ્યોમ માંહે ફરે છે,
પુષ્પે પુષ્પે વિટપ વિટપે નૂતનશ્રી ભરે છે;
નાનાં નાનાં વપુ ધરી શકે શોભતા એ દિશામાં,
રેલંતા એ રતિ વિવિધ શી કૈં શશિની નિશામાં!

વસંતતિલકા

દિવ્ય પ્રભા નિરખી ઉત્સુક જે થએલી,
દેખાડવા સુહૃદને પ્રણયાર્દ્ર ઘેલી;
તે આ સ્વભાવસરલા કરી દોડ નાની,
બોલાવતી ધસતી બાલક દેવયાની.

શિખરિણી

તરે જે શોભાથી વન વન વિષે બાલ હરિણી,
સરે વા જે રીતે સુરસરિતમાં સૌમ્ય કરિણી:
કરે એવું જ્યોત્સ્નાભ્રમણ, ભ્રમણે જ્યાં અટકતો,
શશાંક પ્રેક્ષીને સુભગ મણિ સેંથે ઝળકતો!

અનુષ્ટુપ

તરુઓ અભિનંદે આ અંગો લલિતને નમી:
સમગ્ર નભ વર્ષે છે, આહા! ઉપરથી અમી!

મંદાક્રાંતા

ઠંડો મીઠો કુમુદવનનો માતરિશ્વા વહે છે,
ક્રીડંતો જ્યાં તરલ અલકશ્રેણિ સાથે રહે છે:
બાલાને એ વ્યજન કરતો દાખવે આભિજાત્ય,
પ્રેરે નૃત્યે પદ રસિકનો અગ્રણી દાક્ષિણાત્ય!

વસંતતિલકા

જેવી તરંગ શિખરે જલદેવી નાચે,
વક્ષઃસ્થલે શિશુ સમી ગણી સિંધુ રાચે;
અજ્ઞાત તેવું રમણીય નિહાળી લાસ્ય,
પામે પ્રમોદ વસુધા ઉભરાય હાસ્ય!

શિખરિણી

હવે તો મેદાને વરતનુ દિસે છે વિચરતી,
વિલોકે સામે, ત્યાં ત્વરિત ચરણોની ગતિ થતી;
રહ્યાં બંને બાજુ તરુવર, નહિ કાંઈ વચમાં,
વસેલું આવીને પણ સકલ સૌંદર્ય કચમાં!

અનુષ્ટુપ

રોહિણીપતિના ભાલે રશ્મિઓ રમતાં હતાં,
તુહિનાચલના જાણે શૃંગમાં ભમતાં હતાં!

મંદાક્રાંતા

શોભીતા શા સહુ અવયવો, સ્નિગ્ધ, ગોરા, ભરેલા,
યોગાભ્યાસ પ્રબલ થકી શા યોગ્યતામાં ઠરેલા;
ગાલે, નેત્રે, સકલ વદને, દીપ્તિ સર્વત્ર ભાસે,
જ્યોત્સ્નાને એ વિશદ કરતો સ્વચ્છ આત્મીય હાસે!

વસંતતિલકા

આકાશમંડલ ભણી દગ એ નથી જ,
વિશ્રામ આજ નથી ભૌતિક કોઇ ચીજ;
નેત્રો નિમીલિત થતાં હૃદયે તણાય,
અધ્યાત્મ ચિંતન નિમગ્ન થયો જણાય!

શિખરિણી

હવે તો આ આવી નિકટ ગુરુકન્યા કચ તણી,
અવસ્થાને જાણી નહિ, અગર જાણી નહિ ગણી;
"નિહાળે શું? હા! તો સફળ સમજું આગમનને!
નહિ: નીચી દૃષ્ટિ: અરર! અવમાને ગગનને!"

અનુષ્ટુપ

કર સાહી કહે મીઠું: "વ્યોમસાગરને તટે,
મુખ તો વિધુલક્ષ્મીનું જો, સખે! આમ ના ઘટે!"

મંદાક્રાંતા

પાડી નાખે તનુ પર પડ્યું બિંદુ. જે હૈમ આવી,
ઝાડીમાંથી મૃગપતિ જરા યાળ જેવો હલાવી;
ક્રીડો નાચે સુતનુ કરને એ પ્રમાણે કચે જ્યાં,
ઝાંખા જેવો વિધુ પણ થયો દૈન્ય દેખી નભે ત્યાં!

વસંતતિલકા

સાશંક ભીરુ નિરખી રહી આસપાસ,
નાનું દિસે મુખ અનાદરથી ઉદાસ;
ધીમે હવે કચ ભણી જ્યમ એ વળે છે,
તેવું જ હા! ઉતરતી દગને મળે છે!

શિખરિણી

જરા જોયું, ત્યાં તો અતિશય દિસે છે પ્રસરતી
કુમારીને લજ્જા, નયન પણ નીચાં જ ધરતી;
રહી વેળા થોડી કચ પણ હવે આમ ઉચરે,
હતું ધીમું તો યે, પરિચિત છતાં એ પણ ડરે!

અનુષ્ટુપ

"અવસ્થાભેદનું, દેવી! તને ભાન દિસે નહિ:
મુગ્ધ! શું સમજે છે તું બાલભાવ બધા મહીં?"

મંદાક્રાંતા

રે રે! એને શ્રવણ ન કદિ વાક્ય એવું પડેલું,
હૈયું એનું મૃદુલ વિરલું ગર્ભમાંથી ઘડેલું;
આંસુ આવ્યાં નહિ, પણ બની બાલિકા છેક ઝાંખી,
ઉભી યત્ને, વિવશ ચરણે, મર્મ નિઃશ્વાસ નાખી!

વસંતતિલકા

આ તે ઉભી કુમુદિની સરખી નમેલી,
જે ચંદ્રની વિકૃતિને ન કદિ ખમેલી;
લાવણ્યને વિવશ જોઇ નહિ શકે જે,
ચિત્તે બહુ વખત રોષ ક્યહાં ટકે તે?

શિખરિણી

સ્વસા જેવી, જેને દિલગીર કરેલી નહિ કદા,
રહી સાથે જેની શિશુ સમ બનેલો પણ સદા;
કરી તેની આવી સ્થિતિ નિજ કઠોર પ્રવચને,
થયો પશ્ચાત્તાપ પ્રબલ મનમાં તુર્ત કચને.

અનુષ્ટુપ

શબ્દ સાંત્વનને માટે શોધે, પણ મળે નહિ;
વિચારે બહુધા, તો યે કાંઈ ચેન વળે નહિ!

મંદાક્રાંતા

રોતી હોશે અવનત મુખે એમ શંકા કરીને,
ઉંચી લીધી તનુ કટિ કને બાહુ સાથે ધરીને;
"બાલે! શું છે વદ નભ વિષે, સજ્જ છું સર્વ જોવા,
તારી સાથે, અધિક રડશે તો પછી સાથ રોવા!"

વસંતતિલકા

રોકેલ અશ્રુદલ જે હૃદયે જડીને,
ભીંજે કપોલ કચના હમણાં પડી તે;

છાયું હતું ઘનપટે મુખ ખેદનાએ,
ત્યાં યે સુહાસ્ય વિધુના સમ અલ્પ થાય !

. . .   . . .

અનુષ્ટુપ

સ્ફુરે લાવણ્યનું શું આ પરિવર્તન અંગમાં:
રમતી રમણી ભાસે દિવ્ય નૂતન રંગમાં!

મંદાક્રાંતા

શોભે જેવી શુચિ નિસરતી માનસેથી મરાલી,
વર્ષા કેરા વિમલ જલમાં નાચતી વા મૃણાલી;
એચિંતી વા તનુ ચમકતી મેઘથી જેમ વીજ,
બાલા તેવી બની ગઈ, ખરે ! અદ્ભુત સ્પર્શથી જ !

વસંતતિલકા

વૃત્તાંત પૂર્વ સઘળું વિસરી ગઇ એ,
દ્રષ્ટવ્યમાં દ્વિગુણબદ્ધ હવે થઈ એ;
સ્નેહોર્મિથી સદયની થઇ આંખ ભીની,
જોતો રહ્યો સરલતા કચ સુંદરીની!

શિખરિણી

તરે જે શોભાથી વન વન વિશે બાલહરિણી,
સરે વા જે રીતે સુરસરિતમાં સૌમ્ય કરિણી;
કરે એવું જ્યોત્સ્ના ભ્રમણ, ભ્રમણે ત્યાં અટકતો
શશાંક પ્રેક્ષીને સુભગ મણિ સેંથે ઝબકતો!

અનુષ્ટુપ

વિશુદ્ધ સ્નેહનું જોડું વિશ્વસૌંદર્યમાં વહે:
વિલાસી વિધુ ને તારા નભથી નિરખી રહે!

'કાન્ત'

નવાં પુસ્તકો

ફોટોગ્રાફી: પ્રકાશક, એસ. ડી. છત્રપતિ રીડ રોડ, અમદાવાદ: કી ૦-૫-૦. આ નાની ચોપડી તેની કીમતના પ્રમાણમાં જરા મોંઘી ગણાય. પણ ગુજરાતી ભાષામાં ફોટોગ્રાફીની ક્રિયાનું ટુંકમાં વર્ણન આપનારી આ પહેલી જ ચોપડી છે એમ કહી શકાય. અંગ્રેજી જરા યે ન જાણતા હોય અને ફોટો સાહિત્યનો બીલકુલ પરિચય ન હોય તેને આ ચોપડી બહુ અટપટી લાગશે. એના વાંચનારની સરળતા ખાતર થોડાં ચિત્રોથી ખુલાસા આપ્યા હોત તો આ ચોપડીની મહેનત પુરી સાર્થક થાત. તોપણ હકીકતના સંગ્રહ ખાતર શિખાઉ ફોટોગ્રાફરે એ રાખવા જેવી છે.

કાવ્યપરિચય: ભાગ બે: સંગ્રાહક, રામનારાયણ વિ. પાઠક અને નગીનદાસ ના. પારેખ; ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ કી. ૦-૧૦-૦ દરેકના.

કંકડિયો: લેખક, નરહરિ દ્વારકાદાસ પરીખ; પ્રકાશક, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ; કી. ૦-૧૦-૦.

સુન્દરીઓનો શણગાર: સંગ્રાહક, મનુભાઇ જોધાણી; પ્રકાશક, જીવનલાલ અમરશી મહેતા અમદાવાદ; ૧-૮-૦




વિલાયતના પત્રો

લંડન: તા. ૩-૧૧-૨૭

અહીંના સામાજિક, ધાર્મિક અને રાજનૈતિક જીવન વિષેના તમારા જિજ્ઞાસુ પ્રશ્નોની હારમાળા (અને તે ય અપૂર્ણ છે!) જોઇને પહેલાં તો ગભરામણ થએલી કે આ બધી હકીકતો મારે સનકાદિક ઋષિઓને સુતપુરાણીએ કહી હતી તેવા વિસ્તારથી કહેવી પડશે તો તો 'સુરતરુની કલમ કર ધરી શારદા. . .' એ પ્રમાણે એ હકીકતો તો 'કોઇ પામે નહિ પાર. . .' એવી છે. વળી સુતપુરાણીએ તો 'વિશ્ણુ ભગવાને નારદ મુનિને લોકાનુગ્રહકાંક્ષયા' જે જે હકીકતો કહી હતી તેના આધારે પોતાની પરેડ ચલાવેલી, પણ મારે અહીં કોઇનો આધાર મળે એમ નથી. એટલે 'વત્સ! નાના પ્રકારના જીવોના હિત સારૂ તેં મને ઉત્તમ પ્રશ્ન પુછયો છે' એમ ધારીને હું જેટલું જાણું છું એટલું મારા દૃષ્ટિબિંદુથી ધીમેધીમે કહે જઇશ. આમાં કદાચ મારા પોતાના અનુભવોનો અને જાતનો ન ખસેડી શકાય એવો રંગ ઉમેરાશે, સત્ય કદાચ એથી જુદું હશે અને બીજો કોઇ એ પ્રશ્નોના ઉત્તર તદ્દન ભિન્ન રીતે અથવા તો બીજા દૃષ્ટિકોણથી આપે એમ પણ હશે; પરંતુ મને તો જે લાગ્યું છે તે જ હું જણાવીશ. અને તમને ય મારા પોતાના જ અનુભવો જોઇએ છે ના ?

પોલીસના પોષાક વિષેનો તમારો પ્રશ્ન શા હેતુસર હશે એ તો કાંઇ કલ્પી શકતો નથી. પણ જેમણે મુંબાઇના બંબાવાળાઓ જોયા હોય એમને જ આ વિષે ખ્યાલ આવી શકે. સર્વાંગ કાળો પોષાક, માથે કાળી હેલ્મેટ અને જમણે હાથે એક કોણી સુધીની સફેદ બાંય (આ વાહનોને તથા માણસોની આવજાને સરળ કરવાના ઉદ્દેશ સારૂ નિશાની કરવા માટે હોય છે.) એવા પોષાકવાળો છ ફીટથી જરા યે નીચો નહિ એવો અડીખમ, જેવો ઉંચો એવો જ ભરાઉ અને સશક્ત, અને હમેશાં હસતા ચહેરાવાળો અહીંનો પોલીસ મૅન જોતાંવેંત જ આશ્વાસનનું કારણ થઈ પડે



તીર્થાધિરાજ શત્રુંજય

જૈન ધર્મીઓનાં સૌ તીર્થોમાં અધિરાજ સમા મનાતા શત્રુંજયની યાત્રા સંબંધે જૈન કોમ અને પાલીતાણા ઠાકોર સાહેબ વચ્ચેના વાંધાની સમાધાની થઇ જવાને પરિણામે ગઇ તા. ૧લી જુનથી ત્યાંની યાત્રા ફરી શરૂ થઇ ગઇ છે. ગુજરાતના એ પરમ દર્શનીય સ્થળની વિગતે માહીતી અમે 'કુમાર'ના ૧૯૮૨ના ભાદરવા અંકમાં એના ચિત્ર સાથે આપી છે. પોતાના મસ્તક પર મંદિરોનું નગર ધારણ કરતા એ દેવગિરિનું દૃશ્ય આ ચિત્ર જેટલું જ ગૌરવભર્યું અને આહ્લાદક છે.

'કુમાર'
અષાડ
૧૯૮૪





બે જાળીઓનાં ડિઝાઇન
કલ્પક
રવિશંકર રાવળ

છે. પોલીસદળમાં ભરતી કરતી વખતે નવા આવનારાઓમાંથી ખુબ ઉંચા અને સશક્ત માણસોને જ પસંદ કરવામાં આવે છે. અહીંનો પોલીસ મૅન ત્યાંની જેમ જરા યે ગભરામણનું કારણ બનતો જ નથી. માર્ગ ભુલેલાને તો એ ઉલટો બહુ જ ઉપયોગી નીવડે છે.

લાખો માણસની વસ્તીવાળા અને માઇલોના વિસ્તારના આ લંડન શહેરની નાનામાં નાની શેરી કે ગલી વિષે એને પુછીએ એટલે પાસેનું રેલવે સ્ટેશન બતાવે, કયે સ્ટેશને ઉતરવું એ કહે અને ત્યાંથી કેટલા ડાબા અને કેટલા જમણા ફેરા લેવાથી ધારેલે સ્થળે પહોંચાશે એ બધું ય સમજાવે. ન સમજ્યા હોઇએ તો ફરીને કહે, અને જરા યે કંટાળ્યા સિવાય દરેક માણસને આવી સૂચનાઓ તો દિવસમાં એ અસંખ્ય વાર આપતો હશે. તે સિવાય એનું બીજું કામ મોટરો અને ખટારાઓને પસાર થવાની રજા આપવાનું હોય છે. બે રસ્તાઓ મળતા હોય ત્યાં લગભગ એક પોલીસ તો હોય જ; અને અકસ્માતો ન બને એ ખાતર એક બાજુની મોટરો, એમની બસો કે ખટારા પસાર થતા હોય ત્યાં સુધી એનો સફેદ જમણો હાથ બીજી બાજુનાં બધાં ય વાહનોની આવજા અટકાવે છે. નિશાળમાંથી બાળકો છુટયાં હોય કે મોટરોની દોડતી હારોમાંથી રસ્તો ઓળંગનારા પૅસેંજરો ખોટી થતાં હોય તો વાહનોનો બધો વ્યવહાર સામટો બંધ કરીને માણસોને જવાઆવવાની સગવડ પણ આ પોલીસ મૅન જ કરે છે. અહીંના પોલીસ મૅનને નસીબે કોઇને ધમકાવવાનું કે ગભરાવવાનું તો ભાગ્યે જ હોય છે. ફક્ત કોઇ શૉફર કે મોટરનો ધણી કાયદાપૂર્વક બાંધેલી ઝડપ કરતાં વધારે ઝડપથી વાહન ચલાવતો હોય તો એને અટકાવીને એનું સરનામું લઇ લે અથવા તો વાહનનો નંબર નોંધી લે ત્યારે કોર્ટમાં ખડા થવાની બીકે આ લોકોને ગભરામણ થાય એ સહજ છે. લંડન જેવા દુનિયાના મોટામાં મોટા શહેરની આ પોલીસ બ્રિટિશ લોકોને અભિમાનનો વિષય છે અને મગરૂબીપૂર્વક એ લોકો તો કહે છે કે લંડન પોલીસ જેવી ચપળ પોલીસ દુનિયાભરમાં બીજે ક્યાંય નથી.

તમારા બીજા સવાલનો જવાબ હું સમજ્યા સિવાય આપી શકું એમ નથી. અહીં અનાર્ય કહેવાય એવી એકે જાત નથી. અત્યારે તો ઇંગ્લિશમેન (આમાં વેલ્સના મજુરો સમાઇ જાય છે.) સ્કૉચમેન અને આઇરિશમેન એવા ત્રણ જ વિભાગ છે. પછી એમના ધંધા પરત્વે એમના બીજા ખુબ વિભાગ છે; પણ આ લોકો બધા ય આર્ય જ છે. રોમનો, નૉર્મનો અને સૅક્સનો અહીં આવ્યા તે પહેલાનો મુળ બ્રીટન અત્યારે જુદો તારવવો એ બહુ જ મુશ્કેલ—લગભગ અસંભવિત જેવું છે. અહીંના ગરીબમાં ગરીબ ગામડિયાની રહેણીકરણી લગભગ આપણા શહેરીઓ જેવી જ છે. જોકે એમની ભાષા જરાક ખરબચડી હોય છે; એમના પોષાક પણ જુની ઢબના અને ગરીબ હોય છે, પણ એ તો આર્થિક સ્થિતિભેદ કહેવાય. સંસ્કૃતિ તો લગભગ આખા યે ટાપુમાં એક જ છે. અને રીતરિવાજો તો, ગામડું શું કે શહેર શું, બધે ય સરખા. જેવો ધંધો અને જેટલા પૈસા એવી રહેવાની અને જીવવાની રીતો. આપણા મારવાડી જેવા કંજુસ કે સુરતી જેવા ઉડાઉ માણસો અહીં બહુ જુજ છે. પણ લગભગ કમાય એટલું તો ખર્ચવાની આ લોકોની ટેવ છે.

કોઈ કવિને લંડન કેવું લાગે એનો જવાબ આપવાની મારામાં શક્તિ નથી, કારણકે હું કવિ નથી. હું તો રહ્યો વિજ્ઞાન જેવા જડ શાસ્ત્રનો અભ્યાસી. બાકી અહીંનાં ધુમ્મસ અને ઠંડી, ખરે બપોરે ય ઘોર અંધારાં, પાન વિનાનાં ખડતલ ઝાડો અને મોટર, એમની બસ, રેલવે, ખટારા તથા માણસોની ધમાલોમાં કોઇ કવિને કાવ્ય સ્ફુરે તો એની શક્તિઓ વિષે જરૂર માન ઉત્પન્ન થાય એમાં નવાઇ નહિ.

ફળ અને શાકપાંદડાં તો અહીં ખુબ જ થાય છે. મુળા જેવી સેલેડની ભાજી, કૉબેજ, બટેટાં, ટમેટાં, કૉબેજનાં ફુલ, વાલોળ, રીંગણાં, વટાણા, નોલકોલ અને એવાંએવાં ઘણાં ય શાક થાય છે. ફળોમાં તો કેળાં, સફરજન, નારંગી, દ્રાક્ષ, પીચ, લીલાં આલુ, અંજીર અને એવુંએવું તો ઘણું ય મળે છે. અને શાક કરતાં ફળો સસ્તાં પણ હોય છે. જામફળ, અનેનાસ, ફણસ વગેરે પણ ઠીક મળે છે. એ સિવાયનાં અહીંના બીજાં ફળોનો ખ્યાલ તો એનાં ચિત્રો કે સ્વાદ સિવાય હું તમને કેમ આપું? અખતરા કરીને અનુભવ લેવાની શરૂઆત મેં કરી નથી, કારણકે એક વખત અખરોટ ખરીદીને ખાવાં શરૂ કર્યાં ત્યારે માલુમ પડયું કે એ તો પાણીમાં ઉકાળીને બાફેલાં હતાં. અને

એ સ્વાદ કાંઇ રુચિકર ન લાગ્યો. એટલે હવે એવા પ્રયોગો કરતાં થોડોઘણો ડરૂં છું. બાકી આ ફળ અને શાકભાજીવાળાની પાસે જ એક બીજી જાતના બકાલીની દુકાન પણ હોય છે અને ત્યાં તાજી માછલીઓ, દિવસોથી પડી રહેલું માંસ–આખું અને ટુકડા કરેલું–તથા કુક્કરની ચરબી એવી તો વાસ મારતાં હોય કે જલદી નાસી જવું પડે છે. (ઉભી પુંછડીએ નાસવું પડે છે એમ લખવા જતો'તો, પણ પુંછડી વગર એ લખવું અનુચિત લાગ્યું એટલે જલદી શબ્દ વાપર્યો છે.) કુક્કરનું માંસ તો અહીં સવારના નાસ્તા વખતે જરૂરની ચીજ ગણાય છે. કહે છે કે એ બહુ પૌષ્ટિક છે. હશે; પણ ચામડી ઉતરડેલાં આવાં પશુઓનું–માથાં અને આંખો (ઉઘાડી) સહિતનું–પ્રદર્શન તો બહુ જ જંગલી લાગે છે. અને અહીંની સારામાં સારી દુકાનોમાં તે એવી રીતે ખુલ્લાં દેખાય એટલે માણસો ત્યાંથી ખરીદ કરવાનું વધારે મન કરે. પણ એ માનસ આપણાથી સમજાય એવું નથી.

ટેમ્સ સિવાયની બીજી નદીઓ બહુ મોટી નથી; અને ટેમ્સ પોતે ય કાંઇ બહુ મોટી નથી. પણ ઉંડી અને ગંદી બહુ છે. પાણી તો ખુબ ડોળાં. શહેર વચ્ચેથી પસાર થતી હોવાને અંગે તે હશે એમ લાગે છે. સ્કૉટલાંડમાં જ (તે યે હાઈલૅંડમાં જ) પર્વતો છે. બાકી ઇગ્લંડમાં ટેકરીઓ સિવાય કોઇ ભારે પર્વત હોય એવું જાણ્યામાં નથી. કદાચ આ લોકોને ઉનાળામાં હવા ખાવા જવું પડવા જેવું નથી એટલે એમ ઇશ્વરે તસ્દી નહિ લીધી હોય. પણ આમ તો આ લોકો હવાના બહુ રસિયા. દર સવારે ઋતુ અને હવા સંબંધી તો વાત થવી જ જોઇએ. અને ઇશ્વરે પર્વતો ન કર્યા તો શું ? આ લોકો દરિયાકાંઠે મોજ કરવા નીકળી પડે છે. પણ તે તો ઉનાળામાં: અત્યારે તો સૌસૌનું ઘર ભલું અને ઘરની અંદરના ખુણામાં બળતો ફાયરપ્લેસ ભલો. એની મદદ સિવાય તો આ પત્ર પણ પુરો થવાની આશા નહિ.

લંડન : તા. ૭–૧૨–૨૭

મારો ગયો પત્ર તમને મળ્યો હશે. એ પછી ફરી બીજો લાંબો પત્ર વાંચવાની તમારી આ વખતની આશા કદાચ સફળ નહિ થાય. છતાં ય આ વખત એક પ્રશ્નનો જવાબ તો લખીશ અને તે બને ત્યાં સુધી સંપૂર્ણ કરવા પ્રયત્ન કરીશ.

આ વખતે તો અહીંની સ્ત્રીઓ વિષે લખીશ. આપણે ત્યાંના કરતાં અહીંના સમાજમાં સ્ત્રીનું બહુ જુદું સ્થાન છે. સ્ત્રી એ અહીં માલિકીની ચીજ નથી ગણાતી. એની ઉપર હુકમ તો કરાય જ શેનો? પણ બને ત્યાં સુધી એની ઇચ્છાને ન અવગણવી એમાં જ અહીંની સંસ્કૃતિની વિશિષ્ટતા (!) છે. પુરુષો કરી શકે એવાં સઘળાં કાર્યોમાં હરીફાઇ કરવાનું કાર્ય આ જાતિએ હાથમાં લીધું હોય એમ લાગે છે. પોસ્ટ ઑફિસ, દુકાનો કે પેઢીઓમાં કારકુન તરીકે, શેઠીઆઓના સેક્રેટરીઓ તરીકે, નામું લખવામાં કે નર્સ તરીકે, પ્રાથમિક શાળાઓમાં શિક્ષક તરીકે, મોટી સ્ટેજ ઉપર ઍક્ટ્રેસ તરીકે કે સ્ત્રીઓનાં સલુનમાં વાળ કાપનાર તરીકે, રાંધવાની કળામાં હુશિયારી મેળવવા કે ડેરીમાં કામ કરવા સારૂ જોઇતી આવડત માટે, ગૃહિણી તરીકેની ફરજો બજાવવામાં નિષ્ણાતતા મેળવવા કે દરજીને ત્યાં વેતરનાર ને સીવનાર તરીકેનો ધંધો કરવા સારૂ, ધોબીના ધંધાની કુશળતા આપવા કે દાઇના ધંધામાં પાવરધી કરવા, જાહેર ભાષણો કરવા અથવા સામાજીક કાર્યકર્તા તરીકેની આવડત સારૂ, કિન્ડરગાર્ટન કે મૉન્ટેસોરીની પદ્ધતિ શીખવનાર તરીકે કે પછી હોટેલની અંદર વેઇટ્રેસ તરીકે કામ કરવા સારૂ,—આવા અસંખ્ય ધંધાની કેળવણી આપતી ખાસ શાળાઓ છોકરીઓ માટે અહીં હોય છે. આનો લાભ પણ છુટથી લેવાય છે અને જે ધંધાની કેળવણી લીધી હોય એ ધંધામાં યોગ્ય નોકરી પણ સૌને મળી રહે છે. મધ્યમ અને ગરીબ વર્ગનાં બૈરાં આવી રીતે નોકરી કરીને પોતાનું ગુજરાન કરી શકે છે, અથવા તો પરણેલાં હોય તો ધણીના રળતરમાં મદદ કરી શકે છે.

અહીં છોકરીઓ લગભગ અઢારથી ચાલીસ વર્ષની ઉમર સુધીમાં પરણે છે. એકાદ વખત પરણે ને ધણી જોડે ન બને તો છુટાછેડા મેળવીને ફરીવાર પણ પરણી શકે છે. વિધવાઓ લૅંડ લેડી તરીકે પણ જીવન-નિર્વાહ કરી શકે છે. લૅંડ લેડી એટલે એક ઘર વસાવીને તેમાં માણસોને ભાડે રાખે, ચાકરના કામકાજ ઉપર દેખરેખ રાખે અને ઘરમાં રહેતાં સાત કે આઠ માણસોનાં પથારી, નાસ્તો ને ખાણાંની સગવડ કરે, એ માણસોની જરૂરિયાતો માટે બનતી કાળજી રાખે અને

એમને 'રહેવાનું તથા જમવાનું' પુરૂં પાડે. આવી સ્ત્રીઓ દર અઠવાડિયે પોતાના ચાર્જ લઇ લે અને આપણાં કપડાં ધોબીને આપવાં, પાછાં સંભાળી લેવાં તથા ઘર સાફસુફ રાખવું વગેરે દેખરેખ રાખે. કહોને કે એક નાનાશી વીશી જ ચલાવે. પણ જુદાંજુદાં માણસોનો આવો વીશી જેવો સમૂહ પણ જાણે કુટુંબ હોય એવી જ રીતે વર્તે છે. અહીં લંડનમાં તો ઘણી છોડીઓ ન પરણેલી હોય છે; તે કયાંક નોકરી કરે ને પોતાનું ગુજરાન આવા એકાદ બોર્ડિંગ હાઉસમાં રહીને કરે.

સ્ત્રીઓ–પરણેલી કે કુમારી–ગમે તે પુરુષની સોબતમાં ફરી શકે છે. અને આવી સ્ત્રીઓનાં ચારિત્ર્ય વિષે શંકા કરવી કે નિંદા કરવી એ અહીં બહુ હીન ગણાય છે. કારણકે સ્ત્રીઓ પુરુષો સાથે હળેમળે કે હરેફરે એમાંથી એક જ (વિપરિત) પરિણામ આવે એમ માની લેવું એ જ અહીં ખોટું ગણાય છે. યુવાન વયની ગમે તે કન્યા કે સ્ત્રી મારી સાથે સીનેમામાં આવે કે અમે કોઇ ભાષણ સાંભળવા સાથે ગયાં હોઇએ, કે મ્યૂઝિયમ અથવા આર્ટ ગૅલેરીમાં જઇએ તો તેમાં એ કન્યાના વાલીને કે સ્ત્રીના ધણીને જરા યે શંકા આવે નહિ. ખરી રીતે તો સ્ત્રીઓ પોતાની સંભાળ લઈ શકે છે એવો વિશ્વાસ અહીંના પુરુષોને હોય છે જ. સ્ત્રી તથા પુરુષ એ ઘી અને અગ્નિ જેવાં છે એ જાતની આપણી દૂષિત મનોભાવનાને અહીં સ્થાન જ નથી. અને આમ હોવાથી જ સ્ત્રીઓ અહીં નોકરી કરી શકે છે, છુટથી હરીફરી શકે છે અને પુરુષની જેમ દરેક હીલચાલમાં સ્વતંત્ર ભાગ લઇ શકે છે. આના પરિણામ તરીકે આ લોકોનાં કૌટુંબિક જીવનમાં એમને બહુ ગૃહશાન્તિનો અનુભવ નહિ થતો હોય, હોટેલિયા જીવન થઈ જતું હશે અને વૃદ્ધાવસ્થામાં બાળકોથી વિખુટું સ્નેહવિહોણું જીવન ગાળવું પડતું હશે. પણ પ્રજા તરીકેની એમની સ્થિતિ તો બહુ જ સાબુત બની છે. છેલ્લી લડાઇ વખતે પુરુષો ઇંગ્લંડ બહાર યુદ્ધમાં ગએલા ત્યારે સ્ત્રીઓએ સઘળી ઑફિસો તથા કારખાનામાં કારકુનો અને મજુર તરીકેની ફરજો તથા છેલ્લેછેલ્લે તો પોલીસ તરીકેની નોકરી પણ સંભાળી લીધેલી!

વળી વિધવા તરીકે પણ અહીંની સ્ત્રીઓ 'રાંડી રાંડ'તો નથી જ રહેતી. એ ય બહાદુરી છે ને! અને એમની આટલી યોગ્યતાઓ પ્રમાણે એમનું સન્માન પણ યોગ્ય જ થાય છે. રેલવે કે બસમાં પુરુષ બેઠો હોય ને સ્ત્રીને ઉભું રહેવું પડે એવું કદિ ન બને. સિગારેટ સળગાવતાં પહેલાં પણ 'અડચણ નથી ને?' એમ પુછીને જ ધુમાડાના ગોટા શરૂ થાય. (જોકે હવે તો લગભગ અહીંની ૫૦ ટકા યુવાન સ્ત્રીઓ સિગારેટ ફુંકવામાં ફૅશન માને છે!) આ સ્ત્રીઓના સૌંદર્ય વિષે તો મને બહુ ઝાઝું માન નથી. કદાચ મારી સૌંદર્યની ભાવના સુકુમારતા સાથે સંકળાએલી હોવાથી એમ હશે. પણ ઘણુંખરૂં આ છોડીઓ કુરૂપા તો નથી જ હોતી. ટાપટીપ કરીને, ગમે તેવો ગરીબ પોષાક પણ ઠીકઠાક પહેરીને, થોડોએક પાઉડર અને બેત્રણ છાંટા સેન્ટ લગાવીને અહીંની છોડીઓને આકર્ષક બનવાની કળા તો આવડે છે. પણ જેને ખરૂં સૌંદર્ય કહી શકીએ તે ધરાવતી સ્ત્રીઓ ભાગ્યે જ નજરે ચડે છે. પરંતુ સુંદરતાની ખામી સુઘડતાથી પુરી પડતી હોય તો કહી શકાય કે એઓ સ્ત્રીઓ તરીકે સુઘડ તો ખુબ રહી શકે છે. પુરુષો જ્યારે વરસમાં ભાગ્યે જ બે વખત ધોવડાવાતાં કાળાં કે બદામી કોટપાટલુન (ઇસ્ત્રી ટાઇટ!) પહેરીને પોતાનાં ધોએલાં ખમીસ વડે જ ચોકખાઇનો ખ્યાલ આપે છે ત્યારે સ્ત્રીઓ ઢીંચણ સુધીના સ્કર્ટની નીચે રેશમી મોજાંની જોડ સિવાય બીજું ભાગ્યે જ પહેરે છે અને ભર શિયાળાની ઠંડીમાં યે એકાદ રેશમી સ્કર્ટ અને બ્લાઉઝ એ જ એમનો પોષાક હોય છે. ને આ તો દર અઠવાડિયે ધોવડાવવાં જ જોઇએ.

સ્ત્રીઓ વિષે તો એટલું બધું લખી શકાય એમ છે કે આ પત્ર પુરો થવાની આશા જ નથી. રાજકારણમાં, સમાજમાં અને ધાર્મિક બાબતોમાં રસ લેતી અહીંની સ્ત્રીઓને કુટુંબની ગૃહપત્ની તરીકે, બોર્ડિંગ હાઉસની લૅંડ લેડી તરીકે, એકાદ ગામડામાંથી આવેલી ને નોકરી કરતી તથા બોર્ડિંગ હાઉસમાં સાથે રહેતી મિત્ર તરીકે, કોઈ ઑફિસમાં સેક્રેટરી તરીકે, નીચેના કામ કરતા કારકુનો પાસેથી માયાળુપણે કામ લેતી ચાણાક્ષ સ્ત્રી તરીકે, નાટ્યગૃહોમાં અભિનયની કળાથી મુગ્ધ કરતી નટી તરીકે,–એમ જુદેજુદે સ્વરૂપે જોઉં છું; અને આપણા હિંદની

સ્ત્રીઓનાં અજ્ઞાન, કમનસીબ અને આપણી તરફથી તેમને મળતી હડધૂત યાદ આવે છે ત્યારે એ બે સ્થિતિ વચ્ચેનો તફાવત મારૂં હૃદય શરમથી ભરી દે છે. અને આ સઘળાંનું કારણ તો એક દૃષ્ટિબિંદુ જ છે ના? સ્ત્રી અને પુરુષ વચ્ચેની મૈત્રી પવિત્ર હોઇ શકે છે, સ્ત્રી સ્વતંત્રતાને લાયક છે અને પુરુષ ઉપર વિશ્વાસ મુકી શકાય તો સ્ત્રી ઉપર કેમ નહિ,—એટલું જ જો ગળે ઉતરે તો સઘળા અનર્થનું વારણ આપણે કરી શકીએ એમ છીએ. પણ આપણે માટે તો એ દિન ખુબ દૂર છે.

લાભશંકર ભટ્ટ

જર્મનીનો પત્ર

કાર્લ્સરૂહ (જર્મની): તા. ૪-૬-૨૮

તમારા પત્રનો ઉત્તર આપતાં બે અઠવાડિયાં મોડું કર્યું; ને આજેય અવકાશના અભાવે ટુંકામાં જ પતાવી દેવું પડશે. સવિસ્તર લખવાની આશાને હવે તો અન્ય કોઇ સમયે જ અમલમાં મુકવી પડશે એમ લાગે છે. કામ પુષ્કળ કરવાનાં હોય છે. મારા કૉલેજના કામનો બોજો જ આ સત્રમાં તો ખુબ છે. તે ઉપરાંત પેલી W. Y. P. C. (વર્લ્ડ યૂથ પીસ કૉન્ફરન્સ)—જગત યુવક શાંતિ પરિષદ—માટે Esperanto (એસ્પેરાન્ટો) નામની આંતરરાષ્ટ્રીય ભાષા શીખી લેવાનો પણ પ્રયત્ન કરૂં છું. અને રજા આવે ત્યારે તો, આ બધાં કામથી કંટાળીને, અહીં ફક્ત ઉનાળામાં જ દર્શન દેતા સૂર્યદેવનાં કિરણ ઝીલવા શહેરની બહાર કોઇ સુંદર સ્થળમાં રખડપટ્ટી કરવાની ઇચ્છાને કેમ જ રોકી શકાય?

પેલા ચિત્રકાર મિ. માર્ક્વાર્ડના દોરેલા મારા સ્કેચનો ફોટોગ્રાફ આ સાથે તમને મોકલું છું. અહીંના કળાકારો કેવળ ફોટોગ્રાફિક દૃષ્ટિબિંદુથી જ કામ કરે છે એમ કહેનારા ભુલે છે. એ જાતની કળા તો ઓગણીસમા સૈકામાં ગઇ! અત્યારે તો કળાના ક્ષેત્રમાં અહીં જબ્બર આંદોલનો કામ કરી રહ્યાં છે. વસ્તુના હાર્દમાં પેસી જઇને એના દેહનું નહિ પરંતુ એના આત્માનું પાન કળાપ્રેક્ષક કરી શકે એવી રીતે તેઓ આજે કામ કરી રહ્યા છે. મિ. માર્ક્વાર્ડે દોરેલા મારા આ સ્કેચ સંબંધમાં મેં એમની સાથે જ ચર્ચા કરેલી કે આમાં તમે કયું દૃષ્ટિબિંદુ રાખ્યું છે? ચર્ચાને



મિ. માર્ક્વાર્ડે દોરેલો શ્રી થોરિયાનો સ્કેચ

અંતે એમ નક્કી થયું કે એણે મારા મોઢાને કૅમેરાની માફક ઉતારવાનો લેશમાત્ર પ્રયત્ન કર્યો નથી; પરંતુ એણે મારા જીવનમાં જે પ્રાણ જોયો એને—એ ચેતનને આલેખવા પ્રયત્ન કર્યો છે. મારી આંખને એણે objective-પરલક્ષી બનાવી છે. ખુલ્લી આંખે જર્મનીમાં ઘુમીને જાણે કાંઇક સંગ્રહી લેવા ન માગતો હોઉં એવી પિપાસુ આંખ એણે દોરી છે. મારો સ્વભાવ અહીં આવ્યા પછી જરા ગમ્મતી થયો છે ને હું ખુબ મશ્કરો થઈ ગયો છું. એ હસમુખો ભાવ એણે મોઢા પર મુકયો છે; ને છતાં એ હાસ્ય ને ઠઠ્ઠામશ્કરીની પાછળ ગાંભીર્ય ડોકિયાં કરતું સ્પષ્ટ દેખાય છે. આ તો સામાન્ય; પરંતુ અહીંનાં કળાપ્રદર્શનો જોતાં કળા જે પલટો ખાઇ રહી છે એનો ખ્યાલ આવે!

કળાકારનું સ્થાન તો અહીં ખુબ આગળ પડતું ગણાય છે. એનું કારણ એ જ કે લોકો સમજે કે ન સમજે છતાં એમને કળાને માટે અત્યંત માન હોય છે. આપણે ત્યાં હિંદના બીજા ભાગોની તો મને ઓછી માહિતી છે, પરંતુ ગુજરાતમાં તો કળાને નામે મોટું મીંડું જ છે! અલબત્ત, આધુનિક ચિત્રકળાના ક્ષેત્રમાં તમે એકલા જ જાણે ઘુમી રહ્યા છો! સંગીતમાં આપણે કેટલીક પ્રગતિ કરીએ છીએ? શિલ્પમાં તો મને લાગે છે કે આપણે ભૂતકાળ પર જ

જીવીએ છીએ! નવું સર્જન આપણે ત્યાં ઓછું છે એમ હું કહું તો એ ખોટું ગણાશે?

યુવકસંમેલન તો ભરાઇ ગયું હશે. કબીરવડ જેવું સ્થાન જ પ્રેરણાના ઓઘ ઉછાળવા માટે પુરતું છે. એનો હેવાલ વાંચવા આતુર છું. અત્યારે હવે એ સંબંધે કશું લખવું એ અસ્થાને ગણાય. તોપણ મને લાગે છે કે આપણા યુવકો કેવળ મળીને બેસી રહે એ બહુ જ ઓછું છે. યૂરોપમાં સ્વાતંત્ર્ય છે ને રાજ્ય તરફથી બધી સગવડો પુરી પડે છે એટલે અહીંના યુવકોને પોતાના આદર્શો ઉચ્ચ ઘડવા અને પોતાનું જીવન ઉન્નત બનાવવા પુરતું સ્વાર્થી અથવા કેવળ Subjective–આત્મલક્ષી કામ કરવાનું હોય છે. જ્યારે આપણે ત્યાં વસ્તુસ્થિતિ એથી ઉલટી છે. આપણા યુવકો પોતાપુરતું કરીને બેસી રહે તો તે સ્વાર્થ જ ગણાય. મને તો લાગે છે કે આપણા કૉલેજિયનોને માથે મોટામાં મોટી ફરજ બીજાને કેળવણી આપવાની છે. રજાઓના દહાડામાં જે ગામડામાં શાળાઓ ન હોય ત્યાં થાણું નાખીને દહાડે બાળકોને અને રાત્રે ઉમરલાયક માણસોને કેળવણી આપવાનું કામ આપણે વહેલામાં વહેલી તકે ઉઠાવી લેવું જોઇએ. અને મને લાગે છે કે આ રીતે ગામડાંમાં ક્ષેત્ર તૈયાર થાય અને લોકો જાગ્રત થાય તથા કેળવણીની કીમત સમજે તો જે સંસ્થાનની તેઓ પ્રજા હોય તેની અથવા સરકારની પાસેથી શાળાની મંજુરી મેળવતાં બહુ મુશ્કેલી ન પડે. હિંદને માટે તો મને આ મોટામાં મોટું કામ જણાય છે.

એથી વધારે આગળપડતા વર્ગના વિદ્યાર્થીઓ તમારા જેવા કોઇની સગવડથી મૅજિક લૅન્ટર્ન મેળવી ગામડાંઓમાં ભાષણો આપે ને ચિત્રો દ્વારા સ્વચ્છતાનો પ્રચાર કરે. બીજા કેટલાક ભાષણો તથા વાર્તાલાપ દ્વારા રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રવર્તતી ગેરસમજુતી દૂર કરવાનો પ્રયત્ન કરે. વધારે નાની ઉમરના—એટલે હાઇસ્કુલ અને મિડલ સ્કુલના વિદ્યાર્થીઓ માટે દરેક વખતે રજાઓમાં સફરો ગોઠવાવી જોઇએ કે જેથી કુદરતની હુંફમાં દિવસો ગાળવા ઉપરાંત આપણી સંસ્કૃતિ ને ગૌરવ સમજાવે એવાં સ્થળોનાં દર્શન કરી શકે. અને આ બધામાં બહુ જ આવશ્યક જણાય ત્યાં જ મોટાઓએ ભાગ લેવો; બાકી નહિ તો એમને સંપૂર્ણ સ્વાતંત્ર્યથી એમના ક્ષેત્રમાં કાર્ય કર્યે જવા દેવું જોઇએ એમ મારૂં માનવું છે.

મારાથી હમણાં 'કુમાર' માટે કશું જ નથી લખી શકાયું એ સમયના અભાવને જ આભારી છે. પરંતુ ઘણું કરીને હું પંદરેક દહાડામાં મારૂં ભાષણ મોકલી શકીશ. 'યૂરોપની મારા પર પડેલી છાપ' એ મથાળું રાખીને હું આ માસની આખરમાં અહીંના વિદ્યાર્થીઓ સમક્ષ બોલવાનો છું. જરા તૈયાર કર્યું છે; પુરૂં થયે એનું ગુજરાતી તમને મોકલી આપીશ.

શ્રી શાન્તિલાલ દલાલ તરફથી તમને મળેલ પચાસ રૂપિયા ઈંગ્લંડની કોઇપણ બૅંકના ઉપર ચેક લઇને મને અહીં મોકલી આપશો. એનો ઉપયોગ હોલાંડ જવા માટે કરવા સિવાય બીજો શો વધુ સારો હોઇ શકે? ઉનાળામાં એ મુસાફરી માટે પૈસાનો તોટો પડવાનો એ ચોક્કસ છે, એટલે એ રકમ બહુ જ આવકારપાત્ર થઇ પડી છે. એ માટે તમારો અને એમનો બંનેનો ઋણી છું. એમને હું જુદો પત્ર લખીશ. હજુ સુધી એમના તરફથી પત્ર નથી. નહિ આવે તો હું જ અવકાશે લખીશ. પરંતુ એ ચેક બનતી ત્વરાએ—આ પત્ર મળે પછી એ જ અઠવાડિયામાં—રવાના કરવા મારે તમને વિનવવા પડશે. કારણકે જુલાઈની તા. ૩૦ મી લગભગ કૉલેજ બંધ થવાની હોઇ હું અહીંથી નીકળી જવાનો છું. રસ્તામાં Koln અને Durseldorfનાં ગંજાવર પ્રદર્શનો જોઇને હોલાંડ પહોંચીશ. ત્યાં તા. ૨ ઑગસ્ટથી તા. ૧૦ સુધી શ્રી કૃષ્ણમૂર્તિ વાળી સ્ટાર કૉંગ્રેસમાં હાજરી આપીશ. ત્યાર પછી એક અઠવાડિયું બેલ્જિયમમાં ગાળી તા. ૧૭ થી ૨૬ સુધી W. Y. P. C. માં જઇશ. થોડા દહાડા ત્યાં નજીકના પ્રદેશમાં કે ઉત્તર જર્મનીમાં ગાળીને તા. ૧લી સપ્ટેંબર લગભગ પાછો આ તરફ આવવા ધારૂં છું. ટુંકામાં એ જ કે હું અહીંથી નીકળું તે પહેલાં મને પૈસા મળી ગયા હોવા જોઇએ. પત્ર પાછો લખશો ને? લિ.

લવજી થોરિયાના વંદેમાતરમ્

ઉદાર સ્ત્રીઃ (લંગડા ભિખારીને) લે આ પૈસો. મને તારા લંગડાપણા પર બહુ દયા આવે છે પણ આંધળા હોવા કરતાં લંગડા હોવું ઠીક છે.

ભિખારીઃ બાઇ સાહેબ, તમે ખરૂં કહો છો. જ્યારે હું આંધળો હતો ત્યારે લોકો મને ખોટા પૈસા આપતા.

બા ળ વિ ભા ગ



મેઘરાણી

બધા ય રાજાઓમાં મેઘરાજા મોટા રાજા છે. એ મેઘરાજા ન હોય તો આપણને ખાવા યે ન મળે, પીવા યે ન મળે.

પણ મેઘરાજા કરતાં યે એમની રાણી મેઘરાણી બહુ ભલાં છે. મેઘરાજા ને મેઘરાણી રહે છે આકાશમાં, એટલે આપણાથી દેખાતાં નથી; પણ ઘણી યે વાર મેઘરાણીની કાંઇક ભાળ આપણને થાય છે.

મેઘરાણી કોઇવાર તો સાત રંગની ચટાપટા-વાળી સાડી પહેરીને નંદનવનમાં જળ ભરવા જાય છે ત્યારે આપણે એમની સાડીનો ઉડતો પાલવ જોઇએ છીએ. ઘણીવાર સવારમાં ને સાંજે મેઘરાણી ગુલાબી સાડી ઓઢે છે. કોઈવાર સાંજે તો ઝગઝગતી જરીની સાડી પણ પહેરે છે. એમને લુગડાં બદલવાનો બહુ શોખ છે. એક દિ'માં ત્રણચાર રંગ ફેરવે છે.

કોઇવાર મેઘરાણી રેંટિયો કાંતવા પણ બેસે છે. ત્યારે તો એ કાળી સાડી જ પહેરે છે. અને એમનો રેંટિયો તો ગુડુડુડુડુ ગુડુડુડુડુ એવો અવાજ કરે છે. મેઘરાણી રેંટિયો ફેરવતાં હોય છે ત્યારે અનેક કાળા ભમરા એમની આસપાસ ગુંજારવ કરી મુકે છે. મેઘ-રાણી આ ભમરાઓથી જ્યારે બહુ મુંઝાય છે ત્યારે પોતાની સોનેરી ચાબુક સબ સબ વીંઝે છે અને બધા ભમરાઓને દૂર કાઢી મુકે છે. એ સોનેરી ચાબુક વીંઝાય છે ત્યારે આપણને એના સબકારા તો નથી સંભળાતા, પણ એના ચમકારા તો દેખાય છે. આપણે એને વિજળી કહીએ છીએ.

અને કાંતેલું સુતર ફાળકે ચડાવીને જ્યારે મેઘ-રાણી ફૂં . . . ફૂં . . . ફૂં . . . એમ ફૂંકે છે ત્યારે એ ફૂંકારાનું પાણી ઝરમર ઝરમર વરસતું છેક અહીં સુધી નીચે પડે છે. કોઈવાર મેઘરાણી લુગડાં ધોવા બેસે છે ત્યારે તો બેશુમાર પાણી ઢોળે છે. પણ એ બધું પાણી આપણને તો બહુ ખપમાં આવે છે.

આવાં ભલાં મેઘરાણીની એક વાત છે. એક દહાડો મેઘરાણી નંદનવનમાં ફરતાં ફરતાં થાકીને એક આસને બેઠાં હતાં. નીચે નજર કરી તો અનેક માનવીઓ અરધા નાગાં, અરધાં ઢાંકયાં રખડતાં હતાં. મેઘરાણીને થયું કે આ માણસોનાં નાગાં અંગ ઢંકાય એવું કંઈક કરૂં. આમ વિચારીને મેઘરાણી તો ધરતી ઉપર આવ્યાં. સાથે પાંચ સાહેલીઓ લીધી. ધરતી ઉપર આવીને મેઘરાણીએ અને એમની પાંચે સાહેલીઓએ હરણનાં રૂપ લીધાં.

એક જંગલમાં મેઘરાણી ને એમની પાંચે સાહે-લીઓ હરણરૂપે ચરી રહ્યાં છે. એવામાં એક શિકારી હાથમાં ધનુષ્યબાણ લઇને આવ્યો. અંગે લુગડું ન મળે. ફક્ત એક લંગોટી જ હતી.

શિકારીએ તો હરણાં દીઠાં ને ધનુષ્ય ઉપર બાણ ચડાવ્યું. સરરરર કરતું બાણ છુટયું. પણ એકે હરણને એ ન વાગ્યું. શિકારી તો દોડીને વધારે પાસે ગયો. વળી એણે બીજું બાણ છોડયું, પણ એ ય ખાલી ગયું!

શિકારી દોડીને પાસે જાય તેમતેમ હરણાં આઘાં ને આઘાં જાય. બાણ છોડે પણ એકે ય વાગે નહિ! આખરે એ તો દોડીદોડીને લોથપોથ થઇ ગયો; છતાં શિકાર હાથમા ન આવ્યો તે ન જ આવ્યો. શિકારી તો બહુ મુંઝાયો પણ એણે હિંમત છોડી નહિ.

એટલામાં તો પેલાં છ યે હરણાં એક મોટી ગુફામાં પેસી ગયાં! શિકારી પણ એમની પાછળ ગુફામાં પેઠો.

પણ અંદર જઇને જુએ છે તો એની આંખ જ અંજાઈ ગઈ. ઝગઝગતા દીવાઓ બળી રહ્યા છે; મખમલની ને કીનખાબની શેતરંજીઓ પાથરેલી છે; આખા ઓરડામાં ઈંદ્રભવનનો ઠાઠ ખડો થઇ રહ્યો

છે. વસ્તુઓ તો એક જુએ ને બીજી ભુલે એવી ગોઠવાઇને પડી છે. આ બધું જોઇને શિકારી તો આભો જ બની ગયો.

થોડી વાર થઈ ત્યાં તો હરણુ બનેલી મેઘરાણી સાક્ષાત દેવીના રૂપમાં જ ઊભેલી દેખાઈ. પાસે પાંચ દેવદાસીઓ ઊભેલી. દેવીને જોઇ શિકારી એકદમ તેમને પગે પડી ગયો. મેઘરાણીએ એના માથે હાથ મુક્યો. પછી એને ઉઠાડીને કહે, 'માગ દીકરા માગ! હું તારા ઉપર પ્રસન્ન થઇ છું.'

શિકારી કહે, 'દેવી, શું માગું? મને તો કાંઇ સુઝ પડતી નથી.'

દેવી કહે, 'આ ઓરડાઓમાંથી જે મન ભાવે તે ઉપાડી લે.'

શિકારી તો હરખાતો હરખાતો હીરામોતીના હાર ઉપાડવા ગયો. પણ એનાથી એ ઉપડે જ નહિ! સોનાના હાર ઉપાડવા ગયો તો એ ય ન ઉપડે!'

શિકારી તો મુંઝાયો. દેવી ખડખડ હસી પડ્યાં. એમની પાંચે દેવદાસીઓ પણ હસી પડી.

આખરે દેવી બોલ્યાં, 'હે માનવી! તારે ધન જોઇએ છે ને?'

શિકારી કહે, 'હા દેવી; ધન મળે તો જ મારી ભુખ જાય.'

દેવી કહે, 'માનવી! તો લે આ પીળું ફુલ; અને આ ધોળાં બિયાં લે. રાખમાં ચોળીને એને જમીનમાં વાવજે. એમાંથી લીલા છોડ ઉગશે, ઉપર પીળાં ફુલ આવશે ને પછી લીલાં ફળ આવશે. એ ફળ પાકાં થઇને ફાટશે એટલે એમાંથી ધોળું ધોળું રૂ નીકળશે, સમજ્યો?'

શિકારી કહે, 'હા માજી, સમજ્યો; પણ એથી મારી ભુખ શે ભાંગશે?'

દેવી કહે, 'એ ધોળા રૂને કાંતી વણીને તું લુગડાં બનાવજે, એ લુગડાંથી શરીર ઢાંકજે, સમજ્યો? પહેલાં શરીર ઢાંકતાં શીખીશ તો ધન તો દોડ્યું આવશે. જો અમારાં શરીર કેવાં ઢંકાય છે! અમે શરીર ઢાંક્યાં છે તો જ આ ધન અમને મળ્યું છે! તેં શરીર ઢાંક્યું નથી માટે જ તારાથી આ ઓરડાનું ધન લેવાયું નહિ!'

શિકારીએ તો હરખથી એ પીળું ફુલ ને ધોળાં બિયાં લીધાં. પણ ત્યાં તો દેવી અલોપ થઇ ગયાં! અને ગુફા ય ન મળે!

શિકારી તો ઘેર આવ્યો. દેવીના કહેવા પ્રમાણે જ બધું થયું. એના ખેતરમાં ઢગલાબંધ કપાસ ઉગ્યો. શિકારી તાલેવંત થઇ ગયો.

આ પ્રમાણે માયાળુ મેઘરાણીએ શિકારીની ભુખ ભાંગી ને વળી જગતને પણ ઢાંક્યું.

મેઘરાણીને કપાસનું પીળું ફુલ જ બહુ ગમે છે. જ્યારે મેઘરાણી ખુશીમાં હોય ત્યારે એમના હાથમાં પીળું ફુલ તો હોય હોય ને હોય જ.

(અંગ્રેજી ઉપરથી) **જેઠાલાલ છ. ચૌધરી**

મેઘધનુષ

મેઘધનુષ રે મેઘધનુષ!
વર્ષાના વીરા મેઘધનુષ!
વાદળના હીરા મેઘધનુષ!

તમે ભાતભાત રંગીલાં છો;
અમ જીવનનાં સંગીલાં છો:

મેઘધનુષ રે મેઘધનુષ!
મીઠલડું હસતાં મેઘધનુષ!
અંતરમાં વસતાં મેઘધનુષ!

તોફાન જતાં તમે આવો છો;
દુ:ખિયાં ઉર આશા લાવો છો:

મેઘધનુષ રે મેઘધનુષ!
પળમાં પળનારા મેઘધનુષ!
આભે મળનારા મેઘધનુષ!

વ્રજલાલ શાહ

મુસ્લીમ મહાત્માઓ: અનુવાદક, પાઠક જગજીવન કાલિદાસ: પ્રકાશક, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય અમદાવાદ: કી. ૧-૧૨-૦

શકુંતલા: અવનીન્દ્રનાથ ઠાકુરના બંગાળી ઉપરથી અનુવાદક મોંઘીબેન; પ્રકાશક, ગુજરાત સાહિત્ય મંદિર અમદાવાદ; કી. ૦-૫-૦ બાલગ્રંથાવલિના ગ્રાહકને ૦-૩-૦

હાલરડાં: સંપાદક, ઝવેરચંદ મેઘાણી; પ્રકાશક, અમૃતલાલ દલપતભાઇ શેઠ, સૌરાષ્ટ્ર, રાણપુર; કી. ૦-૪-૦

સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં: લેખક પ્રકાશક ઉપર મુજબ; કી. ૦-૩-૦



માધુકરી

ઝાડ ને પ્હાડ જલપૂર્ણ નદીઓ જહાં ઋતુ તણા રંગથી રમ્ય ભાસે,
ધાન્યથી છલકતાં ચલિત ક્ષેત્રો પરે લલિત સંધ્યા-ઉષાઓ પ્રકાશે;
વનવને ઉપવને વિવિધ જ્યાં પંખીડાં હેલી કરતાં મધુર રવ-કૂજનની,
અમિત મહિમાવતી માત વંદું તને ભારતી ! જગતકલ્યાણજનની.

જીવનમાં ધર્મની ધૂન જાગી જહાં કર્મ નિષ્કામની લગન લાગી,
પ્રેમ ને ભક્તિના પંથમાં પ્રાણ દઇ માનવે જ્યાં મહા મુક્તિ માગી;
અનલની જ્વાળ શાં વસ્ત્ર ભગવાં મહીં ચમકતી જ્યોત શી ત્યાગવનની,
અમિત મહિમાવતી માત વંદું તને ભારતી ! જગતકલ્યાણજનની.

—ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

આચાર્ય જિનવિજયજી

ગુજરાત પુરાતત્ત્વ મંદિરના આચાર્ય મુનિશ્રી જિનવિજયજી ગઈ તા. ૧૨મી મેએ જર્મની ગયા. મોટે ભાગે બધા તેમને ગુજરાતી તરીકે, અને તેમના નામ ઉપરથી તેમને જૈન સાધુ માની કદાચ વૈશ્ય તરીકે ઓળખે છે. પરંતુ ખરી હકીકત જુદી છે. તેમનું જન્મસ્થાન મેવાડ છે ને તેઓ રજપુત છે.

તેમનો જન્મ અજમેરથી કેટલેક દૂર રૂપેલી નામના એક નાના ગામડામાં થએલો. જિનવિજયજીનું મુળ નામ કિસનસિંહ હતું. તેમના ગામમાં રહેતા સો વરસથી પણ વધારે ઉમરના એક જૈન યતિ પ્રત્યે તેમના પિતાનો પ્રબળ ભક્તિભાવ હતો. કિસનસિંહના પગની રેખા જોઇ યતિએ તેમના પિતા પાસેથી તેમની માગણી કરી. ભક્ત પિતાએ કિસનને યતિની પરિચર્યામાં મુક્યો. પણ થોડા જ વખતમાં એ વૃદ્ધ યતિનો દેહ પડ્યો અને કિસન બીજા એક મારવાડી જૈન સાધુની સોબતમાં આવ્યો. તેણે બાળક કિસનને સાધુ બનાવ્યો. બાળપણથી જ કિસનની જ્ઞાન માટેની જિજ્ઞાસા અતિ પ્રબળ હતી. દીક્ષા લીધા પછી થોડા સમયમાં એણે કેટલાંક ખાસ જૈન પુસ્તકોનો અભ્યાસ કરી તે કંઠસ્થ કરી લીધાં. પરંતુ જિજ્ઞાસાના વેગના પ્રમાણમાં એને અહીં અભ્યાસની સગવડ ન મળી. એ ઉપરાંત, એના સ્વતંત્ર સ્વભાવને કેટલાંક રૂઢિબંધન પણ ખટક્યાં. પરિણામે કેટલાંક વર્ષ બાદ ઘણા જ માનસિક મંથનને અંતે એ સંપ્રદાય છોડી વધારે અભ્યાસની અનુકુળતા હોય તેવા કોઇપણ સ્થાનમાં જવાનો એણે બલવાન સંકલ્પ કર્યો.

ઉજ્જયિનીનાં ખંડેરોમાં ફરતાં ફરતાં એમણે સિપ્રા નદીને તીરે એક સંધ્યાકાળે સાધુવેષ છોડ્યો, ને અનેક આશંકાઓ તથા ભયના સખત દાબમાં રાતોરાત જ પગપાળા ચાલી નીકળ્યા. બે દિવસમાં એમણે ઘણા ગાઉ કાપી નાખ્યા. એક રાત્રે તો દોડતાંદોડતાં એ પાણી ભરેલા કુવામાં પડી ગએલા.

રતલામ અને તેની આજુબાજુનાં પરિચિત ગામોમાંથી પોતાની જાતને બચાવી લઇ ક્યાંક અભ્યાસયોગ્ય સ્થાન અને સગવડ શોધી લેવાના ઉદ્વેગમાં એમણે ખાવાપીવાની પણ પરવા ન રાખી. પણ પુરુષાર્થીને બધું અચાનક જ સાંપડે છે. રસ્તે એક ગામડામાં શ્રાવકો પજુસણમાં કલ્પસૂત્ર વંચાવવા કોઇ યતિ કે સાધુની શોધમાં હતા. દરમિયાન કિસનજી ત્યાં પહોંચ્યા. એમની વિદ્વત્તા જોઇ ગામડિયાઓએ એમને ત્યાં જ રોકી લીધા. પજુસણ બાદ થોડી દક્ષિણા આપી. કપડાં અને પૈસા વિનાના કિસનજીને મુસાફરીનું ભાતું મળ્યું ને એમણે અમદાવાદની ટિકિટ લીધી.

પણ પુરુષાર્થની પરીક્ષા એક જ આફતે પુરી થતી નથી. અમદાવાદના પ્રસિદ્ધ વિદ્યાશાળા આદિમાં ક્યાંય ધડો થયો નહિ. પૈસા ખુટ્યા. એક બાજુ વ્યવહારની માહીતી નહિ, બીજી બાજુ જાતને જાહેર ન કરવાની વૃત્તિ ને ત્રીજી બાજુ ઉત્કટ જિજ્ઞાસા,—એ બધી ખેંચતાણમાં એમને બહુ જ સહેવું પડ્યું. અંતે ભટકતાંભટકતાં મારવાડમાં પાલી ગામમાં એમને સુંદરવિજયજી નામના સંવેગી સાધુનો ભેટો થયો. એમની પાસે તેમણે દીક્ષા લીધી અને જિનવિજયજી થયા. આ આશ્રય પણ, વિદ્યા મેળવવામાં પોતાને વધુ સગવડ મળશે એ આશાએ જ તેમણે લીધેલો. પરંતુ ત્યાં પણ એમની જિજ્ઞાસાની ખરી ભુખ નહિ ભાંગવાથી ત્યાંથી છુટા થઇ પોતે જૈન સાધુ પ્રવર્તક કાંતિવિજયજીના સહવાસમાં રહ્યા. ત્યાં તેમને પ્રમાણમાં ઘણી જ સગવડ મળી અને



બાળપણથી જ પ્રબળ એવી તેમની ઐતિહાસિક દૃષ્ટિને પોષે ને તૃપ્ત કરે એવાં ઘણાં જ મહત્ત્વનાં સાધનો મળ્યાં. જન્મથી જ જિનવિજયજી બહુ મિતભાષી (ઓછા બોલા) અને એકાંતપ્રિય હોવાથી ગમે ત્યાં અને ગમે તેવા પ્રતિકુળ–અનુકુળ સંજોગોમાં પણ એ પોતાનાં અભ્યાસ, વાચન અને લેખન ચાલુ રાખી શકતા.

એક બાજુ સાધુજીવનમાં રાત્રે દીવાથી વંચાય નહિ ને બીજી બાજુ વાંચવાલખવાની પ્રબળ વૃત્તિ રોકી શકાય નહિ; ઉપરાંત, એટલો સમય નિરર્થક જવાનું દુઃખ થાય તે જુદું. આથી એમણે વિજળીની બૅટરી મેળવીને કોઇ ન જાણે એમ એના પ્રકાશે ખાનગીમાં લખવાવાંચવા માંડયું. અન્ય જૈન સાધુઓની પેઠે તેઓ કોઇ પંડિત પાસે ભણતા; પણ બુદ્ધિ એટલી તેજસ્વી હતી કે ભણવાનો આરંભ અને અંત લગભગ સાથે જ થતો! સંસ્કૃત અને પ્રાકૃતનું લગભગ બધું સાહિત્ય એમણે મુખ્યપણે સ્વાશ્રિત વાચન અને સ્વાશ્રિત અભ્યાસથી જ જાણ્યું છે. જેની દૃષ્ટિ તીક્ષ્ણ હોય અને પ્રતિભા જાગરુક હોય એ ગમે તેવાં પણ સાધનોનો સરસ ઉપયોગ કરી લે છે. એ ન્યાયે તેઓ ભાવનગર, લીંબડી, પાટણ આદિ જે જે જૈન સ્થળોમાં ગયા અને રહ્યા ત્યાંથી એમણે અભ્યાસનો ખોરાક ખુબ મેળવી લીધો. આ જુની શોધખોળને અંગે તેઓ આધુનિક વિદ્વાનોનાં લખાણો વાંચતા થયા. એને પરિણામે ફરી તેમની જિજ્ઞાસા ભભુકી ઉઠી અને જૈન સાધુજીવનનું રૂઢિબંધન તેમને ખટકવા લાગ્યું.

પાટણના લગભગ બધા ભંડારો, જુનાં કલામય મંદિરો અને બીજી જૈન સંસ્કૃતિની અનેક પ્રાચીન વસ્તુઓના અવલોકને એમની જન્મસિદ્ધ ગવેષણા વૃત્તિને ઉત્તેજી અને ઉંડો અભ્યાસ કરવા તથા લખવા પ્રેર્યા. વડોદરામાં ગાળેલા ચોમાસા દરમિયાન સેન્ટ્રલ લાયબ્રેરીનાં પુસ્તકો ને જૈન ભંડારની ઉપાશ્રયમાં ખડકાએલી રહેતી પોથીઓ એમણે જોઈ. પોતે અંગ્રેજી ન જાણે એટલે તે બાબતમાં પરાધીન. પણ જિજ્ઞાસા માણસને સુખે બેસવા દેતી નથી. ધીરેધીરે તેઓ અંગ્રેજી તરફ ઢળ્યા. દરમિયાન અંગ્રેજી કે જર્મન પુસ્તકો મેળવી ગમે તે રીતે તેનો અનુવાદ કરાવી મતલબ સમજી તેનો ઉપયોગ કરતા. જેમજેમ વાચન વધ્યું અને લખવાની વૃત્તિ તીવ્ર બની તેમતેમ વધારે ઉણપ ભાસતી ગઈ અને જૈન સાધુજીવનનાં બંધનો તેમને સાલવા લાગ્યાં. અહીં થોડો સમય રહી જૈન સાધુઓ જોડે ચાલીને મુંબાઇ પહોંચ્યા. ત્યાંના સમાનશીલ વિવિધ વિદ્વાનોના પરિચયે અને સ્વતંત્ર વાતાવરણે એમની અભ્યાસવૃત્તિને અનેક રીતે ઉત્તેજિત કરી. એ એમનો બીજો મંથનકાળ હતો. થોડા કાળ પછી તેમની વૃત્તિ પૂનાના વિદ્યામય વાતાવરણે આકર્ષી. પગે ચાલતા તેઓ પૂને પણ ગયા. ત્યાં વિદ્વાનોના ઇષ્ટતમ પરિચયથી તેમને ખુબ ગોઠી ગયું ને ભારત જૈન વિદ્યાલયની ચાલુ સંસ્થાને તેમણે સ્થાયી રૂપ આપવા પ્રયત્ન કર્યો. બીજી બાજુ ભાંડારકર ઇન્સ્ટિટયૂટમાંનો હસ્તલિખિત જૈન પુસ્તક સંગ્રહ જોઈ કાઢયો. આમાંથી તેમની શોધક બુદ્ધિને પુષ્કળ સામગ્રી મળી.

વધુ વિશાળ કાર્યક્ષેત્ર શોધવાની તેમની વૃત્તિને અસહકારના દિવસોમાં જોઇતું નવું ક્ષેત્ર મળી આવ્યું. આ એમનો ત્રીજો અને સૌથી વધારે મહત્ત્વનો મંથનકાળ હતો. હવે તેઓ જૈન અને જૈનેતર વિદ્વાનોમાં પ્રસિદ્ધ લેખક તરીકે જાણીતા થયા હતા. જૈન સાધુ તરીકેનું જીવન સમાપ્ત કરવું અને નવું જીવન શરૂ કરવું તે કેમ અને કેવી રીતે તથા શા માટે એ વિકટ પ્રશ્નોએ ઘણા દિવસ તેમને ઉજાગરો કરાવ્યો. ઉજાગરાનાં આ કારણોમાં એક કારણ માતાનાં દર્શન કરવાનું પણ હતું. પિતા તો પહેલાં ગુજરી ગએલા એની તેમને ખબર હતી.

અંતે જૈન સાધુજીવનનાં બંધનો છોડી દેવાનો પોતાનો નિશ્ચય તેમણે વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કર્યો, પુરાતત્ત્વ મંદિરની યોજનાને અંગે તેઓ અમદાવાદ ગયા અને જૈન સાધુ મટી તેઓ પુરાતત્ત્વ મંદિરના આચાર્ય થયા.

મંદિર શરૂ કરવાના કામમાં તેઓ માતાને મળવા તરત તો ન જઇ શકયા, પણ એકાદ વર્ષ પછી ગયા ત્યારે માતા વિદેહ થએલાં. જિનવિજયજી આ આઘાતથી રડી પડયા. સંન્યાસનાં આટલાં વરસ ગાળવા છતાં એમનામાં માનવતાના સર્વ કુમળા ભાવો છે. તેમને અનુયાયીઓ કરતાં સહૃદય મિત્રો વધારે છે તેનું પણ આ જ કારણ છે.

તેમનો પ્રિય વિષય પ્રાચીન ગુજરાતનો ઇતિહાસ અને

ભાષા છે. તેને અંગે એમણે જે જે ગ્રંથો છપાવવા શરૂ કર્યા તેમાં જર્મન ભાષાના જ્ઞાનની ઉણપ બહુ જ સાલવા લાગી, અને સંયોગ મળતાં એ જ વૃત્તિએ તેમને જર્મની જવા પ્રોત્સાહિત કર્યા. મિત્રોએ અને ખુદ મહાત્માજીએ એમની વિદેશગમનની પ્રવૃત્તિને સપ્રેમ સીંચી. દરમિયાન જર્મન વિદ્વાનો અહીં આવી ગયા તેમની સાથે નિકટ પરિચય થઈ ગયો. બીજી બાજુ તેમની ઐતિહાસિક ગવેષણાથી સંતુષ્ટ થએલા પ્રો. યાકોબીએ પણ પત્ર દ્વારા જર્મની આવવા લખ્યું.

આ રીતે આંતરિક જિજ્ઞાસા અને સાહસની ભૂમિકા ઉપર બહારનું અનુકૂળ વાતાવરણ રચાયું અને પરિણામે જૈન સાધુવેષનાં રહ્યાંસહ્યાં ચિહ્નોનું વિસર્જન કરી તેમણે અભ્યાસ માટે યૂરોપ યોગ્ય નવી દીક્ષા લીધી. આ બધાં પરિવર્તનોની પાછળ તેમનો ધ્રુવ સિદ્ધાન્ત વિદ્યાભ્યાસ જ રહ્યો છે.

આજકાલ સામાન્ય માન્યતા એવી છે કે ઉચ્ચ અભ્યાસ તો યૂનિવર્સિટીની કૉલેજોમાં અને તે પણ અંગ્રેજી પ્રોફેસરોનાં ભાષણો સાંભળીને જ થઇ શકે; અને ઐતિહાસિક ગવેષણા તો આપણે પશ્ચિમ પાસેથી શીખીએ તો જ શીખાય. આચાર્ય જિનવિજયજી કાઇ પણ નિશાળે પાટી પર ધુળ નાખ્યા વિના હિંદી, મારવાડી, ગુજરાતી ને મરાઠી ભાષાઓમાં લખીવાંચી શકે છે અને બંગાળી પણ તેમને પરિચિત છે. આટલી નાની વયમાં તેમણે વીસેક ગ્રંથો સંપાદિત કર્યા છે. પ્રાચ્ય વિદ્યા પરિષદમાં 'હરિભદ્રસૂરિનો સમયનિર્ણય' એ વિષય પર એમણે વાંચેલા સંસ્કૃત લેખ પરથી પ્રખર વિદ્વાન યાકોબીને પણ પોતાનો અભિપ્રાય આયુષ્યમાં પહેલી જ વાર બદલાવવો પડયો છે. જુના દસ્તાવેજો, શિલાલેખો-સંસ્કૃત, પ્રાકૃત કે જુની ગુજરાતીના ગમે તે ભાષાના-તે ઉકેલી શકે છે અને વિવિધ લિપિઓનો તેમને બોધ છે. ખારવેલનો શિલાલેખ બેસાડવામાં પ્રો. જયસ્વાલે પણ તેમની સલાહ અનેકવાર લીધી છે. તેમને શિલ્પ અને સ્થાપત્યની ઘણી માહિતી છે. પર્યટન કરીને પશ્ચિમ હિંદની ભૂગોળનું તેમણે એવું સારૂં નિરીક્ષણ કર્યું છે કે જાણે જમીન તેમને જવાબ દેતી હોય તેમ તેઓ ઇતિહાસના બનાવો તેમાંથી ઉકેલી શકે છે. પુરાતત્ત્વમાં પણ તેમણે પ્રાચીન ભાષાનો એક 'ગદ્યસંદર્ભ' સંપાદિત કર્યો છે. ઉપરાંત, ગુજરાતના ઇતિહાસનાં સાધનોના ગ્રંથો બહાર પાડવા માંડયા છે, જે કામ તેઓ જર્મની જઈ આવ્યા પછી વધારે વેગથી આગળ ચલાવશે.

તેમણે ચલાવેલા 'જૈન સાહિત્ય સંશોધક' નામના ત્રૈમાસિક પત્રને બીજું વર્ષ પુરૂં થવા આવે છે. જૈન સમાજના કોઈપણ ફિરકામાં એ કોટિનું પત્ર અદ્યાપિ નીકળ્યું નથી.

અત્યાર સુધી આત્માના કોઇ અદમ્ય સાહસથી જ તેમણે અભ્યાસ આગળ ચલાવ્યો છે ને અંગ્રેજીના અધુરા અભ્યાસે તથા ફ્રેંચ કે જર્મન ભાષાના અભ્યાસ વિના યૂરોપની આ મુસાફરી સ્વીકારી છે. એમનું આ સાહસ પણ તેમનાં બધાં સાહસની પેઠે સફળ જ નીવડશે.

('પ્રસ્થાન' ઉપરથી) પંડિત સુખલાલજી

પ્રગતિને પંથે ઈરાન

ઇરાનની મજલિસે લાગલાગટ છ વર્ષ સુધી, દર વર્ષે સો વિદ્યાર્થીઓને જુદીજુદી વિદ્યાઓનો અભ્યાસ કરવા યૂરોપ મોકલવાનો ઠરાવ કર્યો છે. વિદ્યાર્થીઓની એકેક ટુકડી પાછળ દર વર્ષે એક લાખ તોમન (ઈરાની સિક્કા)નું ખર્ચ થશે.

સ્વરાજ્ય ભોગવતા દેશના સુકાનીઓ જ્યારે સાચી દૃષ્ટિ ધરાવતા હોય છે અને જ્વલંત દેશપ્રેમથી ઉભરાતા હોય છે ત્યારે પ્રગતિનો પંથ કેટલી ઝડપથી કાપી શકે છે તેનાં ઉદાહરણ અત્યારનું તુર્કી, રશિયા, અફઘાનિસ્તાન અને ઇરાન પુરાં પાડે છે. રશિયા, તુર્કી અને અફઘાનિસ્તાનની મુલાકાત લઈ આવનારા પ્રવાસીઓ તો મોંમાં આંગળી નાંખીને કહે છે કે લેનિન, કમાલ અને અમાનુલ્લાએ તેમના પ્યારા દેશની જોતજોતામાં સારી શકલ બદલી નાખી છે. અને હવે શાહ રીઝાખાનના પ્રગતિમાન અમલકાળમાં ઇરાન પણ એ જ માર્ગે કુચકદમ આગળ ચાલી રહ્યું છે. પારીસનાં વિલાસભુવનોમાં પડયા રહેતા અને દિવસરાત જુગારમાં ચકચુર રહેતા ઇરાનના જુના રાજાને પદભ્રષ્ટ કરીને ઇરાનની પ્રજાએ રીઝાખાનના હાથમાં રાજ્યની લગામો સોંપી એ સાવ તાજી—ગઈ કાલની જ વાત છે. અને ત્યારપછી આ ત્રણ સાડાત્રણ વર્ષના ગાળામાં તો ઈરાન આ દુનિયાનાં બલશાળી રાષ્ટ્રોમાં ગણના પામતું થઈ ગયું છે. બ્રિટિશ શહેનશાહતના રક્ષણહારોને ઈરાનનાં જંગલો ઉપર થઇને હવાઇ વિમાનનો માર્ગ યોજવો હોય અને તેઓ ઇરાનની પરવાનગી માગે ત્યારે ઇરાન હવે ચોકખી ના પાડી શકે છે. આજે ઈરાનમાં એટલી તાકાત આવી ગઇ છે. અને ઇરાને આમ બહારની દુનિયામાં પોતાને માટે માનવંતું સ્થાન પ્રાપ્ત કરવાની સાથોસાથ પોતાના વિકાસને માટે પણ પૂર્ણ ઉત્સાહથી અનેકવિધ પગલાં લેવા માંડયાં છે. દર વર્ષે સો સો એમ છ વર્ષ સુધી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે યૂરોપ મોકલવાનો ઠરાવ એ પણ એ પંથે એક આગે કદમ છે. આ યોજનાથી ઇરાનની તિજોરીમાંથી છ વર્ષમાં આશરે સાઠ લાખ તોમનનો ખર્ચ થશે: પણ છ વર્ષ પછી, જ્યારે છસો ઈરાની જુવાનો, જુદીજુદી વિદ્યાઓમાં પારંગત બની ઈરાનની સેવામાં બેસી જશે ત્યારે, એ સાઠ લાખ કેવા ઉગી નીકળશે ? ત્યારે એ સાઠ લાખમાંથી આખા દેશમાં કેટલાં નવાં કારખાનાં, કેટલાં નવાં વિદ્યાલયો, કેવી નવી રોશની, કેવા અદ્ભુત પલટા નિપજાવી શકશે ? ઇરાને પ્રજાકીય અભ્યુદયને માટે સરસમાં સરસ માર્ગ અખત્યાર કર્યો છે. ઇરાનમાં આજે રીઝાખાન રાજા છે, પણ શાસન તો પ્રજાનું જ છે; એટલે જ ઇરાનની તિજોરીનાં નાણાં પ્રજાહિતનાં કાર્યોમાં ખર્ચાય છે. આપણે ત્યાં

પણ જો રાજ્યકારભાર પ્રજાને હસ્તક હોય તો, આપણે સૌથી પ્રથમ પગલું ઇરાનની મજલિસની મિસાલે જ લઇએ. પણ એ દિવસ તો હજી દૂર છે. દરમ્યાન આપણા શુભાકાંક્ષી નૃપતિઓ, જેઓ વિદ્યા અને વિશિષ્ટ શિક્ષણની ઉપયોગિતા સમજી શકે છે તેમને વિનવીએ કે આપના કારભારમાં આપની પ્રજાના પાણીદાર જુવાનોને વિધવિધ વિદ્યાઓમાં પારંગત થવા વિદેશ મોકલી દર વર્ષે અમુક રકમ ખર્ચવાનો ખાસ પ્રબંધ કરો: એ માર્ગે જ પ્રજાકીય દારિદ્ર અને બેરોજગારીનો ઇલાજ થઇ શકશે: એ માર્ગે જ આપણું એકેએક જામનગર અને ભાવનગર યૂરોપના બેલ્જીયમ અને સ્વિટ્ઝર્લાંડ જેવું સ્વયંપૂર્ણ અને સર્વતોમુખી પ્રગતિમાન બની શકશે. (સૌરાષ્ટ્ર)

સાચી કેળવણી

એકલવ્ય હિમાલયના એક જંગલમાં રહે. દરરોજ સવાર પડે કે ખભે તીરકામઠું લેતોક એકલવ્ય મેદાન પર જાય અને નિશાનો તાકે.

એ તો એકલવ્યનું તીર. મોટામોટા બાણાવળીઓ પણ આ ભીલડા પાસે પાણી ભરે. તેનું નિશાન આબાદ. તાક્યું ત્યાં વીંધ્યે જ રહે. કદાચ પૃથ્વી રસાતાળ જાય કે સૂર્ય પશ્ચિમમાં ઉગે પણ એકલવ્ય નિશાન ન ચુકે.

ભીલડાની જાત. કેડે પોતડી અને માથે ફેંટિયું. કોની પાસે શીખ્યો હશે?

દ્રોણાચાર્ય તેના ગુરુ. આમ તો દ્રોણાચાર્ય પાંડવ કૌરવોના ગુરુ. ત્યાં એકલવ્યને પેસવા યે કોણ દે? પણ એકલવ્યે ગુરુના આ ઈન્કાર પર છેક માર્યો. તેણે પોતાના મનથી દ્રોણને ગુરુ માન્યા; તેમનું એક માટીનું સુંદર પુતળું બનાવ્યું, પોતાના મનથી તેમની પાસે દીક્ષા લીધી અને પુતળા સમક્ષ આત્મકેળવણી શરૂ કરી.

એકલવ્યની વાત તો દેશપરદેશમાં ફેલાઇ ગઈ. દ્રોણાચાર્યને કાને પણ આવી. અર્જુન દ્રોણગુરુનો પટ્ટશિષ્ય. તેનાથી કોઈ ચડે એ કેમ સંખાય?

દ્રોણ હિમાલયમાં ગયા; ત્યાં એકલવ્યનું જંગલ શોધી કાઢ્યું. એકલવ્યના મેદાનમાં જઇને તેની અદ્ભુત વિદ્યા પણ જોઇ લીધી. 'બીચારો અર્જુન!' દ્રોણે નિસાસો મુકયો.

ગુરુએ પુછ્યું: 'અરે એકલવ્ય?' 'કોણ એ?'

'તારા ગુરુ કોણ?' 'મારા ગુરુ દ્રોણપ્રભુ.'

'હું પોતે જ દ્રોણાચાર્ય.'

ધાવણ વિના તરફડતું બાળક માને દેખીને જેમ દોડી જાય તેમ એકલવ્યે દોટ દીધી. તીર અને કામઠું દ્રોણાચાર્યને ચરણે મુકયાં અને સાષ્ટાંગ નમસ્કાર કરી ઉભો રહ્યો. આજે તેના બત્રીશે કોઠે દીવા હતા.

'ગુરો, હું કૃતાર્થ થયો. શી આજ્ઞા છે?'

'હું ગુરુદક્ષિણા લેવા આવ્યો છું.'

'મારાં અહોભાગ્ય! માગો તે આપવા સેવક તૈયાર છે.'

'મારે કાંઈ મોટું માગવું નથી. તારા જમણા હાથનો અંગુઠો મને આપ એટલે બસ.' દ્રોણે હુકમ ફેંકયો.

એકલવ્ય અંગુઠો કાપવા તૈયાર થયો ત્યાં કાનમાં કોઈ ગણગણ્યું: 'મૂર્ખો ન થતો. અંગુઠો ગયા પછી તારામાં શું રહેવાનું છે? એવા તો કંઇક ગુરુ થવા આવે. ભણાવવા ત્યારે ખાસા રાજકુંવરોને અને અંગુઠો લેવો ત્યારે તારી પાસે! તને એક દિવસ પણ ભણાવ્યો છે? તારી વિદ્યા તો તારા પોતાના પ્રયાસની છે. એક સો પાંચ અંગુઠા પહેલાં લઈ આવે એટલે ખબર પડે કે અંગુઠા કેમ મળે છે!'

પણ એકલવ્યનું અંતર તરત જ ઉછળ્યું: 'નહિ નહિ, જીવ, ઝખ ન માર મેં તો દ્રોણને મારા ગુરુ માન્યા એટલે તેમનું વચન મારે શિરોવંદ્ય. એ કહે કે માથું આપ તો માથું આપું. મારૂં શાસ્ત્ર તો મને એમ જ કહે છે કે ગુરુએ દક્ષિણા માગી તે તારે આપવી. દ્રોણાચાર્યનું પોતાનું શાસ્ત્ર તેમને શું કહે છે તે હું શા માટે વિચારૂં? આજે અંગુઠો આપીશ એટલે પછી બાણો મારવાનું બંધ થશે એમ ના? જીવનભર બાણ મારીમારીને જે દિશાએ જવું છે તે આજે જ આવી જતી હોય તો બાણમાં ને કામઠામાં ને અંગુઠામાં શા માટે ભરાઇ રહેવું?'

જોતજોતામાં અંગુઠો હાથના પંજાથી છુટો પડયો!--કઠણ બરડ અંગુઠો!

આજે એ જ એકલવ્ય કાળના પડને વીંધી નાખે એવા અવાજથી બોલે છે: 'દુનિયાભરના વિદ્યાર્થીઓ, વિદ્યાને બજારનો સોદો ન બનાવો. જેનેતેને ચરણે ન બેસો. પણ બેઠા પછી વાણિયા ન થાઓ. જુવાનીમાં એકાદ વ્યક્તિને નામે કે એકાદ આદર્શને નામે અંગુઠો કાપી આપતાં શીખવું એ જ સાચી કેળવણી છે.' (છાત્રાલય)

વિજળિક શક્તિનો ખેતીમાં ઉપયોગ

આ જમાનો જ વિજળીનો છે. ગાડી ચલાવવામાં વિજળી, ગાયન સાંભળવામાં વિજળી, ટપાલ લઈ જવામાં વિજળી, ટ્રામ ચલાવવામાં વિજળી, દીવા કરવામાં વિજળી, હવા ખાવા અને તાપ દૂર કરવામાં વિજળી, યંત્રો ચલાવવામાં વિજળી, ખાવાનું પકાવવામાં વિજળી અને છેવટે કપડાં ધોવામાં પણ વિજળીનો જ ઉપયોગ થાય છે. બાકી રહી હતી માત્ર ખેતીવાડી. પરંતુ વિજ્ઞાનશાસ્ત્રીઓ એમાં યે વિજળિક શક્તિનો ઉપયોગ કરી કેમ સારો પાક ઉતારી શકાય એ માટે પ્રયોગો કરી રહ્યા છે.

જમીનમાં ખેડ કરતી વખતે હળ મારફતે અંદર વિજળિક શક્તિ (વોલ્ટેજ) દાખલ કરવાથી જમીન ઉપર ઘણી સારી અસર થાય છે. આ ક્રિયા વડે જમીનમાંનાં જંતુઓ નાશ થવા ઉપરાંત કસ વધે છે, બીને ઉગતાં બહુ જ ઓછો વખત લાગે છે અને થોડા જ વખતમાં પાક તૈયાર થાય છે.

આ ઉપરાંત, બીજી રીતે વિજળિક બળોના ઉપયોગ જમીનને ગરમ કરવામા થાય છે. રેશમ કે કંઇપણ વીંટયા વિનાનો સીસાનો તાર જમીનમાં મુકી, તેમાં વિજળિક પ્રવાહ મોકલવાથી, તાર ગરમ થાય છે ને જમીનને પણ ગરમ કરે છે. આપણે ત્યાં જેમ ઉનાળામાં જમીનને તપવા માટે પડતર રાખી ખાતર જેવો લાભ ઉઠાવાય છે, (આપણા અહીંના ખેડુતો એ સારી રીતે જાણે છે) તે જ રીતે વિજળિક બળથી જમીનને ગરમ કરવાથી પણ તેનો કસ વધી જાય છે.

('ઈન્ડસ્ટ્રી'માંથી) —સારાભાઈ મ. પટેલ

આપણા ઈલાકાના એકસો એંશી પાક

મુંબાઇ ઇલાકાના ખેડુતો એક વરસમાં ૧૮૦ જુદા જુદા પાક ઉત્પન્ન કરે છે. તેમાં ૧૫ અનાજ, ૧૨ જાતનાં કઠોળ, ૧૯ જાતનાં તેલીબીયાં, ૪ જાતના રેસાઓ, ૫ જાતના માદક પદાર્થો, ૭ જાતના રંગો, ઘણી જાતની શેરડીઓ, ૨૦ જાતની મીઠી વસ્તુઓ અને તેજાના, ૫૬ જાતનાં શાક, ૩૪ જાતનાં ફળો અને ૫ જાતનું ઘાસ વગેરે થાય છે. થોડાં મુખ્ય જોઇએ:

અનાજ

જુવારનું વાવેતર ઇલાકામાં સૌથી મોટા પ્રમાણમાં, ૮૫ લાખ એકર કરતાં વધારે જમીનમાં થાય છે. જ્યાં વરસાદ વધારે પડે છે ત્યાં જુવારને બદલે બાજરી વાવવામાં આવે છે. એટલે કોંકણ અને ખાનદેશના પશ્ચિમ ભાગમાં તેમજ દખ્ખણમાં જુવારનું વાવેતર ભાગ્યે જ થાય છે. જુવારના છોડની કડબ ઘાસચારામાં પ્રથમ સ્થાન ભોગવે છે, કારણકે તે થોડા સમયમાં ઉગે છે ને ખાવામાં મીઠી લાગે છે. બાજરી ૩૦ લાખ એકર જમીનમાં વવાય છે. ચોખા ૨૦ લાખ એકર જેટલી જગ્યામાં વવાય છે. ઘઉંનું વાવેતર ૧૫ લાખ એકરમા થાય છે. ઉપરાંત જવનો પાક થાય છે તે જનાવરોના ખોરાક તરીકે વપરાય છે; માણસો તે ખાતાં નથી.

કઠોળ

કઠોળમાં ચણા મુખ્ય છે. પ્રસંગોપાત્ત માણસો ચણા ખાય છે, પણ મોટે ભાગે તે ઘોડાઓનો ખોરાક ગણાય છે. ચણાના છોડવાઓ ઉપર રાત્રે વસ્ત્ર પાથરી ક્ષાર મેળવી શકાય છે. આ પાકથી જમીન પણ સુધરે છે. તુવેરનો ઉપયોગ માણસો ખોરાક તરીકે કરે છે, તેમજ ઢોરને પણ આપવામાં આવે છે. તેના છોડવાની રાખનો ઉપયોગ લાંબા સમયથી હિંદમાં બંદુકનો દારૂ બનાવવામાં થાય છે. કળથીનું વાવેતર બીજાં કઠોળ કરતાં વધારે વિસ્તારમાં થાય છે અને માણસો તેમજ ઢોરોના ખોરાક તરીકે તેનો ઉપયોગ થાય છે.

તેલીબીયાં

તેલીબીયાંમાં મગફળીનું સ્થાન પહેલું આવે છે. તેનો ભાવ સારો ઉપજે છે કારણકે તેમાંથી બનતું તેલ બદામ ને ઓલીવના તેલની ગરજ સારે છે. ઔષધિઓમાં પણ આ તેલનો છૂટથી ઉપયોગ થાય છે અને સાબુ બનાવવામાં, સાંચાકામમાં પુરવામાં ને બીજાં કામોમાં તે વપરાય છે. આ તેલનો ઉપયોગ હજી વધારે પ્રમાણમાં થવા સંભવ છે. તલનું તેલ વરસો સુધી ખોરૂં થતું ન હોવાથી તે કરકસરની દૃષ્ટિએ ફાયદાકારક છે. ઇલાકામાં નાળિયેરીનાં ઝાડ ૪૫,૨૧૫ એકરમાં ઉગે છે. સારી નાળિયેરી વરસમાં ૩ થી ૪ વાર ફળે છે ને દર વખતે સરાસરી ૭૫ નાળિયેર આપે છે.

તમાકુ

રેસાવાળા પાકમાં ૫૦ લાખ કરતાં વધારે એકર જમીનમાં રૂનો પાક થાય છે. તે પછી તમાકુનો નંબર આવે છે. એ પાકનો વિસ્તાર દર વરસે વધતો જ જાય છે. નવાઇ જેવું એ છે કે આ બધો પાક માત્ર હિંદમાં જ વપરાય છે; યૂરોપનાં બજારોમાં વેચાવાની દૃષ્ટિથી તે ઉગાડવામાં આવતો નથી.

રંગોની વનસ્પતિ

જે વનસ્પતિમાંથી રંગો બને છે તેનું વાવેતર મોટા પ્રમાણમાં થતું નથી. આ ઇલાકામાં ઘણાં ઝાડ અને છોડવા છે કે જે અગાઉ રંગ બતાવવામાં વપરાતા હતા, (જેવાકે ગળી, કસુંબો, અજતો) પરંતુ તેમાંનું કશું હવે ઉગાડવામાં આવતું નથી. ડામરમાંથી બનતા પરદેશી રંગોની હરીફાઇમાં તેઓ ટકી શકયાં નથી. ૪૦ વરસ પહેલાં આ પ્રાંતમાં ૪,૦૦૦ એકરના વિસ્તારમાં ગળીનું વાવેતર થતું હતું; હાલ તે માત્ર ૨૨ એકરમાં વવાય છે! કસુંબાની પણ એ જ સ્થિતિ છે અને તે ખેડા જીલ્લામાં હજી પણ થોડા વિસ્તારમાં ઉગાડવામાં આવે છે. ખાનદેશમાં એક વાર અજતાનો પાક મોટા પ્રમાણમાં થતો અને તેનાં મુળમાથી ચકચકિત રાતો રંગ થતો. તેની ખેતી પણ હવે બંધ પડી છે.

મરચાં અને તેજાના

મરચાં ખાતાં ગળું બળે તે તો સૌકોઇ જાણે છે; પણ તેનું વાવેતર ૧,૧૧,૦૦૦ એકરના વિસ્તારમાં થાય છે તે કોણ જાણે છે? ધારવાડમાં ૪૯,૦૦૦ એકરમાં અને બેલગામમાં ૧૩,૦૦૦ એકરમાં તેનું વાવેતર થાય છે. મરચાં એ લોકોના રોજના ખોરાકમાં વપરાતી ચીજ છે અને દરેક ખેડુત પોતાના ખેતરના ખુણામાં મરચાંના થોડા રોપ અવશ્ય વાવે છે. એ સિવાય રાઇનું વાવેતર ૨૦૦૦ એકરમાં થાય છે, કાળાં મરી ૪૦૦૦ એકરમાં, લસણ ૫૦૦૦ એકરમાં, હળદર ૭૦૦૦ એકરમાં અને આદુ ૭૩૧ એકરમાં વવાય છે. નાગરવેલના પાન ૪૭૦૦ એકરમાં અને સોપારી ૨૨૦૦૦ એકરમાં વવાય છે.

શાકભાજી

શાકભાજી તો ઠેરઠેર ને વિવિધ પ્રકારના વવાય છે. પૂનામાં બટાટાનો મોટો પાક થાય છે. કાંદા કુલ ૧૦,૦૦૦ એકરમાં વવાય છે, તેમાંથી એકલા નાસીકમાં જ અરધું વાવેતર તો થાય છે. ગાજર-રતાળુ મોટે ભાગે પુના ને સતારામાં વવાય છે. ૫૦૦ એકરના વિસ્તારમાં કોબી વવાય છે, જેના મોટા

ભાગ પુનામાં વવાય છે. મૂળા પણ પુનામાં જ મોટે ભાગે થાય છે અને તેનો કુલ વિસ્તાર ૧૨૦૦ એકરનો છે. રીંગણાનું વાવેતર ૧૪૦૦૦ એકરમાં થાય છે. ટમેટાં ૭૦૦ એકરમાં વવાય છે, તેના ૮૦ ટકા પુના અને નાસીક જીલ્લાઓમાં વવાય છે. ભીંડાનું વાવેતર ૫૦૦૦ એકરમાં થાય છે અને તે મોટે ભાગે પૂર્વ અને પશ્ચિમ ખાનદેશ તથા પુનામાં થાય છે. ૨૫૦૦ એકર જમીનમાં તડબુચ વવાય છે. ઉપરાંત ભાજીપાલો અને શીંગોના પ્રકારનું શાક તો પાર વગરનું ઉગે છે.

ફળ

ઇલાકામાં આંબાનું વાવેતર ૧૫૦૦૦ એકરમાં થાય છે, જેના ત્રીજા ભાગનું વાવેતર એકલા રત્નાગીરીમાં થાય છે; મુંબાઇ, થાણા, ધારવાડ, ઉત્તર કાનડા અને સુરતમાં ૧૦૦૦ એકરનું વાવેતર થાય છે. કેરીની એકંદર ૫૦૦ જાતો છે તેમાંથી આપણા ઇલાકામાં ૮૯ જાતો ઉગાડવામાં આવે છે. કેળાં ૧૩૦૦૦ એકરના વિસ્તારમાં, જામફળ ૪૦૦૦ એકરના વિસ્તારમાં, અંજીર ૩૭૫, દાડમ ૧૫૦૦, ફણસ ૧૮૦૦, દ્રાક્ષ ૧૦૦૦, પપૈયા ૬૦૦, લીંબુ ૧૨૦૦ અને નારંગી ૫૦૦૦ એકરમાં વવાય છે.

ઘાસચારો

આપણા ઈલાકામાં ઘાસચારાની બહુ જ ઓછી જાત ઉગે છે. ઉનાળુ જુવાર ૮૧૦૦૦ એકરમાં વવાય છે, તેમાંથી ૩૭૦૦૦ ખેડામાં થાય છે. ૩૦૦૦૦ એકરમાં ગુવાર વાવવામાં આવે છે; તેનું મોટું પ્રમાણ પણ ખેડામાં જ થાય છે. રજકો ૬૦૦૦ એકરમાં વવાય છે અને તે અહમદનગર, નાસીક તથા પુનામાં વવાય છે. ૧૭૨૯ એકરમાં જવ વવાય છે જે મોટે ભાગે નાસીકમાં વવાય છે. (ગુજરાતી)

આઝાદીનો આતશ

આપણાં સર્વે અનિષ્ટોનો ફક્ત એક જ ઈલાજ છે અને તે સ્વરાજ્ય—કેવળ સ્વરાજ્ય. એ વિષે મને પોતાને તો જરા યે સંદેહ નથી. અને સ્વાધીન થવાની આપણી અભિલાષા એ જ માત્ર સ્વરાજ્યની આપણી લાયકાતનું ધોરણ છે. સ્વાધીનતા જીતવા ને જાળવવા માટે જરૂરની સાધનસામગ્રીમાં એ રાષ્ટ્રવ્યાપી અભિલાષા સિવાય બીજી એકે ચીજની ઉણપ નથી. ચીન, તુર્કી, ઇરાન, અફઘાનિસ્તાન, બલ્ગેરિયા, ઝેકોસ્લોવેકિયા, રૂમાનિયા અને રશિયા સાથે હિંદની તુલના કરી જુઓ અને તમને ખાત્રી થશે કે સ્વાધીનતાની અગન—આઝાદીના આતશ સિવાય એકે ચીજમાં આપણે તેમનાથી ઉતરતા નથી; બલ્કે ઘણી બાબતોમાં તો તેમનાથી શ્રેષ્ઠ છીએ. જે ઘડીએ આપણી પ્રજામાં એ આતશ પ્રગટશે તે ઘડીએ પરાધીનતાની શૃંખલા તડોતડ તુટવા લાગશે. હિંદીઓના સહકારથી જ બ્રિટિશ અમલ હિંદમાં શક્ય બન્યો છે; અને બ્રિટનની બનાવટનો માલ હિંદ ખરીદે છે તેથી જ વિલાયતની પ્રજાના મોટા ભાગનું ગુજરાન ચાલે છે. આપણે માત્ર હિંદમાં સહકાર આપતા બંધ થઇએ અને બ્રિટિશ માલનો બહિષ્કાર કરીએ એટલે જોતજોતામાં અમલદારશાહીના ચુરેચુરા થઇ જશે.

સુભાષચંદ્ર બોઝ

(સૌરાષ્ટ્ર)

અદ્ભુત રત્નો

વીસમી સદીના આ જમાનામાં પણ હિંદ અને બ્રહ્મદેશમાં આશ્ચર્ય પમાડે એવા હીરાઓ પાકે છે. પૂર્ણિમાની રાતે નીતર્યાં નીર જેવાં આંસુ વહાવનાર હીરાઓ; ફણીધરના મસ્તક પર રહેતાં વરસાદ વરસાવનારાં મોતી; લોહીનું ઝેર ચુસી લેનારાં લાલ જાંબુડિયા રંગનાં માણેક અને ચામડીના રોગ મટાડનારાં નીલમ જેવાં અજાયબીભર્યાં રત્નો હજી પણ એ દેશોની અદ્ભુત ખાણો આપે છે.

દક્ષિણ હિંદના તાંજોરના રાજકુટુંબનો એક સાધારણ દેખાતો હાર થોડા મહિના અગાઉ મદ્રાસમાં ઑક્સ લેઈનમાં વેચવામાં આવ્યો હતો. નવા વર્ષને દિવસે પોતાની પુત્રીને ભેટ આપવા માટે તેના ખરીદનારે ફરીથી જડાકકામ કરાવવા માટે તે જડિયાને ત્યાં મોકલ્યો. એ હારમાં સૌથી આગળ ઝુલતા હીરા ઉપર જડિયાની નજર ઠરી. એ હીરો કોઈ જુદી જ જાતનો હતો એટલે એને હારમાંથી કાઢી લઇ વીંટીમાં જડાવવા તેણે એના માલિકને સૂચવ્યું. એનું વજન સાડા પાંચ કેરેટ હતું. બીજા જડિયાની સલાહ લેવા તેના માલિકે એ સાચવી રાખ્યો. બરોબર પરીક્ષા કરાવતાં એમાં અજાયબીભર્યાં તત્ત્વો માલુમ પડ્યાં. એ સાધારણ રીતે તો વાદળી પડતા રંગનો હતો; પણ દિવસે એનો રંગ ગુલાબી થઇ જતો ને સૂર્યનાં સીધાં પડતાં કિરણો નીચે મુકવામાં આવે કે તરત જ એ સંપૂર્ણ વાદળી રંગનો થઇ જતો. એને અંધારા ઓરડામાં લઇ જતાં એ બીલકુલ તેજ નહોતો આપતો. થોડા વખત પછી એના માલિકે બરાબર સંધ્યા સમયે હીરો લેવા તિજોરી ઉઘાડી. તો આખી તિજોરીમાં ચાંદની જેવો પ્રકાશ રેલાઈ રહેલો જોઈ એની અજાયબીનો પાર રહ્યો નહિ.

આમ જુદેજુદે સમયે એ હીરામાં થતા ફેરફારો પરથી તારવી શકાયું કે ચંદ્ર અસ્ત થતાં હીરાનું તેજ નાશ પામતું; દિવસે તે બીલકુલ પ્રકાશ નહોતો આપતો; કૃષ્ણપક્ષમાં બીલકુલ કોરો માલુમ પડતો, પણ પૂર્ણિમાને દિવસે આંસુ દ્રવ્યાં હોય એમ ભીનો જણાતો. ચંદ્રમણિ નામના હીરા વિષે આપણે સાંભળેલી દંતકથા આ હીરો બરોબર સાચી પાડે છે!

લંકામાં હમણાં એક અદ્ભુત ગજ-મોતી મળી આવ્યું છે. કોલંબો મ્યૂઝિયમના ક્યુરેટર ડૉક્ટર જોસેફ પીઅર્સન કહે છે કે એને વિષે ચમત્કારી હકીકતો મેં સાંભળેલી, પણ હું તે માનતો નહિ. પરંતુ ૧૨ કેરેટ વજનનું ઝુલતા સોનેરી

રંગનું એ તેજસ્વી મોતી મારા હાથમાં આવતાં હું ઠંડોગાર થઇ ગયો. એ ૨૦૦૦ વર્ષનું જુનું કલ્પવામાં આવે છે. માઇક્રોસ્કોપથી તપાસતાં એનો ગર્ભભાગ હાથીદાંતનો હોય એવો જણાયો. એ લાવણ્યમય ગજ-મોતીના નીતર્યા પારદર્શક પડ નીચે સફેદ હાથીનો સંપૂર્ણ આકાર જોઈ શકાય છે.

ચૌદમી સદીનાં રત્નો વિષે લખનાર પ્રખ્યાત ભારતીય પંડિત વરાહમિહિર કહે છે કે જ્યારે સૂર્ય ને ચંદ્ર અમુક ચોક્કસ કક્ષામાં આવેલા હોય ત્યારે જન્મ પામેલા હાથીના માથામાંથી અથવા તો સુંઢના મુળમાંથી આવાં ગજ–મોતી મળે છે. અગસ્ત્ય રાસાયનિક ગુણવાળાં બીજાં મોતી વિષે લખતાં એ જણાવે છે કે તોફાન-મોતી ચોમાસાના પહેલા જ વરસાદ વખતે આકાશમાંથી પડતું કહેવાય છે. દાડમના દાણા જેવો એનો રંગ હોય છે ને કદમાં પણ એવડું જ હોય છે. વિજળીના ચમકારા જેવો તીણો તેજસ્વી પ્રકાશ એ આપે છે ને જેની પાસે એ હોય તેને તોફાનના અકસ્માતમાંથી ને વિજળીના ભયમાંથી ઉગારે છે.

અને રાત્રે પ્રકાશતા નાગમણિની દંતકથાઓ તો આપણે સૌએ સાંભળી છે, કે નાગ પોતાની ફેણમાંથી રાત્રે એને બાહાર કાઢે છે એટલે એના પ્રકાશથી દોરાઈ આવેલાં દેડકાં, ઉંદર ને બીજાં જીવજંતથી પોતે પેટ ભરી શકે પેટ ભરાઈ રહ્યા પછી તે પાછો મણિને પોતાની ફેણમાં સંતાડી દે છે ને દરમાં જતો રહે છે. સાપ અતિશય ગુસ્સે થાય ત્યારે આ મણિ પીગળીને ઝેર બની જાય છે એમ કહેવાય છે, એટલે એ મણિ મેળવો બહુ મુશ્કેલ મનાય છે. પણ મુંબાઈથી દક્ષિણે ૨૦૦ માઇલ દૂર પૂનાના પ્રદેશમાં એક જમીનદારને આવો એક મણિ પ્રાપ્ત કરવામાં સફળતા મળી છે એનામાં સાપના ડંખનું ઝેર ઉતારવાનો ગુણ છે. ડંખ ઉપર મુકવાથી તે ચોંટી જાય છે ને બધું ઝેર ચુસી લીધા પછી એની મેળે પડી જાય છે. પછી એને ગાયના દુધ વડે ધોઇ નાખવામાં આવે છે. આ દુધ ઝેરી હોવાથી એને ઘાસ તથા લાકડાના વેર સાથે મેળવી બાળી નાખવામાં આવે છે.

બંગાળાની ધારાસભાના એક સભ્ય મિ. એચ. ડબ્લ્યુ. બી. મોરેનો પાસે એક અદ્‌ભુત માણેક છે. એ ઝળહળતા લાલ માણેકના મધ્યભાગમાં સફેદ કપડાં ને સફેદ પાઘડી પહેરેલા એક માણસની આકૃતિ દેખાય છે. માણેકમાં એ આકૃતિ ક્યાંથી આવી એ કોયડો ગજ-મોતીના જેટલો જ ગહન છે.

બ્રહ્મદેશના રાજા થીબો પાસે માણેકનાં અદ્‌ભુત એરિંગની એક જોડ હતી. આ માણેકનાં પડ નીચે ખીલેલાં કમળો દેખાતાં. એમાં લોહીનું ઝેર ચુસવાનો ગુણ હતો એમ કહેવાય છે. રાજાએ પોતાની અંત ઘડી સુધી એ પહેર્યાં. મરતી વખતે એના એક વફાદાર નોકરને આપ્યાં; પણ તે પછી એને વિષે કશું વધારે જાણવામાં આવ્યું નથી.

બુંદીના મહારાજા પાસે એક ખુબ ઘેરા લીલા રંગનો નીલમનો પ્યાલો છે. એમાં પાણી ભરી ત્રણ કલાક તડકામાં મુકયા પછી પીવાથી ચામડીના રોગો મટી જાય છે. આપણા જ ઇલાકામાં એક અમીર પાસે ખરલદસ્તો છે તે અખંડ નીલમમાંથી બનાવવામાં આવ્યા છે. તેમાં ઘુંટેલી દવાઓ કમળા તથા પાંડુરોગ પર આપવામાં આવે છે. (ક્રૉનિકલ)

ઓરિસ્સાએ ગુમાવેલું રત્ન

પંડિત ગોપબંધુ દાસના સ્વર્ગવાસથી હિંદુસ્તાને અને વિશેષ કરીને ઉત્કલે એક સાચો ને શુદ્ધ સેવક ખોયો છે. એ ઓરિસ્સાનું એક રત્ન હતા. શ્રી અમૃતલાલ ઠક્કર જ્યારે દસ વર્ષ પહેલાં ઉત્કલમાં પડેલા દુષ્કાળ વખતે મદદ કરવા ગયા હતા ત્યારે તે મને ગોપબંધુ બાબુનાં ચારિત્ર, અથાગ ઉદ્યમ અને લોક પ્રત્યેના પ્રેમ વિષે વખતોવખત લખતા. અસહકારના યુગમાં ગોપબંધુ બાબુ ધારાસભાના સભ્ય હતા અને વકીલાત કરતા. વકીલાતમાંથી ધન એકઠું કરવાને બદલે તેમણે સાખીગોપાલમાં એક નિશાળ સ્થાપી. એ લોકપ્રિય હતી; પણ સરકારની સાથે સંબંધ રાખનારી હતી. અસહકારનું તત્ત્વ તેઓ બરાબર સમજ્યા ને સરકાર સાથેનો સંબંધ છોડયો. વકીલાત છોડી સાવ ગરીબી ધારણ કરી. ધારાસભા પણ છોડી. આ બેનો ત્યાગ તેમને સારુ ભારે નહોતો, પણ મિત્રોની ચેતવણીની દરકાર કર્યા વિના પોતાની વહાલામાં વહાલી વસ્તુ પેલી સત્યબાદી નિશાળને સરકારી સંબંધમાંથી લઇને તેની હસ્તીને જ જોખમમાં મુકવી, એ ત્યાગ બહુ ભારે હતો. એમ છતાં એમણે કોઇ દિવસ પોતાના એ કાર્યને વિષે પશ્ચાત્તાપ કર્યો હોય એવું હું જાણતો નથી. એક વખત જ્યારે નિશાળમાંથી લગભગ વિદ્યાર્થીઓ ખાલી થઈ ગયા હતા ત્યારે મિત્રોના દબાણથી તેમને નબળાઇ આવી ગઇ હતી સરકારમાં નિશાળને ફરી જોડવાની અરજી કરી. પણ જ્યારે સરકારે અણછાજતી શરત કરી ત્યારે તેમણે તરત અરજી કરવાની નબળાઇને સારુ પશ્ચાત્તાપ કર્યો, અને સરકારે શરતો કરી પોતાની અયોગ્યતા સિદ્ધ કરીને ગોપબંધુ બાબુને અયોગ્ય સંબંધમાંથી બચાવી લીધા, તેને સારૂ તેમણે પ્રભુનો પાડ માન્યો. સરળ અને શુદ્ધ હૃદયના માણસોની નબળાઇ પણ કેટલીક વેળા સબળાઇ રૂપે જોવામાં આવે છે. એવું ગોપબંધુ બાબુની આ નબળાઇ વિષે લાગ્યું. . . . ગયે વર્ષે ઉત્કલના ભ્રમણમાં મને તેઓ સાખીગોપાલ લઇ ગયા ત્યારે ત્યાં એક સુંદર કુંજમાં આવેલી એ નિશાળનાં મોટાં મકાનોને ખંડેર જોઇ મને દુઃખ થયું: પણ ગોપબંધુ બાબુને કોઇ પ્રકારની ગ્લાનિ હતી એમ મેં ન જોયું. તેમણે છેલ્લાં ચાર વર્ષમા ઉત્કલની કંગાળ સ્થિતિ મટાડવામાં ખાદીની ભારે કિંમત ઓળખી લીધી હતી. તેઓ ખાદીનું કામ કરી રહ્યા હતા, અને તેમાં ઘણી વૃદ્ધિ કરવાની મસલત મારી સાથે ચલાવી રહ્યા હતા. ગોપબંધુ બાબુ લાલાજીના સેવામંડળમાં જોડાયા હતા અને તેમાં તે ઉપપ્રમુખ

હતા. ગોપબંધુ બાબુનું કામ ઉત્કલમાં સ્વયંસેવકો ઉઠાવી લેશે એવી આપણે આશા રાખીએ. —મો. ક. ગાંધી (નવજીવન)

યૂરોપનું બળ

એવી ગણતરી થઇ છે કે યૂરોપના ઉત્તર મહાસમુદ્રની આસપાસના દેશો (જર્મની, ફ્રાન્સ, ઇંગ્લંડ વગેરે) અને દુનિયા પર બીજે ઠેકાણે વસેલી એમના શાખાઓ (અમેરિકા, ઑસ્ટ્રેલિયા વગેરે)માં વસતા મૂળ યૂરોપના એ વતનીઓ આજે (૧) આખી દુનિયાના સમગ્ર ધનના ૩/૪ ભાગના ધણી છે; (૨) પૃથ્વી પરના સર્વ સમુદ્રોમાં ફરતાં વહાણોના ૧૧/૧૨ના માલિક છે; (૩) જગત આખાનાં કારખાનાંઓમાં બનતી ચીજોનો ૯/૧૦ તેઓ બનાવે છે; (૪) ભૂમંડળની વસવાલાયક જમીનના ૨/૩ ભાગ ઉપર એમની સત્તા ચાલે છે! (વસન્ત)

વિજેતા હિંદી ખેલાડીઓ

ઑસ્ટ્રિયાના	૦	ગોલ	સામે	હિંદીઓના	૬	ગોલ
બેલ્જિયમના	૦	,,	,,	,,	૯	,,
ડેન્માર્કના	૦	,,	,,	,,	૫	,,
સ્વિટ્ઝર્લૅંડના	૦	,,	,,	,,	૬	,,
હોલંડના	૦	,,	,,	,,	૩	,,

ઉપલું પરિણામ હમણાં જ યૂરોપ આખામાં વિજયનો સપાટો બોલાવી આવેલી હિંદી હૉકી ટીમનું છે. જગતભરના હૉકી ખેલાડીઓમાં એ ટોળી શ્રેષ્ઠ પુરવાર થઈ છે. તેણે યૂરોપના સર્વ દેશોની સર્વોત્તમ ટોળીઓને હરાવી છે; ઇંગ્લંડ, અમેરિકા અને બ્રિટિશ સંસ્થાનોના ચુનંદા ખેલાડીઓને તેણે મહાત કર્યા છે અને હોલંડના છેલ્લી ઓલિંપિક રમતોની હરીફાઇમાં વિજયી નીવડી ચક્રવર્તિત્વ પ્રાપ્ત કર્યું છે.

જગતના કોઇ પણ દેશની સામે કોઈપણ બાબતમાં ઉતરવાની—બલ્કે વિજયી નીવડવાની હિંદીઓમાં તાકાત છે એ આ પહેલાં પણ અનેકવાર હિંદીઓએ સાબિત કર્યું છે. શરીરબળમાં હિંદીઓને ઉતરતા માનતા પરદેશીઓને જગત-વિજેતા ગામાએ કુસ્તીમાં જવાબ આપી દીધો હતો; આજે આ હૉકીના ખેલાડીઓ ઉત્તર આપે છે. તેમના આ વિજયથી પ્રત્યેક હિંદીનું હૈયું ગૌરવથી ફુલે એ સ્વાભાવિક છે.

અણુનમ બારડોલી

અનેક સંકટો સહન કરતું બારડોલી હજુ અણુનમ ઉભું છે. એની દ્રઢતા દિન પર દિન વધતી જ જાય છે; સાથે સાથે દેશભરમાંથી એના પ્રત્યેની સહાનુભૂતિ અને સહાય પણ વધતાં જ જાય છે: એના ફાળામાં બે લાખ ઉપરાંત રૂપિયા ભરાઇ ગયા છે. પ્રાંતના નેતાઓ એના પ્રશ્ન પાછળ ચીવટથી મંડયા છે. શ્રી કનૈયાલાલ મુનશીએ ધારાસભામાંથી એને કારણે રાજીનામું આપ્યું છે અને એમના પ્રમુખપણા નીચે એક લોકનિયુક્ત તપાસસમિતિ એના અન્યાયની તપાસ ચલાવી રહી છે. બારડોલીની લડત નજરે જોઇ શ્રી મુનશીએ કાઢેલા ઉદ્ગારોમાંના થોડા આ નીચે ઉતારીએ છીએ:

"આખો બારડોલી તાલુકો આજે જાણે એક વ્યક્તિ જેવો બની ગયો છે. શું સ્ત્રી શું પુરુષ, શું હિંદુ શું મુસલમાન, શું નાના શું મોટા, સૌકોઈ એક વિરાટ સ્વરૂપનાં જાણે અંગ છે. અઠ્ઠાશી હજાર માનવીઓનું એ વિરાટ સ્વરૂપ બનેલું છે. ને એ અઠ્ઠાશી હજાર માનવીઓ કેવળ એક રાગથી એક સ્વરૂપની પેઠે એક જ માનસથી વર્તે છે. તાલુકામાં આજે સંગઠનનો અને આત્મભોગનો જે જુસ્સો જોવામાં આવે છે એ અદ્ભુત નહિ તો ભવ્ય તો છે જ. લાખોની મિલકત લોકોએ હસતે મોઢે અને સ્વેચ્છાથી જતી કરી, પરંતુ પોતે લીધેલી પ્રતિજ્ઞામાંથી ડગવાની ના પાડી છે. સંગઠન વિનાના અને ઢીલા સ્વભાવના લોકો માટે આ જેવીતેવી સિદ્ધિ નથી. . . . ભાવી ગુજરાતનાં અજબ સ્વપ્નાં મેં સેવ્યાં છે. ગુજરાત-નાં સંતાનો વીર ને વીરાંગના બને એવી આકાંક્ષા મેં સેવ્યા કરી છે ને એ સ્વપ્નાંને અમલમાં મુકવાને નિર્બળ એવો હું માત્ર શાબ્દિક રૂપ આપી તેનું સાહિત્ય સરજીને બેસી રહ્યો હતો; પણ આજે એ સ્વપ્નાંને સાક્ષાત થતાં હું જોઇ રહ્યો છું. . . . સત્તાના ગડગડાટો સાંભળીને ભવિષ્યમાં લોકો હવે નહિ થથરે; કારણ બારડોલીએ બતાવ્યું છે કે ગામડિયાઓ પોતે ગરીબ ને લાચાર દશામાં હોય તોપણ પોતાના હક્કો માટે ખડા થઈ શકે છે ને તે ખાતર હિમ્મતપૂર્વક મોતની મિત્રતા સાધી શકે છે. આ દૃષ્ટિએ જોતાં બારડોલી એ રાષ્ટ્રીય તીર્થધામ છે, જેની યાત્રા ગમે તેવા સંશયાત્માઓને પણ લાભકારી છે. . . . જે ગુજરાતને આખા હિંદમાં રાજકારણી બાબતોમાં કંઇ સ્થાન જ નહોતું, તે આજે હિંદને પાઠ શીખવે છે; આજે આખા હિંદના મહાપુરુષો બારડોલીને અને તેને પડખે ઉભેલા ગુજરાતને જોઇને ચકિત થાય છે. અને દસ વરસ રહીને જ્યારે હિંદની પુનર્ઘટના થશે ત્યારે હિંદના સૌ પ્રાંતોમાં ગુજરાત પોતાના અપૂર્વ વ્યક્તિત્વ વડે સ્વસ્થ, આત્મનિર્ણિત, સ્વસંપૂર્ણ બની પોતાની સંસ્કાર સમૃદ્ધિ અને પોતાના ગૌરવને સ્થાપિત કરશે." —કનૈયાલાલ મુનશી

બાળક કોઈપણ વસ્તુને મોંમાં કેમ મુકે છે?

જન્મતી વખતે આપણી બધી ઇન્દ્રિયો સરખી વિકસિત હોતી નથી. કેટલાકને તો મોટપણે પણ બધી ઇન્દ્રિયોનો વિકાસ સરખો નથી હોતો. બહુ જ તીક્ષ્ણ નજરવાળો માણસ ઘણીવાર બીજી કોઇ ઇન્દ્રિયમાં ખામીવાળો હોય છે. નવા જન્મેલા બાળકને જીભની ઇન્દ્રિય સૌથી વધારે તીવ્ર હોય છે, ને કોઇપણ નવી વસ્તુની પરીક્ષા માટે એ મોંનો ઉપયોગ કરે છે. જીવનને માટે ખોરાક લેવાનું કુદરતી ભાન પણ આનું એક કારણ હોય.

લીંબડીના ઠાકોર સાહેબે ત્યાંની શાળાઓમાં પાંચમા, છઠ્ઠા અને સાતમા ધોરણમાં ખેતીવાડીનો ફરજીયાત અભ્યાસ દાખલ કરવાનો હુકમ બહાર-પાડયો છે.

જાતિના અભિમાનને વશ થઇ અશ્વત્થામાએ મહાવીર કર્ણને સુતપુત્ર કહીને તિરસ્કાર્યો હતો ત્યારે કર્ણે કહ્યું હતું કે; 'દૈવાયત્તં કુલે જન્મમ્, મમાયત્તં હિ પૌરુષમ્' ઉચ્ચ કુળમાં જન્મ થવો એ તો દૈવના હાથમાં છે પણ પુરુષાર્થ તો મારા પોતાના જ હાથમાં છે.

સરખા શબ્દો

ખાતર-જમીનમાં નાખવાનું;

ખાતર-ચોર પાડે તે; ખાતર=માટે;

ખાતર-ચાકરીબરદાસ કરવી તે.

ડુંગળીનો રસ ચોપડવાથી છરીચપ્પુની ધાર પર ચડેલો કાટ ઉખડી જાય છે.

કપડા પરનો રંગ કાચો છે કે પાકો તે જાણવા કપડાનો છેડો ભીનો કરી ચોક્ખા સફેદ કાગળ પર ઘસજો. જરા યે ડાઘ ન પડે તો રંગ પાકો જાણજો.

કોલસા અંધારામાં રાખવા ફાયદાકારક છે. તડકાને લીધે એમાં ચીરાડો પડવાથી એ જલદી બળી જાય છે.

૧ થી ૯ સુધીનો દરેક આંકડો એકેક વાર વાપરીને તથા + અને – બે જ નિશાનીઓ વાપરીને જવાબ ૧૦૦ લાવી દો. આખા હિસાબમાં ક્યાં ય અપૂર્ણાંક ન આવવા જોઇએ. ઉત્તર આવતે અંકે.



કસરતનું આ નવું યંત્ર પગ ને પીઠના સ્નાયુઓનાં વિકાસને માટે ઉત્તમ છે. પગ રાખવાની સરકણી પાવડીઓને સંબંધે ખુરસીના પાછલા ભાગમાં જુદાં-જુદાં વજન લટકાવવામાં આવે છે, જે કસરત કરનારની શક્તિના પ્રમાણમાં વધતાં ઓછાં કરી શકાય છે.

ઝાડ કેમ ઉગે છે એ જાણવું છે? કાચની એક બરણી લઇ અંદરની બાજુએ આસપાસ સફેદ બ્લૉટિંગ પેપર ગોઠવો. પછી બરણીને ભીના ભુસા કે માટીથી ભરી દો. આ બરણીમાં કાચ અને બ્લૉટિંગ વચ્ચે અનાજનાં બીયાં (વાલ વટાણા મગ વગેરે) મુકીને એકાદ દિવસ રાખશો, એટલે તેમાં ઉગવા માટે થતો દરેક ફેરફાર જોઈ શકશો. બરણીને બહુ અજવાળામાં રાખવી નહિ.

પીળા બુટ ઉપર પડેલા ડાઘ કાઢવા માટે બ્રશથી ધુળ ને કચરો કાઢી નાખી પેટ્રોલમાં બોળેલો કપડાનો કટકો ઘસવો. પછી હમેશાની રીતે પૉલિશ કરી નાખવા.

૨૧મી જુલાઇ: પહેલી તથા આઠમી હિંદી મહાસભાના પ્રમુખ વ્યોમેશચંદ્ર બૅનરજીની અવસાનતિથિ. ૨૩મી જુલાઇ: લોકમાન્ય તિલકની જન્મતિથિ.

વરસાદમાં પહેર્યા પછી અક્કડ થઈ ગએલા જોડાને ગરમ પાણીએ ધોઈ અંદરના ભાગમાં આછું એરંડિયું ચોપડવું.

હૃદયમાં લોહી દર કલાકે સાત માઇલની ઝડપથી આવજા કરે છે.

જમતાં પહેલાં તરત કે જમ્યા પછી તરત કસરત કરવી નુકસાનકારક છે. એથી પાચનક્રિયાને ખલેલ પહોંચે છે.

નકામા કાગળના ઝીણા કટકા કરી એકબે કલાક પાણીમાં પલાળી મુકો. પછી એક પ્યાલાની બહારની બાજુ આ કટકા વડે બરાબર ઢાંકી દો. તે પર શાહી ચોપડી ફરીથી કટકા મુકો. આમ પાંચ છ પડ કરો. સુકાઇ ગયા પછી અંદરનો પ્યાલો ખેંચી લો. કાગળના પ્યાલાની ઉપરની કોર સરખી કાતરી, ઉપર રંગ કે ચિત્ર કરવાથી પ્યાલો સુંદર દેખાશે.

રેશમ કે ઉનના કપડા પર પડેલા ચા-કૉફીના ડાઘ પર ચોક્ખું ગ્લિસરિન ઘસી જોજો. ગ્લિસરિન વધુ જગ્યામાં ફેલાતું અટકાવવા નીચે થોડું રૂ કે કપડાના કટકા રાખવા. ડાઘ નીકળી ગયે તે ભાગ પાણીથી સાફ કરી નાખવો.

હાથીની સાઠમારી

